
શતાબ્દી પ્રકાશ-માળા

સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા સમન્વિત

# સ્વામિનારાયણ પ્રકાશ

વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/-
મે-જૂન, ૨૦૨૧, સંયુક્ત અંક



## આ છે બ્રાહ્મી સ્થિતિ...

**૫૦૦૦ વર્ષ પહેલાં
ભગવાન શ્રીકૃષ્ણે ઉચ્ચારેલી વાણી
જ્યારે નજરે દેખાય છે...**










## તાઉતે વાવાઝોડામાં અસરગ્રસ્તોની સેવામાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા

તાજેતરમાં ગુજરાતમાં ૧૬૦ કિ.મી.ના વેગ સાથે ત્રાટકેલ તાઉતે વાવાઝોડામાં ખૂબ તારાજી થઈ. તેમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા અસરગ્રસ્તોની સેવામાં તાત્કાલિક ધોરણે રાહતકાર્ય હાથ ધરવામાં આવ્યું. મહુવા, જામનગર, રાજકોટ, ભાવનગર, ગઢડા, અમદાવાદ વગેરે ખાતેનાં બી.એ.પી.એસ. મંદિરો દ્વારા શીઘ્રતાથી રાહત સામગ્રી તૈયાર કરવામાં આવી અને અસરગ્રસ્તોનાં ઘર સુધી સ્વયંસેવકો દ્વારા પહોંચાડવામાં આવી. તાત્કાલિક ધોરણે ૧૪,૫૦૦ લોકોને ગરમ ભોજન અને ફૂડપેકેટ પહોંચાડવામાં આવ્યાં અને હજારો લોકોનાં ઘરે રાશન સામગ્રી પહોંચાડવામાં આવી. આ સેવાકાર્યની કેટલીક છબિસ્મૃતિઓ... (વિશેષ અહેવાલ આવતા અંકે)


શતાબ્દી પ્રકાશમાળા

સંપાદકીય



# સુખ-દુઃખનાં પલ્લાં વચ્ચે સ્થિરતા મેળવવાની કળા

### બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની બ્રાહ્મી સ્થિતિને વંદના...



માણસમાત્રને જોઈએ છે આનંદ, સુખ, શાંતિ. જીવન આનંદમય, સુખમય, શાંતિમય હોય તેવું સૌ કોઈ ઇચ્છે છે. પરંતુ એવું બનતું નથી.

સુખ-દુઃખના પ્રવાહો સૌ કોઈને તાણી જાય છે. ક્ષણિક સુખ અને પાછળ દુઃખની સવારી, કે થોડી-ઘણી શાંતિ પછી અશાંતિની સવારી અણધારી આવી પહોંચે છે.

શાંતિ-અશાંતિનું સતત ફરતું ચક્ર જીવનને રગદોળ્યા કરે છે.

એમાંય આજનો સમય ક્યારેય નહીં ધારેલો એવો વિકટ ચાલી રહ્યો છે.

સંજોગો રોજ નવા નવા દુઃખના કે નવી નવી સમસ્યાઓના સીમાડા દેખાડતા રહે છે.

પળે પળે મન ઉદ્વેગમાં રહે છે. ધારેલાં કાર્યો, ધંધા-પાણી, આવકનાં સાધનો અને પરિણામો હાથ-તાળી દઈ છટકી જાય છે.

કાલે શું થશે તેની ચિંતા આજના દિવસનાં સુખ-ચેન છીનવી લે છે.

ધન, દોલત, પદ, પ્રતિષ્ઠા, પરિવાર, મિત્રો અને બીજું બધું જ ગમે તેટલું હોવા છતાં ઓછું પડે છે - મનને શાંતિ આપવા માટે.

ટૂંકમાં, મનમાં એક મહાભારત નિરંતર ચાલે છે. કુરુક્ષેત્રના મેદાનના અર્જુન જેવી સ્થિતિ મનમાં રોજ પેદા થાય છે. મનમાં રોજ વિષાદયોગ રચાય છે. સગાં-વ્હાલાં પ્રત્યેની મમતામાં કે મનના માનેલા ધર્મોમાં અંદર બેઠેલો અર્જુન મૂંઝાય છે. ઘડીક લડી લેવાની વૃત્તિ, ઘડીક સંઘર્ષ સામે બાથ ભીડવાની હિંમત, તો ઘડીકમાં મેદાન છોડવાની વાત.

પણ પાંચ હજાર વર્ષ પહેલાં અર્જુનનું બળિયું પાસું એ હતું કે એની પાસે કૃષ્ણ હતા. આજે છ અબજની વસ્તીની અંદર મુંઝાઈને બેઠેલા અર્જુન પાસે કૃષ્ણ ક્યાં છે?

એનો જવાબ જડતો નથી એટલે, આત્મહત્યાઓ થાય છે.

વિશ્વમાં દર વર્ષે એવા મુંઝાઈ ગયેલા આઠ લાખ લોકો આત્મહત્યા કરે છે.

તે એવા દયનીય લોકો છે - જેમની પાસે રસ્તો હોવા છતાં રસ્તો જડતો નથી. બહાર ઝાકમઝોળ હોવા છતાં માંહ્યલી દુનિયા અંધારી બની છે.

દર વર્ષે એવા મૂંઝાયેલા દસ લાખ લોકો આક્રોશમાં ભાન ભૂલીને બીજાની હત્યા કરી બેસે છે.

ક્યાંય માર્ગ જડતો નથી આનંદ મેળવવાનો, એટલે એવા અબજો લોકો દરરોજ કરોડો લીટર દારૂના નશામાં લથડિયાં ખાય છે, અને કરોડો યુવાનો નશીલી દવાઓ કે ધૂમ્રપાન અને નિમ્ન સ્તરની બીભત્સતામાં ગૂલ થઈ જાય છે. અને અંતે પોતાનો અને બીજાનો સર્વનાશ નોતરે છે.

પારિવારિક કલહો પણ એવી મૂંઝવણનું જ પરિણામ બને છે. અને અસંખ્ય પરિવારોને મનની અશાંતિ છિન્નભિન્ન કરી નાંખે છે.

જીવનના બાગમાં પા પા પગલી કરતાં કુમળી કળી જેવાં બાળકોની કુમાશને પારિવારિક અશાંતિ મુરઝાવી દે છે.

આ બધી સમસ્યાઓ આજકાલની નથી, મનનું આ મહાભારત યુગોથી ચાલ્યા કરે છે અને મનમાં બેઠેલો અર્જુન યુગોથી મુંઝાય છે.

શું છે આનો ઈલાજ?

એનો ઈલાજ મેળવવા કૃષ્ણ પાસે જવું પડે. અર્જુનને કૃષ્ણ મળ્યા, મહાભારતના યુદ્ધમાં, કુરુક્ષેત્રના

> ‘કકડીને ભૂખ લાગી હોય ત્યારે સામે હીરા, માણેક ને સોનું મૂકવામાં આવે તો ભૂખ જાય ? ન જાય. પણ જો સૂકો રોટલો ને છાશ મળે તો એનાથી જ જાય. એમ આત્માની સામે બંગલા, મોટર તમામ ભૌતિક સાધનો મૂકો, તોય એને શાંતિ નહીં મળે. પણ સત્સંગ, ભજન-ભક્તિ કરશો તો જ આત્માને શાંતિ મળશે. કારણ કે આત્માનો ખોરાક આ છે.’
>
> – પ્રમુખસ્વામી મહારાજ

## ક્રમિકા


૩. શતાબ્દી પ્રકાશમાળા - સંપાદકીય – સાધુ અક્ષરવત્સલદાસ

૬. શતાબ્દી અનુભૂતિ - અજોડ વિશ્વકર્મા આધ્યાત્મિક સમાજના...

૭. શતાબ્દી સ્મૃતિ - આને કોણ પછાત કહે? આ તો વંદનીય છે...

૧૦. શતાબ્દી બોધકથા - ઉસે ક્યા સમજાના?

૧૨. આ છે બ્રાહ્મી સ્થિતિ (ભાગ-૧) – સાધુ ભદ્રેશદાસ

૨૨. આ છે બ્રાહ્મી સ્થિતિ (ભાગ-૨) – સાધુ ભદ્રેશદાસ

૩૧. સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા

૪૬. સિંહોલ ગામે મૂર્તિપ્રતિષ્ઠા

૪૮. પૂણે ખાતે સત્સંગદીક્ષા પરિસંવાદ

૪૯. યુ.કે. અને યુરોપના બી.એ.પી.એસ. સત્સંગનાં ૫૦ વર્ષની ઉજવણી

૫૧-૫૨. અન્ય સમાચાર

૫૪. અક્ષરવાસ

૬૨. બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા કોરોના-સેવા


મેદાનમાં મૂંઝાયેલા અર્જુનને કૃષ્ણે શાંતિની સાચી દિશા ચીંધી.

શ્રીકૃષ્ણ માર્ગ ચીંધે છે - ગમે તેવા સંજોગોમાં મનની સ્થિરતા કેળવવાનો. દરેક વખતે સંજોગો બદલવાનું આપણા હાથમાં નથી હોતું. પણ સંજોગો પ્રત્યેના આપણા વલણને બદલવાનું આપણા હાથમાં જ છે. આપણે અને આપણું મન. કુસ્તી આ બે વચ્ચે જ છે.

જીવનનો રસ્તો ખડબડિયો છે અને રહેવાનો. આપણે આપણી ચાલ બદલવી પડે કે જેથી હેલાં ન આવે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ ઘણી વખત ઊંટની સવારીનું ઉદાહરણ લડાવીને કહેતા. તેઓ કહેતાઃ ‘આ સંસાર ઊંટની સવારી જેવો છે. તમે ઊંટ પર સવારી કરો તો હેલાં આવે જ. જો બરાબર બેસતાં ન આવડે તો પડી જવાય. એટલે ઊંટ જેવી રીતે ચાલે એના તાલે તાલ આપણે પણ નમતાં અને હેલા ઝીલતાં શીખવું પડે. એમ આ સંસારમાં પણ સુખ-દુઃખના હેલા આવે, તેમાં તેને અનુરૂપ થઈ જવું પડે. નહીંતર ગબડી પડાય અને દુઃખી દુઃખી થઈ જવાય.’

આ હેલા ઝીલવાની કળા ભગવાન શ્રીકૃષ્ણ ભગવદ્‌ગીતામાં અર્જુનને શીખવે છે. પાંચ હજાર વર્ષ પહેલાંનું એ જ્ઞાન આજે પણ એટલું જ ઉપયોગી છે.

આપણા બધા વતી જાણે અર્જુન પાંચ હજાર વર્ષ પહેલાં પૂછે છેઃ સુખ-દુઃખમાં સમતા કેવી રીતે કેળવવી? જીવનનાં દ્વંદ્વોમાં મન કેવી રીતે સ્થિર રાખવું? જય-પરાજયની બંને સ્થિતિમાં મનને આનંદમય કેવી રીતે રાખવું? લાભ અને અલાભમાં મનમાં શાંતિ કેવી રીતે જાળવી રાખવી? આ બધા સંજોગોમાં જેની મતિ સ્થિર રહેતી હોય એવા મહાપુરુષ કેવા હોય? તે કેવી રીતે બોલે? તે કેવી રીતે વર્તે?

ભગવદ્‌ગીતાના દ્વિતીય અધ્યાયમાં ભગવાન શ્રીકૃષ્ણ તેનો ઉત્તર આપે છે - ૧૮ શ્લોકોમાં.

આ ૧૮ શ્લોકોમાં શ્રીકૃષ્ણ એમ કહેવા માંગે છે કે એવા સ્થિતપ્રજ્ઞ મહાપુરુષ આ પૃથ્વી પર આપણી વચ્ચે જ હોય છે. એમનું જીવન જોઈને, એમાંથી પ્રેરણા મેળવીને તમે તમારું જીવન ઘડો, તમે પણ મનની એવી સમતા કેળવી લો.

યુગે યુગે એવા સ્થિતપ્રજ્ઞ મહાપુરુષો આ ધરતીને શોભાવતા રહે છે. પોતાના જીવન દ્વારા અસંખ્ય લોકોને પ્રેરણાનું અમૃત પાય છે. કોઈ અપેક્ષા વિના, નિઃસ્વાર્થ ભાવે.

આપણા યુગે નીરખેલા એવા સ્થિતપ્રજ્ઞ પુરુષનું મુખારવિંદ લાખો લોકોનાં હૃદયમાં સૌને સતત પ્રેરણા આપી રહ્યું છે.

એમનું પવિત્ર નામ – પ્રમુખસ્વામી મહારાજ - સાંભળતાં જ લોકોનાં હૈયે હામ આવી જાય છે.

સમતા અને મમતાના એ મેરુ હતા. ભગવદ્‌ગીતાના એ અઢારેય શ્લોકોનું જીવતું, જાગતું, હાલતું, ચાલતું અને સૌની વચ્ચે રહેતું અજોડ ઉદાહરણ હતું. નિષ્કલંક અને નિર્દોષ, પરગજુ

અને પરોપકારી, પરમાર્થી અને સેવાર્થી ચરિત્ર હોવા છતાં, જીવનમાં સુખ-દુઃખ એમને પણ આવ્યાં. માન-અપમાનના હેલા પણ આવ્યા. કષ્ટોની કોઈએ ન જોઈ - અનુભવી હોય તેવી બધી જ બાબતો તેમના જીવનમાં પણ બની. અને શરીરના કુચ્ચેકુચા બોલાવી દેતી બીમારીઓ પણ છેલ્લી ઘડી સુધી પજવતી રહી. પરંતુ એ બધા વચ્ચે પ્રમુખસ્વામી મહારાજ હંમેશાં આનંદ, આનંદ અને આનંદ ભોગવતા રહ્યા, ચારે તરફ આનંદ, આનંદ અને આનંદ વહેંચતા રહ્યા. દુઃખ કે આપત્તિઓના તેમણે ક્યારેય રોદણાં ન રોયાં, કે ન બીજાને રોવાં દીધાં.

એકવાર એક ખૂબ મોટા તીર્થધામમાં સ્વામીશ્રી દર્શનાર્થે ગયા. તીર્થના કેટલાક અણસમજુ અગ્રણીઓના મનમાં કેટલીક ગેરસમજોને લીધે તેમને સ્વામીશ્રી પ્રત્યે દ્વેષ ઉત્પન્ન થયો હતો. સ્વામીશ્રી તીર્થમાં પ્રવેશ્યા કે તરત જ એ મોવડીઓએ તિરસ્કારભર્યા શબ્દો સાથે તેઓનું અસહ્ય અપમાન કર્યું અને કાઢી મૂક્યા. સ્વામીશ્રીના મુખારવિંદ પર કોઈ રોષ નહીં, કોઈ ક્ષોભ નહીં, કોઈ આક્રોશ નહીં...

ગણતરીના મહિનાઓ પછી એ અગ્રણીઓ વતી બે વ્યક્તિ સ્વામીશ્રીને મળવા આવી. પોતાની ખૂબ મોટી ભૂલ થઈ હોવાનું જણાવ્યું. આગ્રહપૂર્વક તીર્થમાં પધારવાનું આમંત્રણ પાઠવ્યું. સ્વામીશ્રીએ પણ સ્વીકાર્યું. સ્વામીશ્રી ત્યાં પધાર્યા પણ ખરા. એ જ મોવડીઓ ત્યાં હાજર હતા. ખૂબ ભાવથી તેમણે સત્કાર્યા, પૂજન કર્યું, સ્વામીશ્રીને વસ્ત્ર ઓઢાડ્યાં, આરતી ઉતારી અને પોતાની ગેરવર્તણૂંક બદલ પશ્ચાત્તાપ કર્યો, ક્ષમા માંગી...

સ્વામીશ્રીના ધીર-ગંભીર મુખારવિંદ પર માત્ર વાત્સલ્યસભર મંદ સ્મિત હતું. એ જ સ્મિત જે થોડા મહિનાઓ પૂર્વે આ જ તીર્થમાંથી અપમાનિત થઈને નીકળતી વખતે પણ હતું...

આવા બંને અંતિમો વચ્ચે પોતાની સમતુલા જાળવીને ચાલ્યા જતા સ્વામીશ્રી આવાં તો કેટકેટલાંય દ્વંદ્વો, એવી કેટકેટલી વિપરીતતાઓ વચ્ચેથી પસાર થયા છે!

એક પળે ગરીબમાં ગરીબ ગામડિયાને સ્નેહ આપતા... તો બીજી જ પળે કોઈ અમીરને સત્સંગ લાભ દેતા...

આજે આદિવાસીઓના કૂબાઓમાં વિચરણ કરતા... તો આવતી કાલે જ અમેરિકાવાસીઓના મહેલોમાં વિચરણ કરતા...

આજે વિરાટ જનમેદની વચ્ચે વચન આપતા... તો આવતીકાલે જ માંડ બે-પાંચ જણાની સભામાં એ જ જુસ્સાથી પ્રવચન આપતા...

આજે ગાદલાની સુંવાળી પથારી પર સૂતા... તો આવતીકાલે ખુલ્લા આભ નીચે ખેતરનાં ઢેફાં પર સૂતા...

૧૭,૦૦૦થીય વધુ ગામો અને અનેક દેશોનાં પાણી પી ચૂકેલા સ્વામીશ્રીએ ક્યારેય, કોઈ ગામમાં, કોઈ દેશમાં, કોઈનેય એમ કહ્યું નથીઃ 'મને આ નહીં ફાવે.'

**(અનુસંધાન પૃષ્ઠ ૫૦ પર)**

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥



गुणातीतोऽक्षरं ब्रह्म भगवान् पुरुषोत्तमः।
जनो जानन्निदं सत्यं, मुच्यते भवबन्धनात्॥

# સ્વામિનારાયણ પ્રકાશ

**સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા**

**વર્ષ : ૮૩, અંક : ૫-૬, મે-જૂન, ૨૦૨૧**

**સંસ્થાપકઃ** બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી

**પોષક :** બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

સન ૧૯૩૮, શરદપૂનમથી પ્રારંભાયેલું, દર માસની ૧લી તારીખે પ્રકાશિત થતું, શીલ, સંસ્કાર, ભક્તિ-ઉપાસનાની પુષ્ટિ કરતું સંપ્રદાયનું સૌથી જૂનું સામયિક 'સ્વામિનારાયણ પ્રકાશ' બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે. સન ૧૯૫૫થી સંસ્થાનું દર એકાંતર સોમવારે પ્રકાશિત થતું પાક્ષિક, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સ્વામી જ્ઞાનજીવનદાસજી દ્વારા સ્થાપિત 'સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા' ૪૫ વર્ષ બાદ ૨૦૦૧થી 'સ્વામિનારાયણ પ્રકાશ'માં સંમિલિત કરવામાં આવ્યું છે.

**પ્રકાશક** : સ્વામિનારાયણ અક્ષરપીઠ
**તંત્રી** : સાધુ સ્વયંપ્રકાશદાસ
**પરામર્શકો** : સાધુ ઈશ્વરચરણદાસ, સાધુ વિવેકસાગરદાસ
**સંપાદકો** : સાધુ અક્ષરજીવનદાસ, સાધુ અક્ષરવત્સલદાસ
**કલાનિર્દેશક** : સાધુ શ્રીજીસ્વરૂપદાસ
**વ્યવસ્થાપકઃ** સાધુ નિખિલેશદાસ

**મૂળ વાર્ષિક લવાજમ** : રૂા. ૧૯૦/-
**ઘટાડેલું લવાજમ** : રૂા. ૧૨૫/-
**પરદેશમાં લવાજમ** : £ ૧૫ (યુરોપ)
: $ ૨૫(યુ.એસ.એ.)

**લેખો અંગે પત્રવ્યવહારઃ**
**prakash@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' સંપાદન કાર્યાલય,**
સ્વામિનારાયણ અક્ષરપીઠ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

**લવાજમ અંગે પત્રવ્યવહારઃ**
**magazines@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' લવાજમ કાર્યાલય,**
**સ્વામિનારાયણ અક્ષરપીઠ, અમદાવાદ-૪.**

**Website:**
**www.baps.org, magazines.baps.org**

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી વર્ષે તેઓની પ્રેરક અનુભૂતિઓ...

# શતાબ્દી અનુભૂતિ

પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ

## પ્રમુખસ્વામી મહારાજઃ અજોડ વિશ્વકર્મા આધ્યાત્મિક સમાજના...



**સ્વામી શ્રી હરિનારાયણાનંદજી**
(મહામંત્રી, અખિલ ભારત સાધુ સમાજ, નવી દિલ્હી, પટના)

વિશ્વમાં ભોગવાદ વધી રહ્યો છે. તેના કારણે માણસ અસુર જેવો વ્યવહાર કરવા માંડ્યો છે. તેના નિયંત્રણ માટે એક માત્ર એવા આધ્યાત્મિક વિભૂતિના સ્વરૂપે મને પ્રમુખસ્વામી મહારાજ દેખાય છે. તેમણે અશાંત માનવજાતના લાખો લોકો અને યુવકોને આધ્યાત્મિક અને સામાજિક ચેતના જગાવવાની પ્રેરણા આપી છે. આજની પરિસ્થિતિમાં પોત પોતાનાં ક્ષેત્રોમાં અનેક મહાત્માઓ કામ કરી રહ્યા છે, પરંતુ વૈશ્વિક સ્તર પર એવું કાર્ય કરવાવાળી કે માર્ગદર્શન દેવાવાળી આધ્યાત્મિક વિભૂતિ, પ્રમુખસ્વામી મહારાજને બાદ કરતાં બીજી કોઈ વ્યક્તિ દેખાતી નથી.

છેલ્લાં ૬૦-૭૦ વર્ષોમાં એવી કોઈ આધ્યાત્મિક વિભૂતિ મેં જોઈ નથી, પરંતુ આજે પ્રમુખસ્વામી મહારાજ આપણી પાસે છે, જેમણે અશાંત માનવજાતને શાંતિનો સંદેશ આપ્યો છે, જેમણે ગરીબોને અને દુઃખી લોકોને હૃદયે લગાડ્યા છે, જેમણે શરાબ પીવાવાળા કે વ્યસન કરવાવાળા લાખો લોકોને જીવનની એક પવિત્ર ધારામાં બાંધ્યા છે.

તેમણે ઠેર ઠેર મંદિરો બાંધ્યાં, ૧,૦૦૦થી વધુ સુશિક્ષિત સંતો બનાવ્યા. પહેલાં ભગવાન સ્વામિનારાયણે ૫૦૦ સંતોને દીક્ષા આપી હતી, પરંતુ આ કળિયુગમાં ભારત અને વિશ્વની વર્તમાન ઊહાપોહ પરિસ્થિતિમાં આવા ૧૦૦૦થી વધુ વિરક્ત સંતો તૈયાર કરવા એ પ્રમુખસ્વામી મહારાજની સૌથી મોટી સફળતા છે. તેમના સેંકડો સંતો પણ લોકેષણા, વિત્તેષણા વગેરે તેમજ પદ-પ્રતિષ્ઠાથી મુક્ત સંતો છે. એટલું જ નહીં, એ સંતોની શક્તિને દેશની આધ્યાત્મિક-સામાજિક જાગૃતિ માટે પ્રયોજી છે, જે અમૃતસંજીવનીનું કામ કરે છે.

મેં પ્રમુખસ્વામી મહારાજને ખૂબ નિકટતાથી નીરખ્યા છે. ભારત સાધુ સમાજના અમદાવાદ મહાઅધિવેશનમાં તો તેઓનાં દિવ્ય દર્શને બધાને મોહિત કરી દીધા હતા. તેમનામાં સંગઠન શક્તિ તથા રચનાત્મક દૃષ્ટિ પણ બેજોડ છે. તેઓનું આકર્ષક મૃદુભાષી વ્યક્તિત્વ તેમજ સહજ અનુભૂતિ બધાને પોતાની તરફ ખેંચવામાં સમર્થ છે કારણ કે તેઓ ભગવાનને સંપૂર્ણ સમર્પિત મહાત્મા છે.

તેઓ ભારતની એક મહાન વિભૂતિ છે, જેમનું જીવન સમસ્ત માનવજાત માટે સમર્પિત છે. વિશ્વ નિર્માણના દ્યોતક છે. પ્રમુખસ્વામી મહારાજ અમારા સાધુ સમાજના વિશ્વકર્મા છે. હું ઠેર ઠેર જાઉં છું અને આ મહાપુરુષનો ખાસ ઉલ્લેખ કરું છું, એટલા માટે કે તેમનામાં દંભ નથી, ઘમંડ નથી, ક્રોધ નથી. તેમને આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર છે. મારી દૃષ્ટિએ તો (**અનુસંધાન પૃષ્ઠ ૭૨ પર**)

શતાબ્દી સ્મૃતિ


100 પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ


## આને કોણ પછાત કહે? આ તો વંદનીય છે...

સન ૧૯૭૯નું ચોમાસું બેઠું હતું. પ્રમુખસ્વામી મહારાજ દક્ષિણ ગુજરાતનાં પછાત ગામડાંઓમાં ઘૂમી રહ્યા હતા. મહુવા તાલુકાનાં આદિવાસી ગામો ઘૂમી રહેલા સ્વામીશ્રી તા. ૨૨/૬ના રોજ વેલણપુર, ગોપળા વગેરે ગામોમાં વિચર્યા. ઝરમર ઝરમર વરસાદ વરસતો હોવા છતાં એકેએક ઝૂંપડે તેઓ ચાલતાં-ચાલતાં નીચા વળી-વળીને ગયા. કો'ક કો'ક ખોરડામાં તો કોથળા પર પલાંઠી વાળીને બેસવાનું થતું. તેમાં પણ સ્વામીશ્રી ઉત્સાહથી સૌનાં વ્યસન મુકાવતા, પૂજા-પાઠ શિખવાડતા, સભા ભરવાના નિયમ આપતા.

આવા નિઃસ્વાર્થભાવથી લોકકલ્યાણ માટે જાતને ઘસી નાંખનારા હતા સ્વામીશ્રી !

આ પરોપકારના પંથે જ પ્રયાણ કરતાં તેઓ ગોપળાથી દેદવાસણ જવા નીકળ્યા ત્યારે આ અરસામાં અહીં રસ્તાઓનાં કામકાજ ચાલુ હોવાથી માટી, કપચી, પથરા વગેરે જ્યાં-ત્યાં





અને જેમ-તેમ પડેલું હતું. તેમાં ગાડી લઈ જતાં પંક્ચર પડવાનો પૂરો ભય લાગે. જો ચાલવા માંડે તો દૂર દૂરનાં ઝૂંપડાંઓ સુધી સમયસર પહોંચાય નહીં. વળી, વરસાદી વાતાવરણ જામ્યું હોવાથી મુશ્કેલી ઘણી વધી હતી. તેથી નારાયણપ્રસાદદાસ સ્વામીએ કહ્યું: 'બાપા! આપણે રહેવા દઈએ. અહીં તો બહુ તકલીફ પડશે.'

પરંતુ આ પ્રસ્તાવ ફગાવતાં સ્વામીશ્રી બોલ્યા: 'ચાલવામાં ને વરસાદમાં હું કાંઈ ઘસાઈ નહીં જાઉં! અહીં હરિભક્તો આવી વિકટ પરિસ્થિતિમાં રહે છે. તમે બધા સંતો મચ્છર, માંકડ, ચાંચડ, ખાવા-પીવા-સૂવાની મુશ્કેલીમાં અહીં ફરો છો, તો મને શું વાંધો છે?'

આ વલણ સાથે તકલીફો વેઠતાં સ્વામીશ્રી દેદવાસણ પહોંચ્યા. આ ગામમાં તેઓની પ્રથમ વારની જ પધરામણીનો આનંદ તો સૌને હતો જ, પરંતુ પોતાના જીવન-ઉદ્ધારકને વધાવવાનો ઉમંગ સવિશેષ હતો.

અહીં સ્વામીશ્રીને આવકારવા ઊભેલા ગ્રામજનો એક સમયે કાચું માંસ ખાનારા હતા. છોકરાં ખાવાનું માંગે તો તેને દારૂ પાઈને ઘેનમાં ઢાળી દેતા. પરંતુ તેઓ સ્વામીશ્રીના સત્સંગના યોગે તમામ દૂષણોથી મુક્ત થયેલા. દારૂ, માંસ, તમાકુ, લસણ, ડુંગળી, હિંગ તો શું, પણ દ્વિશતાબ્દી નિમિત્તે તેઓએ ચા પણ કેફી ગણીને છોડી દીધી હતી! મહોલ્લાની દીકરીઓ પણ સાસરિયે સત્સંગ લઈને જાય અને ત્યાં સુધારો લાવે. ઘરમાં રોજ સવાર-સાંજ આરતીની ઘંટડીઓ રણકે, થાળનાં ગાન ગુંજે.

સંસ્કાર-સૌરભથી મઘમઘતાં આ સૌનાં ગાર લીંપેલાં અને છાજ ઢાંકેલાં ઝૂંપડાંઓમાં સ્વામીશ્રીએ પ્રેમથી પગલાં પાડ્યાં. દલુભાઈને તો પોતાના અંધારિયા ઝૂંપડામાં સ્વામીશ્રીને ક્યાં બેસાડવા તેની જ મૂંઝવણ હતી. તેથી તેઓએ ભેંસની ગમાણ સાફ કરીને તેની પાળી પર સ્વામીશ્રીને બેસવા માટે આસન બનાવેલું! ભેંસને ખીલે બાંધવાનાં વાંકાચૂકાં લાકડાં પર બે પથ્થરો ટેકવીને સંતોને તેની ઉપર બેસાડ્યા.

પધરામણીના વિધિ બાદ આ આદિવાસી ભાઈઓની પરિવર્તનની ગાથાઓ સાંભળી ખૂબ રાજીપો બતાવતાં સ્વામીશ્રી સૌને ભાવથી ભેટ્યા! તેઓની આ સમતા-મમતાને નિહાળવા માટે વાદળ પાછળથી મોઢું બહાર કાઢીને આકાશમાં હાજર થઈ ગયેલા સૂર્યદેવ પોતાનાં શત-સહસ્ર કિરણોથી સ્વામીશ્રીને નવરાવી રહ્યા. તે સમયે આદિવાસી ભક્તોને બિરદાવતાં સ્વામીશ્રી બોલ્યા: 'ભલે ગરીબ છે, પણ દર્શનથી શાંતિ થાય એવા છે. આમ પછાત કહેવાય પણ આને કોણ પછાત કહે? સત્સંગી થયા, પવિત્ર થયા. આવાં ઘરોમાં-ઝૂંપડાંઓમાં એમની ભક્તિનાં દર્શન થઈ ગયાં!'

આટલું કહી સ્વગત બોલતાં હોય તેમ તેઓ ઉચ્ચર્યા:

'શ્રીજીમહારાજના વખતમાં ૫૦૦ પરમહંસો આવા ગરીબોની વચ્ચે જ રહ્યા છે.'

પોતાની ઝૂંપડીએ પધારેલા પોતાના આત્મીય સ્વજન સમા સ્વામીશ્રીને વધાવતા આ ગરીબ આદિવાસીઓનાં નેત્રો પણ સ્નેહ-જળથી સજળ થઈ ગયાં.

સ્વામીશ્રીએ વહેવડાવેલી પરિવર્તનની ગંગાથી શુદ્ધ થયેલા કંઈક આદિવાસી ભાઈઓ સ્વામીશ્રીના પ્રતાપે એવા સમર્થ થયેલા કે ઊજળી કોમોમાં પણ તેમણે સત્સંગનાં હીર-નૂર ઢોળેલાં! તે મુજબ દેદવાસણના એક વનવાસીએ પડખેના ગામ ધોળીકુઈમાં રહેતા નગીનભાઈને સત્સંગનો રંગ લગાડેલો. મહારાજ-સ્વામી અને સ્વામીશ્રીની ચિત્રપ્રતિમાઓ પણ તેઓના ઘરમાં પધરાવી દીધેલી. એ આદિવાસીએ નગીનભાઈને કંઠી આપતાં કહેલું : 'એક દિવસ બાપા પ્રમુખસ્વામી મહારાજ જરૂરથી અહીં આવશે ને તમને કંઠી પહેરાવશે.'

એ આદિવાસીના હૃદયની પ્રતીતિનો એવો રણકાર હતો કે બસ! ત્યારથી નગીનભાઈ સ્વામીશ્રીનાં દર્શન ઝંખી રહેલા. પરંતુ વિધિની વક્રતા એવી થઈ કે તેઓ સ્વામીશ્રીનાં દર્શન પામે એ પહેલાં જ અંધ બની ગયા! જો કે, એક આદિવાસીએ આ ઊજળા વર્ણના આદમીમાં સત્સંગ એવો જડબેસલાક ધરબેલો કે પ્રજ્ઞાચક્ષુ થવા છતાં નગીનભાઈને ન તો ભગવાનમાં વિશ્વાસ તૂટ્યો કે ન તો તેઓની તાલાવેલી ઘટી!! તેઓ છબીમાં નીરખેલા સ્વામીશ્રીને અખંડ સંભારતાં તેઓના દિવ્ય સ્પર્શને પામવાનો ઓરતો સેવી રહ્યા.

પોતાના માટે તલસી રહેલા આ ભક્તનો મનોરથ પૂરો કરવા સ્વામીશ્રીએ આજે તા. ૨૨-૬-૧૯૭૯ના રોજ દેદવાસણથી ધોળીકુઈની વાટ પકડી. પરંતુ એ રસ્તો નીકળ્યો ટાયરતોડ; છતાં સ્વામીશ્રી વરસતા વરસાદમાં પથ્થર અને ગારા પર પગ માંડતાં નગીનભાઈના ઘેર પહોંચ્યા. આ ભક્તે અંતરની આંખે સ્વામીશ્રીનાં ચરણ પખાળ્યાં!


એક આદિવાસી ભક્તના બોલને સત્ય કરતા સ્વામીશ્રીએ આ અંધ ભક્ત સહિત તેઓનાં કુટુંબીઓને કંઠી પહેરાવી વિદાય લીધી, ત્યારે સૌનાં હૈયાં તેઓની આરતી ઉતારતાં ગાઈ રહ્યાં : 'ભક્તવચ્છલ પ્રભુ ગરીબનિવાજ...'

(બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના વિસ્તૃત જીવનચરિત્ર, ભાગ-૪માંથી સંકલિત) ◆



# શતાબ્દી બોધકથા

પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ



## જો સમજતા હૈ, ઉસે ક્યા સમજાના?

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ હળવી શૈલી અને સરળ શબ્દોમાં એવી રીતે ઉપદેશગંગા વહાવતા કે જેમાં સહજતાથી સૌને બોધ મળી જતો. અહીં પ્રસ્તુત છે એવી એમની એક પ્રાસાદિક બોધકથા. આ બોધકથા તેઓ લડાવીને એવી રીતે રજૂ કરતા કે સૌ હસી હસીને બેવડ વળી જતા. સ્વામીશ્રીની શતાબ્દીના પર્વે શતાબ્દી પ્રકાશ-માળામાં તેઓની બોધકથા માણીએ...

એક ભાઈ સંસારથી કંટાળી ઘર છોડીને નીકળી ગયેલા. હવે શું કરવું? કંઈ ખબર પડતી નહોતી. કોઈક સાધુ-બાવાને જોઈને છેવટે ભગવાં પહેરી લીધા ને સાધુ-મહાત્મા બની ગયા.

એણે વેશ તો સાધુનો લઈ લીધેલો, પરંતુ જ્ઞાન-સમજણ કે લક્ષણ નહીં. પેટના ભરણ-પોષણ માટે અહીં-તહીં ઘૂમ્યા કરે. લોકો 'મહારાજ' 'મહારાજ' કરે અને કામ-કાજ ચાલે. તેઓ એક ગામમાં ગયા ત્યારે ભાવિકોએ કહ્યું: 'મહારાજ! કથા કરો.'


આમને કશું આવડે નહીં. તેથી તેમણે યુક્તિ કરી. સભાજનોને પૂછ્યું: 'કથા મેં કુછ સમજતે હો?'

બધાએ કહ્યું: 'ના, બાપજી! સમજવા આવ્યા છીએ.' ત્યારે આ સાધુ કહે: 'જો કુછ સમજતા નહીં ઉસકે સાથ ક્યા બાત કરના! સબ ચલે જાવ.' પછી બીજે દિવસે બધાએ નક્કી કર્યું કે 'આપણે એવું કહેવું કે કથામાં સમજીએ છીએ.' બીજે દિવસે બધા આવ્યા. પેલા ભગવા પહેરીને બેઠેલા ભાઈને લાગ્યું કે આજેય આ લોકો જ્ઞાન લેવાની વાતો કાઢશે. એટલે લોકો કાંઈ કહે એ પહેલાં તેમણે જ પૂછ્યું: 'આજ ફિર ક્યોં આયે? કથા મેં તો તુમ કોઈ સમજતા નહીં હૈ!'

ત્યારે બધાએ કહ્યું: 'મહારાજ! અમે સમજીએ છીએ.' એટલે પેલા 'મહાત્મા' બોલ્યા: 'તો ફિર સમજતા હૈ ઉસકો ક્યા સમજાના! ચલે જાવ.'

પછી તો બધાએ મળી વિચાર કર્યો કે 'મહાત્માની કથા તો સાંભળવી પણ હવે અડધાએ એમ કહેવું કે 'સમજીએ છીએ.' અને અડધાએ 'સમજતા નથી' એમ કહેવું.' ત્રીજે દિવસે બધા આવ્યા ને પેલા 'મહાત્મા' ગુસ્સે થઈ બોલ્યા: 'ફિર ક્યૂં આયે?' ત્યારે અડધાએ કહ્યું: 'બાપજી! અમે સમજીએ છીએ.' ને અડધાએ કહ્યું: 'અમે નથી સમજતા.' ત્યારે મહાત્મા કહે: 'ફિર ઐસા કરો કિ જો આધે નહીં સમજતે હૈ ઉનકો જો સમજતે હૈ વો સમજા દે.'

માટે સાચા સંત પાસે જવું અને એમને સેવવા. સાચા સંત જ્ઞાન આપે, આપણને આપણું સ્વરૂપ ઓળખાવે અને ભગવાનની ભેટ કરાવે. ◆



# માણો અદ્‌ભુત નિઃશુલ્ક ઓડિયો બુક્સ...




### હવે સરળતાથી શ્રવણ કરો - ભગવાન શ્રી સ્વામિનારાયણના બૃહદ્ જીવનગ્રંથના પાંચ ભાગનું...


પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણની જીવનગાથા ઍટલે દિવ્યતાનો મહાસાગર. પ્રાગટ્યથી લઈને ૪૯ વર્ષના શ્રીહરિના દિવ્ય જીવનમાં પળે પળે એમના કરુણાસભર વ્યક્તિત્વ અને પરબ્રહ્મ સ્વરૂપનો રણકાર સંભળાય છે. સંપ્રદાયના પ્રખર વિદ્વાન શ્રી હર્ષદભાઈ દવેની રસાળ કલમે લખાયેલું આ અદ્‌ભુત જીવનચરિત્ર હવે ઑડિયો સ્વરૂપે નિઃશુલ્ક ઉપલબ્ધ છે. નીચે દર્શાવેલ લિંક પર જશો તો આપ બી.એ.પી.એસ. સંસ્થાની વેબસાઈટના એ વિભાગ પર જઈ પહોંચશો, જ્યાંથી આપ આ ઑડિયો બુક્સ માણી શકશો. https://www.baps.org/Publications/Audios/Audio-Book.aspx




### ભગવાન શ્રી સ્વામિનારાયણનાં ભક્તરત્નો, ભાગ ૧ થી ૮

સ્વામિનારાયણીય ભક્તમાળ એટલે ભગવાન શ્રી સ્વામિનારાયણની માળાના એવા મણકા, જે આવનારી અનેક પેઢીઓને પવિત્ર પ્રેરણાઓ આપતા રહેશે. ભગવાન શ્રીસ્વામિનારાયણના એ પ્રિય ભક્તો આધ્યાત્મિકતાની ટોચ પર પહોંચીને ઉચ્ચ આધ્યાત્મિક આનંદનો અનુભવ કરતા હતા. એ ભક્તોની રસાળ શૈલીમાં લખાયેલી ગાથાઓના ૮ ભાગ પ્રકાશિત થઈ ચૂક્યા છે. જેમનાં ભક્તિમય અને સત્સંગમય જીવન આજે પણ પથદર્શક બની રહે છે એવા આ ભક્તરત્નોની ગાથાનાં ૮ પુસ્તકો હવે ઑડિયો બુક્સ રૂપે ઉપલબ્ધ છે. આવો, ઘરે બેઠાં તેનું શ્રવણ કરીએ અને આપણા જીવનને પ્રેરણાથી છલકાવીએ... અહીં દર્શાવેલ લિંક પર જવાથી આપ બી.એ.પી.એસ. સંસ્થાની વેબસાઈટના એ વિભાગ પર જઈ પહોંચશો, જ્યાંથી આપ આ ઑડિયો બુક્સ માણી શકશો. https://www.baps.org/Publications/Audios/Audio-Book.aspx

### બ્રહ્મસ્વરૂપ શ્રી પ્રમુખસ્વામી મહારાજનું વિસ્તૃત જીવનચરિત્ર, ભાગ-૧ થી ૪ ઓડિયો બુક્સ રૂપે માણો...




અહંશૂન્ય, સરળ, સાધુતાસભર, ભગવન્મય અને નખશિખ આધ્યાત્મિક વ્યક્તિત્વ ધરાવતા બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની દિવ્ય જીવનગાથાનું આચમન કરાવતી ગ્રંથશ્રેણીના પ્રથમ ચાર ભાગ પ્રકાશિત થઈ ચૂક્યા છે. નિઃસ્વાર્થ સ્નેહવર્ષા, સૌની સેવા માટે પ્રચંડ પુરુષાર્થથી લાખો ભક્તોના જીવનપ્રાણ બનેલા સ્વામીશ્રીનું જીવનચરિત્ર આપણી જીવનયાત્રાને સુખ અને શાંતિનો શાશ્વત માર્ગ ચીંધે છે. આ વિશ્વવંદનીય સંત વિભૂતિના જીવનચરિત્રની ઑડિયો બુક્સ અને જીવનપ્રસંગોને અનુરૂપ વીડિયો-શ્રેણી પ્રકાશિત થઈ ચૂકી છે. તેને નિઃશુલ્ક માણો નીચેની લિંક દ્વારા.


https://www.baps.org/Publications/Audios/Audio-Book.aspx
https://www.baps.org/PramukhSwamiMaharaj/Jivan-Charitra-part-1-Videos.aspx

■ મહામહોપાધ્યાય સાધુ ભદ્રેશદાસ

**પ્રથમ ભાગ**


# આ છે બ્રાહ્મી સ્થિતિ...

**૫૦૦૦ વર્ષ પહેલાં ભગવાન શ્રીકૃષ્ણે ઉચ્ચારેલી વાણી જ્યારે નજરે દેખાય છે...**



# બ્રાહ્મી સ્થિતિનાં નવ લક્ષણોની સુંદર છણાવટ...

# બ્રહ્મસ્વરૂપ શ્રી પ્રમુખસ્વામી મહારાજ એટલે ભગવદ્‌ગીતા કથિત બ્રાહ્મી સ્થિતિનું મૂર્તિમંત સ્વરૂપ...



શ્રીમદ્ ભગવદ્‌ગીતા એટલે એક એવો આધ્યાત્મિક ગ્રંથ, જેમાં વેદો-ઉપનિષદોનું અમૃત નીતરે છે. ભગવદ્‌ગીતાના ૭૦૦ શ્લોકો અને ૧૮ અધ્યાયોનું સારતત્ત્વ સમાયું છે - બીજા અધ્યાયમાં, જેમાં ભગવાન શ્રીકૃષ્ણ આધ્યાત્મિકતાના શિખર સમાન બ્રાહ્મી સ્થિતિનું અદ્‌ભુત નિરૂપણ કરે છે.

ભગવાન શ્રીકૃષ્ણ ભગવદ્‌ગીતાના બીજા અધ્યાયના ૫૫મા શ્લોકથી લઈને ૭૨મા શ્લોક સુધી બ્રાહ્મી સ્થિતિનું વર્ણન કરે છે. અને છેલ્લે કહે છેઃ 'એષા બ્રાહ્મી સ્થિતિઃ' એટલે કે આ છે બ્રાહ્મી સ્થિતિ.

પાંચ હજાર વર્ષ પહેલાં ઉચ્ચારેલા ભગવાન શ્રીકૃષ્ણે આ ૧૮ શ્લોકોમાં મુખ્ય નવ લક્ષણો દ્વારા બ્રાહ્મી સ્થિતિનું જે વર્ણન કર્યું છે, તે શાસ્ત્રોની પોથીમાં બંધાયેલા નથી રહ્યા. પરંતુ તે લક્ષણોને જીવનારા ગુણાતીત મહાપુરુષો આ પૃથ્વી પર આપણી વચ્ચે વિચરે છે. એ મહાપુરુષો એ લક્ષણોને જીવી બતાવીને આપણને પ્રેરણા આપે છે કે તમે પણ આવું ઉચ્ચ આધ્યાત્મિક જીવન જીવી શકો છો,

આપણા યુગે નિહાળેલા એવા એક મહાપુરુષ એટલે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ.

પ્રસ્તુત લેખમાં, પ્રસ્થાનત્રયીના ભાષ્યકાર અને વિદ્વાન સંત મહામહોપાધ્યાય પૂજ્ય ભદ્રેશદાસ સ્વામી ભગવદ્‌ગીતા કથિત બ્રાહ્મી સ્થિતિનાં એ નવ લક્ષણોને નિરૂપતાં પ્રમુખસ્વામી મહારાજની બ્રાહ્મી સ્થિતિનો પરિચય કરાવે છે. લેખના પ્રથમ ભાગમાં પાંચ લક્ષણો અને દ્વિતીય ભાગમાં ચાર લક્ષણોની છણાવટ પ્રસ્તુત છે. એ મનનીય લેખને માણીએ અને પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી પર્વે તેમને વંદન કરતાં કરતાં આપણે પણ બ્રાહ્મી સ્થિતિના પથ પર પ્રયાણ કરીએ...

'एषा ब्राह्मी स्थितिः पार्थ'

'હે પાર્થ, આ બ્રાહ્મી સ્થિતિ છે' (ગીતા ૨/૭૨) એમ કહીને ભગવાન શ્રીકૃષ્ણે ભગવદ્‌ગીતામાં બ્રાહ્મી સ્થિતિનો ઉપદેશ કર્યો છે.

'એષા બ્રાહ્મી સ્થિતિઃ' વાક્યમાં આમ તો ત્રણ જ શબ્દો છે. પરંતુ આ ત્રણ શબ્દોમાં વૈદિક સનાતન ધર્મનો નિચોડ છે. સાધનાના સર્વસ્વનો સમાવેશ છે. જીવનની સર્વોચ્ચ ભૂમિકાનો પરિચય છે. આધ્યાત્મિકતાનાં બધાં જ લક્ષણોને એકસાથે એકત્ર સમાવતી સ્થિતિનું સૂત્ર છે - 'एषा ब्राह्मी स्थितिः'.

પરબ્રહ્મ સ્વામિનારાયણ ભગવાને આ બ્રાહ્મી સ્થિતિનું મૌલિક રીતે વિશદ તાત્ત્વિક નિરૂપણ કર્યું છે અને તેને જીવનમાં આત્મસાત્ કરવાનો સચોટ અને સરળ સાધનામાર્ગ પણ પ્રકાશિત કર્યો છે. તેઓની પરાવાણીના અણમોલ ગ્રંથ વચનામૃતમાં તે વારંવાર નીરખવા મળે છે. જુઓ થોડાંક ઉદાહરણો. ક્યાં ક્યાં પડઘાય છે આ બ્રાહ્મી સ્થિતિ?

- પરમાત્માના ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયની વ્યાખ્યામાં (વચનામૃત લોયા ૧૨)
- પરબ્રહ્મની યથાર્થ ભક્તિનો અધિકારના સંદર્ભમાં (વચનામૃત લોયા ૭)
- એકાંતિક ભક્તની વ્યાખ્યામાં (વચનામૃત ગઢડા પ્રથમ ૧૧)
- જ્ઞાની ભક્તના લક્ષણમાં (વચનામૃત ગઢડા પ્રથમ ૫૬)
- આત્મનિષ્ઠાની ઉત્તમ દશાના નિરૂપણમાં (વચનામૃત ગઢડા મધ્ય ૬૨)
- નિર્વિકલ્પ સમાધિના લક્ષણમાં તથા યોગસાધનાના નિરૂપણમાં (વચનામૃત ગઢડા પ્રથમ ૪૦, ગઢડા મધ્ય ૮,)
- બ્રહ્મજ્ઞાનના નિરૂપણમાં (વચનામૃત ગઢડા મધ્ય ૩)

- એમ અધ્યાત્મપથના અગત્યના પ્રત્યેક સિદ્ધાંતના નિરૂપણમાં બ્રાહ્મી સ્થિતિને પામવાનો ભગવાન સ્વામિનારાયણે અનિવાર્યપણે ઉપદેશ કર્યો છે.

બ્રાહ્મી સ્થિતિ સાધનાની સંપૂર્ણતા છે. શુદ્ધિની પરાકાષ્ઠા છે. પરિશુદ્ધ આત્મા પર થતો શણગાર છે. સિદ્ધિનું પરમ શિખર છે. પરમાત્મ-ભક્તિનો વૈભવ ત્યાં સદા વિલસતો રહે છે. આ સ્થિતિ પામે તેને ક્યારેય ઉદ્વેગ ન થાય. અંતરમાં શાંતિ રહે. પરમ આનંદનો, કૃતકૃત્યતાનો અને ધન્યતાનો અનુભવ થાય.

બ્રાહ્મી સ્થિતિ એટલે બ્રહ્મની સ્થિતિ. અક્ષરબ્રહ્મની સ્થિતિ. સ્થિતિ એટલે જીવનશૈલી. 'એષા બ્રાહ્મી સ્થિતિઃ' એમ કહીને ગીતા અક્ષરબ્રહ્મની જીવનશૈલીને ઉજાગર કરે છે. ગીતા જ્યારે અક્ષરબ્રહ્મની જીવનશૈલીનું પ્રતિપાદન કરે છે ત્યારે આપોઆપ એ પ્રતિપાદિત થઈ જાય છે કે એ બ્રહ્મ મનુષ્યરૂપે અવતરે છે, આપણને સૌને નયનગોચર થકા પ્રત્યક્ષ વિચરે છે, આપણને એમની દિવ્ય જીવનશૈલીનો પરિચય કરાવે છે અને આપણને પણ બ્રાહ્મી સ્થિતિ પમાડે છે.

ગીતાના શબ્દો બ્રાહ્મી સ્થિતિની થિયરી સમજાવે છે. પ્રત્યક્ષ અક્ષરબ્રહ્મ તેનું જીવંત ઉદાહરણ બને છે જેથી આપણે સૌ પણ આ દિવ્ય સ્થિતિને આત્મસાત્ કરી શકીએ છીએ. આપણે સૌ ભાગ્યશાળી છીએ કે આપણને ગુરુહરિ રૂપે સાક્ષાત્ અક્ષરબ્રહ્મની પ્રાપ્તિ પણ થઈ છે અને ઓળખાણ પણ થઈ છે. આપણે તેમની જીવનશૈલીને પ્રત્યક્ષપણે નિહાળી-અનુભવીને ધન્ય પણ થયા છીએ. આપણને વર્ષો સુધી ગુરુહરિ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય જીવનને પ્રત્યક્ષપણે નિહાળવાનો અલભ્ય લાભ મળ્યો. આજે આપણે પ્રગટ બ્રહ્મસ્વરૂપ ગુરુહરિ મહંત સ્વામી મહારાજનો અલભ્ય લાભ લઈ રહ્યા છીએ. આથી ભગવદ્‌ગીતા દ્વારા પ્રતિપાદિત બ્રાહ્મી સ્થિતિ આપણા માટે કેવળ શબ્દો જ નથી, કેવળ થિયરી જ નથી પરંતુ પ્રત્યક્ષ છે. કારણ કે આપણને ગીતામાં દર્શાવેલ અક્ષરબ્રહ્મ સાક્ષાત્ ગુરુહરિરૂપે મળ્યા છે.

પ્રસ્તુત લેખમાં આપણે ભગવદ્‌ગીતામાં નિરૂપેલ બ્રાહ્મી સ્થિતિનાં નવ લક્ષણો અને તેના જીવંત ઉદાહરણરૂપે બ્રહ્મસ્વરૂપ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજના જીવનપ્રસંગોનું ચિંતન કરીશું.

## પ્રથમ લક્ષણઃ
## 'प्रजहाति यदा कामान्'
## લૌકિક કામનાઓનો ત્યાગ

બ્રાહ્મી સ્થિતિનું પ્રથમ લક્ષણ સમજાવતાં શ્રીકૃષ્ણ ભગવાને કહ્યુંઃ 'प्रजहाति यदा कामान्' (ગીતા ૨/૫૫)

'प्रजहाति' એટલે ત્યાગ કરવો. 'कामान्' એટલે લૌકિક કામનાઓ. 'प्रजहाति यदा कामान्' એમ કહીને શ્રીકૃષ્ણ ભગવાને લૌકિક વાસનાયુક્ત સંકલ્પોના ત્યાગનો અહીં ઉપદેશ કર્યો છે.

નવજાત શિશુથી માંડીને વૃદ્ધાવસ્થાએ પહોંચેલા પ્રત્યેક

માનવી કામનારૂપી શૃંખલાથી જકડાયેલો જોવા મળશે. આપણે નાના હતા ત્યારે ઇચ્છાઓ કરતા હતા. નાનપણ ગયું પણ ઇચ્છાઓ ન ગઈ. આ જોયું ને હવે આ જોવું છે, આ ખાધું ને હવે આ ખાવું છે, આ લીધું ને હવે આ લેવું છે, અહીં જવું છે, આને મળવું છે... આમ ને આમ મનમાં ઇચ્છાઓના તરંગો ચાલ્યા જ કરે છે. જંપીને બેસાતું જ નથી. ઇચ્છાઓ જંપવા દેતી નથી. અજંપો વધતો જ જાય છે. વળી એક નિર્ણય ઉપર આવી શકાતું નથી. નવી ને નવી ઇચ્છાઓ જન્મ્યા જ કરે છે. આવું ને આવું ચાલ્યા કરે એટલે બૌદ્ધિક અસ્થિરતા અડ્ડો જમાવે. પરિણામે અશાંતિ, અપૂર્ણતા અને ખાલીપાના ભોગ બનીએ છીએ. આથી જ ગીતા આપણને લૌકિક કામનાઓ પર વિજય પ્રાપ્ત કરવા પ્રેરે છે.

આમ કામનાઓના ત્યાગને બ્રાહ્મી સ્થિતિનું પ્રથમ લક્ષણ કહ્યું.

## દ્વિતીય લક્ષણઃ
## 'आत्मन्येवात्मना तुष्टः'
## પરમાત્માથી જ સંતુષ્ટ

'आत्मन्येवात्मना तुष्टः स्थितप्रज्ञस्तदोच्यते' - આત્મામાં રહેલા પરમાત્મા વડે જ સંતુષ્ટ રહેવું તે બ્રાહ્મી સ્થિતિનું બીજું લક્ષણ છે.

સંતોષ! સંતોષી નર સદા સુખી - એમ કહેવત છે. કેમ સુખી? કામના ન હોય એટલે. અપૂર્ણતા કે અસંતોષ જ કામનાનું ઉદ્‌ગમ છે. અસંતુષ્ટને કામના જાગે. અસંતોષીઓ જ રઘવાયા થઈને આમ-તેમ દોડ્યા કરે છે. પૂર્ણ સંતોષ કામનાઓનું પૂર્ણવિરામ છે.

એ ખરું કે પૂર્ણ સંતોષની સૌ કોઈને ઝંખના છે. પરંતુ માનવ તે સંતોષ પામવા પૂર્ણને બદલે અલ્પ વસ્તુઓની કામના રાખે છે. અલ્પને આશરે જાય છે. પરંતુ પરિમિત એટલે કે સીમિત વસ્તુઓ અપરિમિત સંતોષ ન આપી શકે.

વળી પરિમિત સંતોષના લાભ પણ પરિમિત હોય તેથી પરિપૂર્ણતાનો અહેસાસ થાય નહીં. સર્વોપરી વસ્તુનો લાભ થાય તો જ પરમ સંતોષ મળે. પરમાત્મા સંપૂર્ણ છે. સર્વોપરી છે. તેને પ્રાપ્ત કરી લે, તેનો અચળ નિશ્ચય થઈ જાય એટલે પરમ સંતોષના ઓઘ વળે. પૂર્ણકામપણું મનાય. બુદ્ધિમાં લૌકિક કામનાનાં કંપનો ન રહે. અંતઃકરણ નિર્મળ, સ્થિર અને પ્રશાંત સરોવર જેવું બની જાય. આ જ બ્રાહ્મી સ્થિતિ છે એમ ગીતાનું કહેવું છે.

સત્પુરુષોનાં જીવન આવી બ્રાહ્મી સ્થિતિના પ્રતિબિંબ જેવાં હોય છે. ગુરુહરિ શ્રીપ્રમુખસ્વામી મહારાજના દૈનિક અહેવાલમાં એક પ્રસંગ નોંધાયો છે.

તા. ૪ જુલાઈ ૨૦૦૪ના દિવસે પરમ પૂજ્ય સ્વામીશ્રી અમેરિકા દેશમાં આવેલ ઓર્લાન્ડો શહેરમાં વિરાજમાન હતા.

વૃદ્ધાવસ્થા, શારીરિક તકલીફો અને વિચરણનો ભીડો વગરે જોઈને રાજનભાઈ નામના એક ભક્તે પોતાની મનોભાવના રજૂ કરતાં તેઓશ્રીને કહ્યું: ''બાપા! આપે આ ઊંમરે પણ ખૂબ ભીડા વેઠ્યો છે. હવે અમારે મન તો એક જ ઇચ્છા છે કે આપ આનંદમાં જ રહો.''

પરમ પૂજ્ય સ્વામીશ્રી તેમની વાત સાંભળતાં જ બોલી ઊઠ્યાઃ ''ભલા માણસ, અમે અક્ષરધામમાં જ છીએ. મહારાજ મળ્યા (પરબ્રહ્મ શ્રી સ્વામિનારાયણ ભગવાન મળ્યા), ગુરુ મળ્યા એ કેફ હોય એટલે અખંડ આનંદ આનંદ જ રહે.'' કાયા ક્ષીણ હતી, તથાપિ પૂર્ણ પ્રાપ્તિના પરમ સંતોષથી છલકાતી બ્રાહ્મી સ્થિતિની ભર જુવાનીનો વૈભવ તેમના શબ્દોમાં અનુભવી શકાતો હતો.

એકવાર કોઈએ પોતાની અભિલાષા અભિવ્યક્ત કરતા પરમ પૂજ્ય સ્વામીશ્રીને કહ્યું હતું: ''આપનાં સર્વહિતના વૈશ્વિક કાર્યો જોતાં એવું લાગે છે કે આપને નોબેલ પ્રાઈઝ મળવું જોઈએ.''

બધાની અપેક્ષા કાંઈ જુદી હતી. પરંતુ સ્વામીશ્રી બધાની અપેક્ષા કરતાં અલગ જ ભૂમિકાએ વિરાજતા હતા. આથી, આ વાતનો પ્રત્યુત્તર વાળતા તેમણે કહ્યું: ''મને તો નોબેલ પ્રાઈઝના પ્રાઈઝના પ્રાઈઝ મળી ગયા છે. ભગવાન શ્રીજીમહારાજ અને શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ બે મળ્યા છે. આપણને શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજના આશીર્વાદ મળી ગયા. આવી સેવા મળી ગઈ. આવા ભગવાન, આવા સંતો, આવા હરિભક્તો મળી ગયા. એથી મોટો શું લાભ છે આ દુનિયામાં?''

લૌકિક મોટપની કામનાઓની રાખ કરી બેઠેલા પરમાત્મ-સંતુષ્ટનો આ તેજસ્વી મિજાજ છે. આવી રીતે વર્તનારની પ્રજ્ઞાને ક્યારેય પણ, કોઈ પણ વિચલિત ન જ કરી શકે.

આમ ભગવદ્‌ગીતા લૌકિક કામનાઓનો ત્યાગ અને પરમ સંતોષ એમ બે લક્ષણો દ્વારા બ્રાહ્મી સ્થિતિની - અક્ષરબ્રહ્મની જીવનશૈલીની થિયરી સમજાવે છે, જે બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં મૂર્તિમાન થતી પ્રત્યક્ષ જોઈ શકાય છે.

સંજોગો ભલભલાને મૂંઝવી દે તેવા હતા, પરંતુ પ્રમુખસ્વામી મહારાજનો પ્રત્યુત્તર માત્ર એટલો જ હતોઃ 'ભગવાનની જેવી મરજી.'
મુખ પર એ જ ચિત્તની પ્રસન્નતા. આંતરિક ભાવોમાં એ જ સ્થિરતા.
ગીતાની સ્થિતપ્રજ્ઞતાનું આ પ્રત્યક્ષ દર્શન હતું.



## તૃતીય લક્ષણઃ
## दुःखेष्वनुद्विग्नमनाः
## દુઃખમાં ઉદ્વેગ ન પામવો

'दुःखेष्वनुद्विग्नमनाः' (ગીતા ૨/૫૬) એટલે કે દુઃખમાં ઉદ્વેગ ન પામવો એ બ્રાહ્મી સ્થિતિનું ત્રીજું લક્ષણ છે.

જિંદગી એટલે ઊંટ પર સવારી. આવતી કાલે આવનાર હેલા વિષે આપણે કાંઈ જાણતા નથી. 'ન જાણ્યું જાનકીનાથે સવારે શું થવાનું છે' પ્રાચીન કાળથી ચાલ્યું આવતું આ ત્રિકાલાબાધિત સત્ય છે. નિત્ય નવા પડકારોને ઝીલવા તૈયાર રહેવાનું છે. નિત્ય નવી ઊઠતી સમસ્યાઓનો સામનો કરવાની તાકાત જરૂરી છે. બ્રાહ્મી સ્થિતિ એ તાકાતનું રહસ્ય છે.

દુઃખ કોઈને ગમતું નથી. પણ તે આવ્યા વગર રહેતું પણ નથી. દુઃખ પણ અનેક પ્રકારનાં છે. શારીરિક રોગો, માનસિક પીડાઓ, આધિભૌતિક-આધિદૈવિક આપદાઓ આદિ અનેક પ્રકારનાં કષ્ટો જીવનમાં આવી પડે છે.

આવી દુઃખમય પરિસ્થિતિમાં પણ મનને ઉદ્વેગ વગરનું રાખવું તે બ્રાહ્મી સ્થિતિ છે.

બીમારી રોકી ન શકાય. બીમારીના દુઃખને રોકી શકાય. નોકરી-ધંધાના પ્રશ્નોને રોકી નહીં શકાય, પરંતુ તેનાથી ઊપજતી મનની મુંઝવણને રોકી શકાય. બ્રાહ્મી સ્થિતિ એવી શક્તિ છે. તે કોઈ પણ પરિસ્થિતિમાં આપણને દુઃખો પર, મુંઝવણો પર વિજય પ્રાપ્ત કરવાની કરામત શિખવાડે છે. दुःखेषु अनुद्विग्नमनाः કહીને એ કરામત ગીતાએ આપણી સમક્ષ ખુલ્લી મૂકી છે.

સત્પુરુષોનું ચિત્ત પરમાત્મા સાથે એકતાર થયેલું હોય છે. કરનાર, હરનાર અને તારણહાર ભગવાન છે એ સત્ય તેમણે સાધી લીધું હોય છે. તેથી દુઃખના પ્રસંગોમાં પણ તેઓની આંતરિક સ્વસ્થતાને કોઈ અસર થતી નથી. તેઓ ક્યારેય આવી પરિસ્થિતિઓમાં પરમાત્માને દોષ દેવા નથી લાગતા કે મેં તમારી આટલી ભક્તિ કરી તોય મને કેમ આટલું દુઃખ આપ્યું? તેઓ દરેક પ્રસંગને પ્રભુનો પ્રસાદ સમજતા હોય છે. 'દાસના દુશ્મન હરિ કે'દી હોય નહીં, જેમ કરેશે તેમ સુખ જ થાશે' એ પ્રકારે તેઓની સમજણ કાયમ નિશ્ચળ અને સ્થિર ટેક ધરી રહે છે.

આથી જ તો તેઓ એક પ્રસંગ ઘટી ગયા પછી તુરંત બીજી જ ક્ષણે બીજા કાર્યમાં ખૂબ જ સ્વસ્થપણે જોડાઈ પણ જાય છે. અને તે બીજી ક્રિયાને પૂર્વપ્રસંગ કોઈ પણ રીતે

પ્રભાવિત કરી શકતો નથી.

તેઓની આ સમજણ પણ, જીવનમાં આવતા પ્રશ્નોના જવાબ રૂપે કાલ્પનિક રીતે ઊભી કરેલી મનોવૈજ્ઞાનિક વિચારધારા માત્ર નથી હોતી. જે કાંઈ બન્યું છે, બની રહ્યું છે કે પછી બનશે તે બધું જ ભગવાનની જ ઇચ્છાથી થઈ રહ્યું છે તેવી તેઓની પ્રત્યક્ષ પ્રમાણ અનુભૂતિ હોય છે.

પ્રત્યક્ષ દાખલાથી આ ભાવનાને વધુ સ્પષ્ટ કરીએ.

પરમ પૂજ્ય શ્રીપ્રમુખસ્વામી મહારાજને સન ૧૯૮૩માં હાર્ટ એટેક આવ્યો હતો. ત્યારબાદ ૧૯૯૮માં તેઓના હૃદયની બાયપાસ સર્જરી પણ થઈ હતી. ફરીથી કોઈક તકલીફનાં એંધાણ વરતાતાં તા. ૧૯-૨-૨૦૦૭ના રોજ મુંબઈમાં સ્વામીશ્રીના હૃદયના મેડિકલ ટેસ્ટ લેવાના હતા. નિષ્ણાત ડોક્ટરો ઉપસ્થિત હતા. તેઓશ્રીને મેડિકલ ટેસ્ટ માટે કેબિનમાં લઈ જવામાં આવ્યા. ટેસ્ટનું કાર્ય પૂર્ણ થયું. ત્યાર બાદ ડો. કે. એન. પટેલ સ્વામીશ્રી પાસે આવ્યા અને સ્વામીશ્રીને કહેવા લાગ્યાઃ 'સ્વામીશ્રી! ડો. અશ્વિન મહેતા (ભારતના સુવિખ્યાત કાર્ડીઓલોજિસ્ટ) આજે આપનો ટેસ્ટ થયા પછી નીકળી રહ્યા હતા. ત્યારે મને કહે કે 'પ્રમુખસ્વામી મહારાજ તો ગજબની સ્થિરતા ધરાવે છે! ટેસ્ટ માટે અંદર ગયા અને એ પહેલાં પણ મેં તેમના મુખ સામે જોયું હતું. તેમના મુખ ઉપર કોઈ ચિંતા જ હતી નહીં. મેં તો ભલભલા મોટાઓને ટ્રીટ કર્યા છે. મોટા ધર્મગુરુ હોય કે દેશના વડાપ્રધાન હોય, પણ આવી ક્ષણ આવે ત્યારે બધાંનાં મોઢાં બદલાઈ ગયેલાં જોયાં છે. અંદરથી ડિપ્રેશનમાં આવી ગયા હોય એવું મેં જોયું છે, જ્યારે પ્રમુખસ્વામી મહારાજના મુખ ઉપર તો કોઈ ભાવ બદલાયેલા હતા જ નહીં.'

આ સાંભળી પરમ પૂજ્ય સ્વામીશ્રી કહે, 'આપણે તો ઠાકોરજી ભેગા લઈને જ જઈએ છીએ. આપણી ચિંતા એ કરે છે. એમની ઇચ્છા હોય એમ થાય છે. કર્તા એ છે.'

ખરેખર, સત્પુરુષોના જીવનમાં બ્રાહ્મી સ્થિતિની બુલંદી પડઘાતી હોય છે!

સન ૧૯૭૪ની ૨૫મી જાન્યારીએ વહેલી સવારે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની એક ધર્મગુરુ તરીકે પ્રથમ વિદેશયાત્રા આરંભાતી હતી. તેઓ ભારત(મુંબઈ)થી આફ્રિકા(નાઈરોબી) જઈ રહ્યા હતા. મુંબઈ એરપોર્ટ પર હજારોની મેદનીએ સ્વામીશ્રી સહિત ૧૨ સંતોને ભવ્ય વિદાય આપી. બરાબર ૧૦-૧૫ વાગે એરઈન્ડિયાનું 'ગૌરીશંકર' જમ્બો જેટ વિમાન ઊપડ્યું. નાઈરોબી ઊતર્યું.

આફ્રિકાના સેંકડો ભક્તો ફૂલહાર લઈને એરપોર્ટ પર સ્વાગત કરવા તત્પર હતા. પરંતુ અચાનક જ એરપોર્ટ ઉપર જાહેરાત થઈઃ 'પ્રમુખસ્વામી મહારાજ અહીં ઊતરી શકશે નહીં. તેમને ભારત પાછા જવાનું છે. તેમની સાથેના અન્ય ઊતરી શકે છે.' જાહેરાતના શબ્દો જાણે વજ્રપાત હતો. સૌને આંચકો લાગ્યો. નાઈરોબીના ભક્તો માટે તો આ ભયંકર આઘાત હતો. અચાનક આવું કેમ થયું? આવું થાય એમાં આપણી આબરૂ શું? કોણે આ કારસ્તાન કર્યું? વગેરે જાત-જાતના તર્ક-વિતર્કો સૌનાં મનમાં ઊઠવા લાગ્યા. ચર્ચાઓ થવા લાગી. સર્વત્ર વૈચારિક અસ્થિરતા પ્રસરી ચૂકી. સૌને થયું, પરમ પૂજ્ય સ્વામીશ્રીને કેવું લાગ્યું હશે? પોતાને નહીં ઊતરવા દેવાની જાહેરાત સ્વામીશ્રીએ પણ સાંભળી હતી. પરંતુ તેઓનો પ્રત્યુત્તર માત્ર એટલો જ હતોઃ 'ભગવાનની જેવી મરજી.'

મુખ પર એ જ ચિત્તની પ્રસન્નતા. આંતરિક ભાવોમાં પણ કોઈ ફેરફાર નહીં. એ જ સ્થિરતા. ગીતાની સ્થિતપ્રજ્ઞતાનું આ પ્રત્યક્ષ દર્શન હતું. જોનાર સૌ કોઈને પાછા વાળ્યાના અપમાન કરતાં પણ સ્વામીશ્રીની ભગવાનના કર્તાપણાની પર્વતપ્રાય સમજણરૂપી બ્રાહ્મી સ્થિતિ વધુ વિચલિત કરી રહી હતી.

વધુ અહોભાવ તો ત્યારે થાય છે, જ્યારે આ પ્રસંગ બન્યા પછી સ્વામીશ્રી તુરંત ઠાકોરજીના થાળ વગેરેની ચિંતા કરવા લાગી જાય છે. જાણે કાંઈ બન્યું જ નથી! મુંબઈ પાછા આવ્યા અને સૌને એટલો આનંદ કરાવ્યો કે સૌ કોઈ પણ જાણે બનેલી ઘટનાને વીસરી ગયા. પછી તો પોતે જ ભગવાન સ્વામિનારાયણના વચનામૃતમાંથી ગઢડા પ્રથમ પ્રકરણનું ૭૪મું વચનામૃત સૌ સમક્ષ વાંચ્યું, જેના શબ્દો હતા - '...જેને જેટલી સમજણ હોય તે તો જ્યારે કોઈક આપત્કાળ આવી પડે ત્યારે કળાય.... અને એ ભગવાન આપણને હાથીએ બેસાડે તો હાથીએ બેસીને રાજી રહેવું અને ગધેડે બેસાડે તો ગધેડે બેસીને રાજી રહેવું.... પણ કોઈ રીતે હર્ષ-શોક મનમાં ધારવો નહીં. એ ભગવાનનું કર્યું સર્વે થાય છે. માટે સૂકું પાનડું જેમ વાયુને આધારે ફરે છે તેમ એ ભગવાનને આધીન રહીને આનંદમાં એ પરમેશ્વરનું ભજન કરવું અને કોઈ જાતનો મનમાં ઉદ્વેગ આવવા દેવો નહીં.' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૪) બ્રાહ્મી સ્થિતિનું રહસ્ય આ શબ્દોમાં સમાયું હતું. સ્વામીશ્રી આ શબ્દો જ્યારે સમજાવતા હતા ત્યારે તેમના જીવન સાથેની એકરસતા સહેજે જ નીખરી ઊઠતી હતી. એ રહસ્ય પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનાં જીવનમાં પૂરેપૂરું ઘૂંટાયું છે એ વાતની સૌને અનુભૂતિ થઈ.

આમ દુઃખેષ્વનુદ્વિગ્નમનાઃ - એમ કહીને ગીતા આપણને

બ્રાહ્મી સ્થિતિની જે થિયરી સમજાવે છે તેનું પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં પ્રત્યક્ષ દર્શન કરીએ ત્યારે આપણે તે સ્થિતિને સાચા અર્થમાં સમજી શકીએ છીએ, પામી શકીએ છીએ.

## ચતુર્થ લક્ષણઃ
## सुखेषु विगतस्पृहः
## સુખમાં ન કોઈ સ્પૃહા

सुखेषु विगतस्पृहः (ગીતા ૨/૫૬) - સુખમાં કોઈ સ્પૃહા ન રાખવી તે બ્રાહ્મી સ્થિતિનું ચોથું લક્ષણ છે.

સ્પૃહા એટલે લાલસા. સુખ શબ્દથી અહીં લૌકિક સુખ-સગવડોની વાત કરી છે. હકીકતે દુઃખોનું મૂળ સુખની સ્પૃહામાં પાંગરતું હોય છે. ગરીબી એટલી પીડાદાયક નથી હોતી, પરંતુ અમીર થવાની સ્પૃહા માનવીને હેરાન કરી મૂકે છે. આ સુખ મને મળવું જ જોઈએ, આ સગવડો મને મળવી જ જોઈએ એ પ્રકારે આપણે સ્પૃહાથી બંધાઈએ છીએ ત્યારે દુઃખની માત્રા વધવા લાગે છે.

આથી જ दुःखेषु अनुद्विग्नमनाः કહીને દુઃખમાં વિચલિત ન થવાનો ઉપદેશ તો કર્યો જ હતો, પરંતુ હવે સુખ પણ વિચલિત કરી ન જાય તે ધ્યાન રાખવાનું કહે છે. ગીતા અહીં આપણને એક ડગલું આગળ લઈ જવા ઇચ્છે છે. દુઃખ પચાવવું અઘરું છે, પરંતુ સુખ પચાવવું વધું અઘરું છે તે યાદ કરાવે છે. કારણ દુઃખની અવરોધકતા કદાચ સમજી શકાય છે, પણ સુખ પણ અવરોધક છે તે સત્ય સમજાતાં વાર લાગે છે. એમાંય વળી દુઃખ કરતાં સુખ વિશેષ બંધનકારી છે તે તો જાણે સમજાતું જ નથી. પરંતુ જો આ સત્ય સમજાઈ જાય તો તરત જીવનમાં ફેરફાર જોવા મળશે. જીવન વધુ આનંદમય બનતું અનુભવાશે.

લૌકિક સુખ-દુઃખ માયાનાં બે મહોરાં છે. એકમાં રડાવીને હેરાન કરે છે તો બીજામાં હસાવીને છેતરે છે. અધ્યાત્મવૃત્તિ તો બંનેમાં તૂટે છે. ભગવાન બંનેમાં ભૂલાય છે. આ વાત સમજવામાં આપણે ભૂલા પડીએ છીએ. સત્પુરુષ આવી પરિસ્થિતિમાં બ્રાહ્મી સ્થિતિનો આનંદ લેતા હોય છે. પરમાત્મ-સ્વરૂપમાં તલ્લીનતાનો આનંદ!

ભગવાન સ્વામિનારાયણે આ વાત લૂક તથા હિમના દાખલે સમજાવી છે. તેમણે કહ્યું: 'જેમ ઉનાળામાં લૂક હોય તથા જેમ શિયાળામાં હિમ હોય તેવું મનનું રૂપ દેખાયું. અને જેમ માણસના દેહમાં લૂક પેસે તથા હિમ પેસે ત્યારે તે માણસ મરી જાય છે, તેમ એ મન ઇન્દ્રિયો દ્વારે થઈને જ્યારે વિષય સન્મુખ જાય છે ત્યારે તે વિષય જો દુઃખદાયી હોય તો મન તપીને ઉનાળાની લૂક જેવું થાય છે, અને તે વિષય જો સુખદાયક હોય તો તેને વિષે મન શિયાળાના હિમ જેવું થાય છે. તે જ્યારે દુઃખદાયી વિષયને ભોગવીને લૂક સરખું ઊનું થઈને જીવનાં હૃદયમાં પેસે છે ત્યારે જીવને અતિશય દુખિયો કરીને કલ્યાણના માર્ગમાંથી પાડી નાંખે છે, એ તે લૂક લાગીને મરે તેમ જાણવું. અને જ્યારે એ મન સુખદાયી વિષયના સુખને ભોગવે ત્યારે ટાઢું હિમ સરખું થઈને જીવના હૃદયમાં પેસે છે અને જીવને સુખિયો કરીને કલ્યાણના માર્ગથી પાડી નાંખે છે, એ તે હિમાળાનો વા આવે ને મરે તેમ જાણવું. માટે જેનું મન ભૂંડા વિષયને દેખીને તપે પણ નહીં અને સારા વિષયને દેખીને ટાઢું પણ થાય નહીં, એવી રીતે જેનું મન અવિકારી રહેતું હોય તેને પરમ ભાગવત સંત જાણવા.' (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૨૩)

આ રીતે દુઃખ અને સુખ બંને આંતરિક સ્થિરતાના વિઘાતક છે. વિઘાતકતામાં બંને સરખાં. માત્ર ફેર એટલો જ કે તેમાં એક કડવું ઝેર છે જ્યારે બીજું ગળ્યું ઝેર છે. પણ બન્ને ઝેર તો છે જ.

આથી જ ગીતામાં દુઃખમાં ઉદ્વેગ ન પામવાના ઉપદેશની સાથે સાથે લૌકિક સુખોની સ્પૃહા ન રાખવા પર પણ ભાર મૂક્યો છે. સુખ મળે તેનો વાંધો નથી, પરંતુ તે સુખની સ્પૃહા-વાસના સામે વાંધો છે. દુનિયાના કોઈ પણ સુખને ભોગવીએ એટલે તેની વાસના બંધાયા વગર રહેતી નથી. એટલે સુખના પ્રસંગોમાં આપણે વધારે ચેતતા રહેવું પડે છે. ગીતા આપણને સુખના પ્રસંગોને પણ પચાવતા શીખવે છે. બ્રાહ્મી સ્થિતિ પ્રાપ્ત કરનાર મનુષ્યમાં આવાં સુખોને પચાવવાની શક્તિ સહજ હોય છે. તેઓ પરમાત્માનો આનંદ એટલો બધો ભોગવતા હોય છે કે તેમના માટે આ લૌકિક સુખની સ્પૃહાનો કોઈ સવાલ જ ઊભો થતો નથી.


એક બનેલી ઘટના દ્વારા આ વાત સમજીએ. ૧૯૮૫માં ઇંગ્લેન્ડના ભક્તોના આગ્રહથી પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનો તુલા મહોત્સવ લંડન ખાતે ઊજવવાનું નક્કી થયું. ભારતીય ધર્મ-પરંપરાના ઇતિહાસમાં આ ખૂબ મોટું સન્માન હતું. સ્વામીશ્રી પ્રથમ તો સહમત ન થયા અને કહ્યું કે સાધુની સુવર્ણતુલા ન હોય. પછી ભક્તોએ ખૂબ જ આગ્રહ કર્યો ત્યારે સ્વામીશ્રી સાકર તુલા માટે તૈયાર થયા. પ્રથમ સ્વામીશ્રીની સાકરથી તુલા થાય અને પછી એ સાકરની સામે સુવર્ણ મૂકી તુલા કરવામાં આવે તેમ નક્કી થયું. તે દિવસે હજારો ભક્તોની ઉપસ્થિતિમાં આ સુવર્ણતુલા

મહોત્સવ ખૂબ ભવ્યતાથી ઊજવાઈ રહ્યો હતો. આ એક પ્રસંગ માટે જ વિશાળ ભૂમિ પર ભવ્ય અને કલાત્મક પ્રવેશ દ્વારો ખાસ ઊભાં કર્યા હતા. મહોત્સવનાં પટાંગણમાં વાંસનાં આબેહૂબ મંદિરો ઊભાં કરાયાં હતાં. ભવ્ય સભાનું આયોજન થયું હતું. મોટા મોટા મહાનુભાવો ઉપસ્થિત હતા. આખી સભામાં જયજયકાર થઈ રહ્યો હતો. સ્વામીશ્રીનો આ પ્રભાવ જોઈ સૌ કોઈને હર્ષ થઈ રહ્યો હતો. વિદેશની ધરતી પર કોઈ ભારતીય સાધુનું આ પ્રકારનું સન્માન એ વિશિષ્ટ ઘટના હતી. સુવર્ણતુલાની ક્ષણ આવતા તો સૌનાં હૈયાં હર્ષઘેલાં થઈ નાચી ઊઠ્યાં. તાળીઓના ગડગડાટ સાથે પ્રમુખસ્વામી મહારાજની જય... પ્રમુખસ્વામી મહારાજની જય... એમ નારાઓ ગુંજવા લાગ્યા. કોઈ પણ પ્રભાવિત થઈ જાય એવું એ વાતાવરણ હતું.

પરંતુ ભવ્ય સન્માનની સુખમય એ ક્ષણોમાં પ્રમુખસ્વામી મહારાજની જે પ્રતિક્રિયા હતી તે ગીતાની બ્રાહ્મી સ્થિતિને યાદ કરાવી દે તેવી હતી. તેઓ નતમસ્તક હતા. હાથ જોડેલા હતા. ખોળામાં ઠાકોરજી લઈને બેઠા હતા. મુખ પર સ્હેજ પણ સન્માન પામ્યાનો ગર્વ ન હતો. એમાંય જ્યારે સભાના પ્રવક્તાએ જાહેરાત કરી કે હવે પ્રમુખસ્વામી મહારાજ આપણને સૌને આશીર્વાદની વર્ષા કરી લાભાન્વિત કરશે, ત્યારે સ્વામીશ્રીએ આશીર્વાદમાં જે શબ્દો કહ્યા તે સૌને સ્તબ્ધ કરી ગયા.

સ્વામીશ્રીએ આરંભ કરતાં કહ્યું: પ્રથમ તો પરબ્રહ્મ સર્વાવતારી પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણને વંદન, જેમણે મને આ શરીર આપ્યું. પછી મારા ગુરુ શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ જેમના આશીર્વાદ મને મળ્યા, જેમણે મને સ્વીકાર્યો. તેમની કૃપા ને આશીર્વાદ છે તો તમારી સામે ઊભો છું, તેમને લાખો વંદન. તેમની કૃપા ન હોત તો હું આ સ્થાને ઊભો ન હોત (બોલતાં બોલતાં ગળગળા થઈ ગયા).

**તુલાવિધિની ભવ્ય સન્માનની સુખમય એ ક્ષણોમાં પ્રમુખસ્વામી મહારાજની જે પ્રતિક્રિયા હતી તે ગીતાની બ્રાહ્મી સ્થિતિને યાદ કરાવી દે તેવી હતી. તેઓ નતમસ્તક હતા. હાથ જોડેલા હતા. ખોળામાં ઠાકોરજી લઈને બેઠા હતા. મુખ પર સ્હેજ પણ સન્માન પામ્યાનો ગર્વ ન હતો.**



તેમણે આશીર્વાદ ને સેવા કરવાની તક આપી તે મારાં અહોભાગ્ય. તેમણે મને શક્તિ આપી એથી હું સેવા કરી શક્યો. વળી ભારતના સંતો, પંડિતોના આશીર્વાદ, અને આપ સૌના સહકાર વિના આ કાર્ય ન થાય.... હું જ કરી શકું તે મિથ્યા સમજણ છે. સર્વકર્તા પરમાત્મા છે. ભગવાનની મરજી વગર સૂકું પાંદડું પણ હાલતું નથી. ભગવાનની શક્તિથી સર્જન-પાલન-સંહાર થાય છે. ભગવાનની શક્તિ વગર શેકેલો પાપડ પણ ભાંગે નહીં...'

સમગ્ર આશીર્વાદ દરમ્યાન - સુવર્ણતુલાના ભવ્ય સન્માનથી મને આનંદ થયો - એવા ભાવનો એક શબ્દ પણ ન આવ્યો. ઉપસ્થિત સૌ કોઈને અનુભવ થયો કે સ્વામીશ્રીને આવાં સુખમય સન્માનોની કોઈ સ્પૃહા નથી. ગીતાની બ્રાહ્મી સ્થિતિનો આ જીવંત દાખલો હતો. દુઃખના પ્રસંગોમાં ઉદ્વેગ વગર જીવનારા સ્વામીશ્રી સુખના પ્રસંગોમાં છકી પણ નથી જતા, એમના આંતરિક ભાવો કે સમજણો ચૂંથાઈ નથી જતાં અને અત્યંત સ્થિરતા ધરી રહે છે એ નજરે જોવા મળ્યું. આવી સ્થિતપ્રજ્ઞતા જ તેમની પરમ શાંતિનું રહસ્ય છે.

આમ सुखेषु विगतस्पृहः એમ કહીને ગીતા આપણને બ્રાહ્મી સ્થિતિની થિયરી સમજાવે છે અને ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજના જીવનપ્રસંગોમાં પ્રત્યક્ષ નિહાળી આપણે અધ્યાત્મના સર્વોચ્ચ શિખરને સર કરી શકીએ છીએ.

## પંચમ લક્ષણઃ
### વીતરાગઃ
### આસક્તિરહિત જીવન

વીતરાગઃ (ગીતા ૨/૫૬) એટલે આસક્તિરહિત જીવન. બ્રાહ્મી સ્થિતિનું આ પાંચમું લક્ષણ છે.

રાગ શબ્દ વ્યાકરણશાસ્ત્રની દૃષ્ટિએ 'रञ्ज्' ધાતુમાંથી બનેલો છે. 'रञ्ज्' ધાતુનો અર્થ થાય છે - રંગવું.

માનવી જ્યારે કોઈ પણ વસ્તુ કે વ્યક્તિમાં આસક્ત થાય છે ત્યારે વાસના તે માનવીનાં અંતઃકરણને પોતાના રંગોથી રંગી નાંખે છે. એટલે જ આ વાસનાને રાગ કહેવામાં આવે છે. હા, તે સમયે બુદ્ધિ કાર્ય ન કરે એવું નથી હોતું, પરંતુ ત્યારે એ બુદ્ધિ જે કાંઈ કરે તે પોતાની વાસનાને અનુકૂળ રહીને જ કરે છે. આસક્તિના જબરજસ્ત પ્રભાવમાં બુદ્ધિ દબાયેલી રહે છે. આવી પરિસ્થિતિમાં પોતાના માનસિક વલણને સમજવામાં ભૂલ કરી બેસવાની શક્યતાઓ વધી જાય છે. પોતે લીધેલા નિર્ણયો જ સાચા નિર્ણયો લાગે. પોતાનું આચરણ જ યોગ્ય લાગે. રાગના રંગોની આ કરામત છે.

બ્રાહ્મી સ્થિતિમાં વીતરાગી થવાનું રહસ્ય સમાયું છે.

પરમાત્મા-અનુરાગી થયા પછી માયાવી રાગને કોઈ અવકાશ રહેતો નથી એમ ગીતાનું કહેવું છે.

સત્પુરુષો સદાય આવી વીતરાગી અવસ્થામાં રાચતા હોય છે.

પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રીપ્રમુખસ્વામી મહારાજ અમેરિકા ખાતે એટલાન્ટામાં બિરાજમાન હતા. એક દિવસ રસોડા વિભાગના સ્વયંસેવકો આજની રસોઈની વાનગીઓથી ભરેલો થાળ લઈને આવ્યા. એક સ્વયંસેવકે સ્વામીશ્રીને પૂછ્યું, 'બાપા, આમાંથી આપને શું ભાવે?' સ્વામીશ્રી તરત જ કહે, 'ભગવાન જે જમે તે બધું જ ભાવે. ભગવાનના થાળમાં જે આવે તે જમી લેવું.'

સન ૧૯૯૫માં સ્વામીશ્રીની પ્રેરણા અને પ્રચંડ પુરુષાર્થથી લંડનમાં ભવ્ય બી.એ.પી.એસ. મંદિરનું નિર્માણ થઈ રહ્યું હતું. સ્વામીશ્રી મંદિર પ્રતિષ્ઠા નિમિત્તે લંડન પધાર્યા હતા. ત્યાં નૂતન હવેલીનું કામ પણ ચાલતું હતું. તે નિહાળવા સ્વામીશ્રી પધાર્યા. ત્યારે ત્યાં મેલવીન નામનો એક અંગ્રેજ કારીગર કામ કરતો હતો. તેને સાધુ બ્રહ્મવિહારીદાસે સ્વામીશ્રીના બ્રહ્મચર્યની વાત કરી. તેને આશ્ચર્ય થયું. તેથી સ્વામીશ્રી જ્યારે તેની નજીક આવ્યા ત્યારે તેણે એકદમ જ પૂછી લીધું કે કેટલા સમયથી સ્વામીજી આ બ્રહ્મચર્યનું પાલન કરે છે? અંગ્રેજીમાં તેનો ઉત્તર આપતા સાધુ બ્રહ્મવિહારીદાસ કહે, '૬૦ વર્ષથી.' આ સાંભળી સ્વામીશ્રી તુરંત બોલ્યા કે, '૬૦ વર્ષથી નહીં પણ ૭૫ વર્ષથી આ વ્રત પળાય છે.' (જન્મથી જ વિષયભોગની કામના જાગી નથી એમ તેઓના શબ્દોનું તાત્પર્ય હતું. કારણ કે સ્વામીશ્રીની ઉંમર ત્યારે ૭૫ વર્ષની હતી.)

સંપ્રદાયના વિદ્વાન સંત સાધુ શ્રુતિપ્રકાશદાસ સ્વામીએ એકવાર પોતાની ભાવના ગુરુહરિ શ્રીપ્રમુખસ્વામી મહારાજ સમક્ષ પ્રગટ કરતા કહ્યું કે બનારસમાં પંડિતોની હાજરીમાં મહામહોપાધ્યાય તરીકે આપનું સન્માન થાય એવી પ્રાર્થના અમે છપૈયામાં કરી છે.

આ સાંભળી સ્વામીશ્રી કહે, 'એ બધું તો પંડિતોને શોભે, અમારે તો સ્વામી મળ્યા એટલે મહામહોપાધ્યાય થઈ ગયા.'

આમ ગીતા રાગ-શૂન્યતાનો નિર્દેશ કરી બ્રાહ્મી સ્થિતિને સમજાવે છે.


સુનતે રહો... સુનાતે રહો...
દિન હો યા રાત

# અક્ષર અમૃતમ્... અક્ષર અમૃતમ્...


## બી.એ.પી.એસ. ઓડિયો સ્ટ્રિમિંગ એપ

અક્ષરનું અમૃત માણો અક્ષર અમૃતમ્ એપ દ્વારા...
આપના મોબાઇલ કે આઈપેડ વગેરે ટેબલેટમાં નિ:શુલ્ક માણો
હજારો કીર્તનો, પ્રવચનો, કથાઓ અને જીવનચરિત્ર તથા અન્ય ગ્રંથોની
ધ્વનિમુદ્રિત ઓડિયો બુક્સની મોજ...

**એન્ડ્રોઇડ, IOS બન્ને મોબાઈલ કે ટેબલેટ પર ઉપલબ્ધ...**





**બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવના ઉપક્રમે તેમનાં ચરણે ભજન -ભક્તિના રસામૃતની અનોખી અંજલિ...**

**પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા પ્રસ્તુત...**

ઉપર રહેલ ક્યૂઆર કોડના ચિત્રને આપના મોબાઈલ ફોન કે ટેબલેટના કેમેરા દ્વારા સ્કેન કરો અને બી.એ.પી.એસ. સંસ્થાની વેબસાઈટ પર જઈ અક્ષર અમૃતમ્ એપ્લિકેશન ડાઉનલોડ કરો. અથવા પ્લે સ્ટોર કે એપ સ્ટોર પર જઈ ડાઉનલોડ કરો.

**પ્રયોજક: બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા**


## एषा ब्राह्मी स्थितिः

મહામહોપાધ્યાય સાધુ ભદ્રેશદાસ

**દ્વિતીય ભાગ**

# આ છે બ્રાહ્મી સ્થિતિ...

**૫૦૦૦ વર્ષ પહેલાં ભગવાન શ્રીકૃષ્ણે ઉચ્ચારેલી વાણી જ્યારે નજરે દેખાય છે...**



# બ્રાહ્મી સ્થિતિનાં નવ લક્ષણોની સુંદર છણાવટ...

## બ્રહ્મસ્વરૂપ શ્રી પ્રમુખસ્વામી મહારાજ એટલે ભગવદ્ગીતા કથિત બ્રાહ્મી સ્થિતિનું મૂર્તિમંત સ્વરૂપ...



ભગવાન શ્રીકૃષ્ણે શ્રીમદ્ ભગવદ્ગીતામાં વર્ણવેલી બ્રાહ્મી સ્થિતિનાં પ્રથમ પાંચ લક્ષણો આ લેખમાળાના પ્રથમ ભાગમાં આપણે માણ્યાં. જેમાં લૌકિક કામનાઓનો ત્યાગ, પરમાત્માથી જ સંતુષ્ટ, દુઃખમાં ઉદ્વેગ ન પામવાની સ્થિરતા, લૌકિક સુખની કોઈ સ્પૃહા નહીં અને આસક્તિ રહિત જીવન. એ પાંચ લક્ષણોની વાત આપણે સમજ્યા. ભગવદ્ગીતા પાંચમા લક્ષણની સાથે જ છઠ્ઠા અને સાતમા લક્ષણને સાંકળે છે. ત્યારબાદ આઠમા અને નવમા લક્ષણની વિભાવના આપે છે. મહામહોપાધ્યાય સાધુ ભદ્રેશદાસ આ દ્વિતીય ભાગમાં બ્રાહ્મી સ્થિતિનાં એ અન્ય ચાર લક્ષણોની છણાવટ કરે છે. આવો, તેને માણીએ...

### ષષ્ઠમ લક્ષણઃ
### વીતભયઃ
### ભયરહિત જીવન

વીતભયઃ (ગીતા ૨/૫૬) એટલે ભયરહિત જીવન. બ્રાહ્મી સ્થિતિનું આ છઠ્ઠું લક્ષણ છે.

ભય, બીક, ડર!

સંપૂર્ણપણે આંતરિક રીતે બનતી આ બાબત છે. ભય એક પ્રકારનો માનસિક વિકાર છે. કોઈ ને કોઈ પ્રકારના ભયથી માનવી પીડાતો જ હોય છે. જાણે મનુષ્યમાત્ર પર તેણે પોતાનું સામ્રાજ્ય જમાવ્યું છે! કોઈને અમુક વસ્તુનો ભય હોય. કોઈને અમુક ક્રિયાનો, કોઈને અમુક વ્યક્તિ, જીવ-જંતુ, પક્ષી કે પ્રાણીનો કે પછી કોઈને અમુક પરિસ્થિતિનો.

આધુનિક ભાષામાં આવા ભયને ફોબિયા (Phobia) કહે

છે. આજે દુનિયાભરમાં આ પ્રકારના ભયના નિવારણ માટે ઘણા પ્રકારની મનોવૈજ્ઞાનિક પદ્ધતિઓનો પ્રચાર-પ્રસાર થયો છે. ઔષધિઓ પણ શોધાઈ છે. આમ છતાં આ પદ્ધતિઓ કે ઔષધોના ઉપચાર દ્વારા પણ માનવી સંપૂર્ણપણે ભયરહિત જીવનનો અહેસાસ કરી શક્યો નથી. તેની સામે ગીતામાં સંભળાતો આ સ્થિતપ્રજ્ઞતાનો ઉપદેશ આપણને નિર્ભયતાની ભૂમિકાએ પહોંચાડવાની ક્ષમતા ધરાવે છે. ભગવાન સર્વકર્તાહર્તા છે, ભગવાન સર્વનિયામક છે, ભગવાન જ સર્વોપરી સત્તા છે. એ ભગવાન મારી સાથે છે, મારી સામે છે, પ્રત્યક્ષ છે... આ પ્રકારે ભગવત્સ્વરૂપના નિશ્ચયની ગાંઠ બુદ્ધિમાં બંધાઈ જાય તેને દુનિયાની કઈ વસ્તુ ભય પમાડી શકે?

સત્પુરુષો સર્વથા, સર્વદા અને સર્વત્ર નિર્ભયતાથી ભરેલા હોય છે. તેઓની ક્રિયાઓમાં, વિચારોમાં કે સમજણોમાં બ્રાહ્મી સ્થિતિનો પ્રભાવ ખૂબ સહજપણે ઝળહળતો હોય છે. સર્વોપરી, સર્વકર્તા અને સર્વશક્તિમાન પરમાત્મસ્વરૂપના ઉત્તમ-નિર્વિકલ્પ-નિશ્ચયથી તેમની બુદ્ધિ છલોછલ હોય છે. આથી તેઓ ક્યારેય, ક્યાંય પણ, કોઈનાથી પણ, કોઈ પણ રીતે ભય પામતા નથી. તેમનું અંતઃકરણ સદાય શાંત સરોવર જેવું નિર્મળ હોય છે. વાયુ રહિત સ્થળમાં મૂકેલ દીવાના જ્યોતની જેમ તેઓની બુદ્ધિ જરાય કંપ્યા વગર અત્યંત સ્થિરતા ધરી રહે છે.

૧૯૮૧ની વાત છે. ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવ અમદાવાદમાં ઊજવવાનો હતો. ૩૭ દિવસ ઉત્સવ ચાલવાનો હતો. પરંતુ મહોત્સવના આરંભ પહેલાં જ અમદાવાદમાં અનામત આંદોલન શરૂ થયું. દિવસે દિવસે આંદોલન ઉગ્ર બનતું ગયું. પરિસ્થિતિ વધુ સ્ફોટક બનતી જતી હતી. ખાસ કરીને સાબરમતી આશ્રમ પાસે જ્યાં ઉત્સવ ઊજવવાનો હતો તે સ્થળ જ ચારે બાજુ તોફાનથી ઘેરાયેલું હતું. આવા સંજોગોમાં ઉત્સવ કેમ થશે? એવા ભયથી આયોજનમાં સેવા આપતા સંતો, કાર્યકરોનાં મન ચિંતિત હતાં. તૈયારીઓ તો જોર-શોરથી શરૂ થઈ હતી, પરંતુ હવે બીક લાગતી હતી કે ચાલુ ઉત્સવે જો તોફાન થાય અને જાનહાનિ કે માલહાનિ થાય તો ભારે મુશ્કેલી સર્જાશે. આથી સૌ સ્વામીશ્રી પાસે દોડી ગયા. વર્તમાન પરિસ્થિતિની ભયજનકતાનો ચિતાર સ્વામીશ્રી સમક્ષ રજૂ કર્યો. સૌને પાક્કી ખાતરી હતી કે સ્વામીશ્રી પણ આ વિગત સાંભળી, વિચાર કરી ઉત્સવ કરવાનો વિચાર માંડી વાળશે. પરંતુ સ્વામીશ્રીએ તો શાંત ચિત્તે સૌને સાંભળ્યા. હવે શું કરવું? એ અંગે સૌનો મત લીધો. બધાએ જ્યારે સર્વાનુમતે જણાવ્યું કે ઉત્સવને મોકૂફ રાખ્યા સિવાય બીજો કોઈ ઉપાય સૂઝતો જ નથી, ત્યારે અત્યંત નિર્ભયતાથી, દૃઢતાથી અને શાંત ચિત્તે સ્વામીશ્રીએ જણાવ્યું કે 'આપણે ઉત્સવ તો નક્કી કર્યા પ્રમાણે જ ઊજવવો છે. મહારાજ બધું સારું કરશે. મહારાજનું કામ છે, તે મહારાજ કરશે. દેશકાળ ઊડાડી દેશે.'

સ્વામીશ્રીના શબ્દોમાં ભગવત્સ્વરૂપની નિશ્ચળ નિષ્ઠા અને શ્રદ્ધા પડઘાતી હતી. ગીતાની સ્થિતપ્રજ્ઞતાનો આ પ્રત્યક્ષ પુરાવો હતો. સ્વામીશ્રીની સ્થિતપ્રજ્ઞ સ્થિતિએ સૌ આયોજકોના ભયને દૂર કરી દીધો. સૌને બળ મળ્યું. સૌ પુનઃ નિર્ભયતાથી સેવામાં જોડાઈ ગયા. અને ખરેખર, સૌના આશ્ચર્ય વચ્ચે ઉત્સવ શરૂ થતાં સુધીમાં જ વાતાવરણ નિયંત્રણમાં આવી ગયું. નિર્વિઘ્ને ઉત્સવ ઊજવાઈ ગયો.

આમ ગીતા બ્રાહ્મી સ્થિતિના નિરૂપણ દ્વારા આપણને નિર્ભયતાનું વરદાન આપે છે.

## સપ્તમ લક્ષણઃ
## વીતક્રોધઃ
## ક્રોધરહિત જીવન

વીતક્રોધઃ (ગીતા ૨/૫૬) એટલે ક્રોધરહિત જીવન. બ્રાહ્મી સ્થિતિનું આ સાતમું લક્ષણ છે.

ક્રોધ, ગુસ્સો - એક આંતરિક લાગણી છે. આપણા મનોરથના માર્ગને કોઈ અવરોધે છે ત્યારે આપણી બુદ્ધિ આહત થઈ બેસે છે અને પરિણામે તે અવરોધ કરનાર સામે ક્રોધાગ્નિ ભડકી ઊઠે છે.

આ પરિસ્થિતિમાં આંતરિક શાંતિ સાવ ખોરવાઈ જાય છે. બુદ્ધિ વિવેકપૂર્ણ વિચાર કરવાનું સામર્થ્ય ખોઈ બેસે છે અને એક પ્રકારની મૂર્ખતાને વશ થઈ જાય છે. પછી તેની પ્રતિક્રિયાઓ છેક શારીરિક સ્તર સુધી પણ પહોંચે છે.

મનુષ્ય જ્યારે ક્રોધના આવેગમાં ઝડપાય છે ત્યારે તે આંતરિક પરિવર્તનની સાથે બાહ્ય શરીર ઉપર પણ ઘણાં પરિવર્તનો અનુભવે છે. જેમ કે તેની ભાષા બદલાઈ જાય. અપશબ્દો અથવા ન બોલવાનું બોલવા લાગે. આંખો લાલ થઈ જાય. હોઠ તથા અન્ય ગાત્રો ધ્રૂજવા લાગે. ન કરવાનું કરી બેસે. ઉતાવળે અયોગ્ય નિર્ણયો કરી તેને તુરંત જ અમલમાં મૂકવા રઘવાયો થઈ જાય. શરીરમાં લોહીનું દબાણ વધવા લાગે. નાડીના ધબકારા અણધારી સીમાએ જઈ પહોંચે અને હૃદય આહત થવા લાગે, વગેરે. આમ ક્રોધનાં પરિણામો ભયાનક હોય છે. જેમ વંટોળિયો કે વાવાઝોડું

થોડી ક્ષણો માટે જ આવે પરંતુ તેનાથી થયેલા નુકસાનને ભરપાઈ કરતાં વરસો વીતી જાય અથવા તો ભરપાઈ થાય જ નહીં. એવું જ ક્રોધનું છે. ક્રોધનાં વાવાઝોડાંમાં સમજણના દીવાઓનું કાંઈ ઠેકાણું રહેતું નથી. ખરેખર, ક્રોધના હેતુઓ કરતાં એનાં પરિણામો કેટલાં હાનિકારક હોય છે તે વિચારની ઉપેક્ષા ન કરવી જોઈએ. ક્રોધની અસર બંને બાજુ થાય છે. હા, મોટે ભાગે તો તે ક્રોધ કરનારને વધુ નુકસાન પહોંચાડે છે.

'ભગવાનની ઇચ્છા વગર કાંઈ થતું નથી', 'ભગવાન જે કરે તે સારા માટે જ હોય', 'ભગવાન સામેવાળામાં રહી મારી કસોટી કરે છે', 'મને મારી ભૂલો સુધારવાની તક આપે છે'... વગેરે પ્રકારના નિશ્ચયો જેની બુદ્ધિમાં સ્થિર થયા હોય તેને ક્રોધના આવેગો ક્યારેય આવે નહીં. તેનાં અંતઃકરણનું શાંત સરોવર ક્યારેય ડહોળાય નહીં.

આથી ગીતા વીતક્રોધ - ક્રોધરહિત રહેવાનો ઉપદેશ આપે છે.

ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજના ક્રોધરહિત જીવનનો આપણે અનેક વાર અનુભવ કર્યો છે. સદાય બ્રાહ્મી સ્થિતિમાં રાચનાર તેમના જીવનમાં ક્રોધને ભભકવાનો કોઈ અવકાશ જ રહેતો ન હતો.

સન ૧૯૮૬માં પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજને થાપામાં થયેલ ગાંઠનું ઓપરેશન મુંબઈમાં કરવામાં આવ્યું હતું. ઓપરેશન પછી સ્વામીશ્રી એક હરિભક્તના ઘરે આરામ માટે રોકાયા હતા. એક દિવસ તે હરિભક્તના મિત્ર તેમના ઘરે આવ્યા હતા. એ મિત્ર મોટા રાજકીય નેતા. તેમનું ભણતર પણ સારું. તેઓને જાણ થઈ કે સ્વામીશ્રી અહીં છે એટલે તેઓ સ્વામીશ્રીની સમીપ આવ્યા. દર્શન અને તબિયત પૂછવાની વાત તો એક બાજુ પર રહી, પરંતુ એક સામાન્ય માનવી પણ દાખવે એવા શિષ્ટાચારને બદલે, તેમણે રોષ કરવા માંડ્યો. તેઓના કોઈક મિથ્યા પૂર્વગ્રહનો દાવાનળ ત્યાં ને ત્યાં જ ફાટી નીકળ્યો. અતિ ક્રોધના આવેગમાં આવી જઈ સાવ બિનપાયેદાર આક્ષેપોનો ટોપલો અતિ હલકા અને કર્કશ શબ્દોમાં સ્વામીશ્રી પર નાંખ્યો. સામાન્ય માણસની બુદ્ધિ પણ એટલું સમજતી હોય કે બીમાર માણસને તો ફક્ત ખબર-અંતર જ પૂછવાનાં હોય. પરંતુ આ પ્રસંગમાં તો એક સુશિક્ષિત અને જવાબદાર માણસ વિપરીત રીતે વર્ત્યા. સ્વામીશ્રીના પ્રતિભાવોમાં કોઈ વિપરીતતા ન હતી. તેઓ અત્યંત શાંત હતા. સ્વબચાવનો એક શબ્દ પણ ન બોલ્યા. એટલું જ નહીં પણ જ્યારે સાથેના સંત તે ભાઈના અવિવેકને સુધારવા ગયા, તો તેમને પણ સ્વામીશ્રીએ વાર્યા. તેમને ઊભરો ઠાલવવા દીધો. આ દૃશ્ય જોનાર સૌનાં અંતર સમસમી ઊઠ્યાં. મનમાં આક્રોશ ઘેરાવા લાગ્યો, જ્યારે સ્વામીશ્રી તો 'વીતક્રોધ'ની બ્રાહ્મી અવસ્થા ધારણ કરીને શાંત ચિત્તે સહન કરી રહ્યા હતા.

૨૪મી જૂન ૨૦૦૨, મંગળવારની સાંજે ૪-૪૫ વાગ્યે ગાંધીનગર સ્થિત અક્ષરધામમાં આતંકવાદી ઘટના બની. ગણતરીની ક્ષણોમાં તો હાહાકાર મચી ગયો. સિવિલ હોસ્પિટલમાંથી મળેલા આંક પ્રમાણે કુલ ૩૩ નિર્દોષ વ્યક્તિઓના પ્રાણ લેવાયા. જેમાં ૧ એન.એસ.જી. કમાન્ડો, ૨ સ્ટેટ પોલીસ કમાન્ડો, ૨૫ દર્શનાર્થીઓ, ૪ અક્ષરધામમાં જ સેવા આપતા સ્વયંસેવકો સાથે એક સંતનો પણ સમાવેશ થતો હતો.

જેમ જેમ નિર્દોષો પર થયેલ આ અત્યાચારના સમાચાર ફેલાતા ગયા, લોકોમાં રોષ ફેલાતો ગયો. ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ સહિત ૧૬ રાજ્યોમાં જાહેરબંધનું એલાન થયું. દિલ્હી, મુંબઈ, લખનઉ, જયપુર વગેરે ૩૫ જેટલાં શહેરોમાં સજ્જડ બંધ પળાયો. કેટલીય રાજકીય તથા બિનરાજકીય સંસ્થાઓ આ ઘટનાના પ્રત્યુત્તરની વિચારણા કરવા લાગી. કેટલાયને ઈંટનો જવાબ પત્થરથી આપવાના વિચારો આવવા લાગ્યા. આ પરિસ્થિતિમાં અક્ષરધામના સર્જક શ્રીપ્રમુખસ્વામી મહારાજના પ્રતિભાવની જાણે ઘણા લોકો પ્રતીક્ષા કરી રહ્યા હતા. સ્વામીશ્રી પોતાના આશ્રિતોને આ દુષ્કૃત્યનો બદલો લેવા તેજાબી આદેશો કરશે એમ કેટલાયનું અનુમાન હતું. કેવળ આશ્રિતો જ નહીં, આખો ભારત દેશ એ આદેશને પળવારમાં સ્વીકારી લે અને દેશભરમાં બદલાની આગ સળગી ઊઠે એવા સંજોગો હતા. પરંતુ આ સંજોગોમાં પ્રમુખસ્વામી મહારાજની જે પ્રતિક્રિયા હતી, તેમાં વિશ્વશાંતિનું રહસ્ય હતું, આનંદમય જીવનની ગંગોત્રી હતી.

એ પ્રતિક્રિયા હતી – સ્થિતપ્રજ્ઞતાની.

કોઈ પણ મનુષ્યની બુદ્ધિમાં ક્રોધના અંગારા વેરતા વિચારો આવવા લાગે તેવી સ્થિતિમાં સ્વામીશ્રીનાં અંતઃકરણમાં કોઈ ખળભળાટ ન હતો. બુદ્ધિની સ્વસ્થતા અને વિવેકશીલતામાં લગારેય વિકૃતિ કે વિચલિતતા ન હતી. પરમશાંતિના ઝરણામાં કોઈ મલિનતા ન હતી. જેવા સમાચાર મળ્યા કે તુરંત તેઓ એકાગ્ર ચિત્તે સ્વામિનારાયણ ભગવાનની ધૂનમાં જોડાઈ ગયા. વધુ આતંક ન થાય, પીડિતોને રાહત થાય, મૃતકોને સદ્‌ગતિ મળે અને લોકોને દુઃખ સહન કરવાનું બળ મળે તે માટે ભગવાનને ગદ્‌ગદભાવે પ્રાર્થના કરી. (યાદ રહે કે જ્યારે સ્વામીશ્રીએ કેટલાક

દિવસો પછી ઘટનાસ્થળની મુલાકાત લીધી ત્યારે જે જે સ્થળે દર્શનાર્થીઓનું મૃત્યુ થયું હતું ત્યાં જઈ ભગવાનની પ્રસાદીનું જળ છાંટી તેઓની સદ્‌ગતિ માટે પ્રાર્થના કરી હતી. એટલું જ નહીં પરંતુ આતંકવાદીઓ જે સ્થળે મૃત્યુ પામ્યા હતા ત્યાં પણ જઈ તેઓની સદ્‌ગતિ માટે પણ પ્રાર્થના કરતાં પ્રસાદીભૂત જળ છાંટ્યું હતું.) તેઓને એ પણ ખ્યાલ હતો કે આ સંજોગોમાં લોકો રોષે ભરાશે અને દેશભરમાં જીવલેણ તોફાનો ફાટી નીકળશે. તેથી તરત જ તેમણે જાહેર જનતા માટે આ પ્રસંગે કોઈ પણ પ્રકારનો બદલો ન લેવા, તોફાનો ન કરવા અને સંપૂર્ણપણે શાંતિ જાળવવા અપીલ કરી. અને ખરેખર, એ અપીલે સમગ્ર દેશને કોમી હુલ્લડોની આગમાં ભસ્મીભૂત થતાં બચાવ્યો. વિશ્વભરના દેશોમાં આ આતંકના સમાચારથી સૌને આંચકો તો લાગ્યો જ હતો, પરંતુ તેની સામે શ્રીપ્રમુખસ્વામી મહારાજની જે શાંતિમય પ્રતિક્રિયા હતી તેના સમાચારથી સૌનાં હૈયાં સાનંદ આશ્ચર્યચકિત થઈ ગયાં. તેઓને વધુ આશ્ચર્ય તો ત્યારે થયું જ્યારે શ્રીપ્રમુખસ્વામી મહારાજે અક્ષરધામ પરિસરમાં બંદૂકની ગોળીનું નિશાન લોકોની નજરે ન ચઢે તે રીતે સમારકામ કરી દેવા આદેશ કર્યો. કારણ તેઓ જાણતા હતા કે જ્યાં સુધી ગોળીઓનાં નિશાન રહેશે ત્યાં સુધી લોકોનાં હૃદયનો ઘા રુઝાશે નહીં.

સ્વામીશ્રીના આ પ્રતિભાવની વિશ્વફલક પર ખૂબ ઊંડી અસર થઈ. વાસ્તવમાં ભારત સરકારે આ ઓપરેશનનો મુખ્ય ચાર્જ જેમને સોંપ્યો હતો, તે એન.એસ.જી. કમાન્ડો ટીમના બ્રિગેડિયર શ્રીમાન રાજ સીતાપથીજીએ પોતાના સાથીદારોને આ ઓપરેશનનું નામ ‘થંડર બોલ્ટ’ આપ્યું હતું. પરંતુ ઓપરેશન પૂર્ણ થયા પછી તેના પ્રત્યાઘાતરૂપે ગુજરાત તથા અન્ય રાજ્યોમાં કોઈ તોફાન કે સામાન્ય હલચલ પણ ન જોતાં, અને સંપૂર્ણ શાંતિમય વાતાવરણ જોતાં, દેશના સર્વોચ્ચ નેતાઓએ જણાવ્યું કે સમગ્ર દેશની પ્રજામાં આજે જે શાંતિ સ્થપાઈ છે તે માટે શ્રીપ્રમુખસ્વામી મહારાજની શાંતિની અપીલ, તેમનું આક્રોશ રહિત વર્તન અને ઉદાર વ્યવહાર જ કારણભૂત છે. આતંકવાદનું લક્ષ્ય માત્ર અક્ષરધામ પર હુમલો કરવાનું નહોતું, પરંતુ તેના દ્વારા સમગ્ર સમાજમાં કોમી હુલ્લડો ફેલાવીને સમાજને છિન્નભિન્ન અને અસ્થિર કરવાનું હતું. આતંકવાદીઓનું તે લક્ષ્ય સ્વામીશ્રીના શાંત, ક્રોધ-રહિત વલણથી સફળ ન થયું.

આથી જ આ આતંકવાદી હુમલા પછી જર્મનીમાં હાઈડલબર્ગ ખાતે મળેલી વિશ્વપરિષદમાં (World Conference) આ સમગ્ર ઘટના અને તેમાં શ્રી પ્રમુખસ્વામી મહારાજે અપનાવેલ વલણનો કેસ સ્ટડી (Case Study) રજૂ કર્યો ત્યારે ત્યાં ઉપસ્થિત સૌ સભ્યોએ આ વાતને વધાવી લેતો ઠરાવ પસાર કર્યો હતો કે દુનિયામાં કોઈ પણ સ્થળે ધાર્મિક સંસ્થા પર હુમલો થાય ત્યારે Akshardham Response આપી Forget and Forgiveની Philosophy અપનાવવી જોઈએ. શ્રી પ્રમુખસ્વામી મહારાજના આ વલણથી દુનિયામાં Akshardham Response નામનો નવો પ્રયોગ શરૂ થયો.

આ આતંકી ઘટના અને તેના પ્રત્યાઘાતના સમાચાર સાંભળી ન્યૂયોર્કના સેનેટર અને અમેરિકાની હોમ લેન્ડ સિક્યોરિટીના ચીફ શ્રીમાન માઈકલ બાલબોની કહે છે કે ત્રાસવાદ સામે શાંતિભર્યું વલણ અપનાવી શ્રી પ્રમુખસ્વામીજીએ માનવસમાજને શાંતિની કદાચ સૌથી મોટી ભેટ આપી છે.

આથી જ તા. ૨૬-૯-૨૦૦૨ના રોજ સારંગપુરમાં ભારતના તત્કાલીન સંરક્ષણ મંત્રી શ્રીમાન જ્યોર્જ ફર્નાન્ડિઝ સ્વામીશ્રીના દર્શનાર્થે પધાર્યા ત્યારે તેમણે કહ્યું કે ‘आपके शब्द एक विशेष महत्त्व रखतें हैं। केवल शांति प्रस्थापित करने तक नहीं बल्कि आतंकवाद के विषय पर एक नया ज्ञान देने की शक्ति आपके शब्द में है।’

ખરેખર, સ્વામીશ્રીએ કરેલ શાંતિની અપીલ ગીતોક્ત બ્રાહ્મી સ્થિતિનું પ્રતિબિંબ છે.

આમ ગીતા वीतरागभयक्रोधः (ગીતા ૨/૫૬) કહીને આપણને બ્રાહ્મી સ્થિતિની થિયરી સમજાવે છે અને ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં તેને પ્રત્યક્ષ નિહાળી સાચી રીતે આત્મસાત્ કરવાની પ્રેરણા મળે છે.

## અષ્ટમ લક્ષણઃ

### मत्परः

### પરમાત્મ-પરાયણતા

मत्परः (ગીતા ૨/૬૧) એટલે પરમાત્મ-પરાયણતા. પરમાત્મ-પરાયણતા બ્રાહ્મી સ્થિતિનું આઠમું લક્ષણ છે. પરમાત્મ-પરાયણ જીવન જીવવું એ બ્રાહ્મી સ્થિતિનો આગવો ગુણ છે.

સૌથી શ્રેષ્ઠ પરમાત્મા છે. તેમનું સ્વરૂપ સર્વશ્રેષ્ઠ છે. તે સ્વરૂપને જે પ્રાપ્ત કરી ચૂક્યો તેને બીજી કોઈ ઈચ્છા રહેતી નથી. તેમનો શબ્દ સર્વશ્રેષ્ઠ છે. જે તેનો અનુભવ કરે છે, તેને સંસારનો કોઈ પણ શબ્દ આકર્ષી શકતો નથી. તેમનો

સ્પર્શ સર્વશ્રેષ્ઠ છે. તેની જેને અનુભૂતિ થઈ, તે દુનિયાના કોઈ સ્પર્શમાં લોભાતો નથી. તેમનું રૂપ સર્વશ્રેષ્ઠ છે, તેને નિહાળીને જે ન્યાલ થયો તેના માટે સંસારનાં સઘળાં રૂપ તુચ્છ થઈ જાય છે. તેમનો રસ સર્વશ્રેષ્ઠ છે, તેનો આસ્વાદ જે એકવાર ચાખી જાય તેને દુન્યવી કોઈ વસ્તુ રસાળ લાગતી નથી. તેમનો ગંધ સર્વથી શ્રેષ્ઠ છે, તેને જે માણે છે તેને બીજે ક્યાંય સુગન્ધિતા લાગતી નથી. તેમના સર્વ ગુણો સર્વશ્રેષ્ઠ છે. તેનું જેને દર્શન થાય છે, તેના માટે સંસાર-ભોગ સારહીન બની જાય છે. આ જ રીતે તેમનું સુખ, તેમનો આનંદ સર્વથી શ્રેષ્ઠ છે. તેને જે ભોગવે છે, તેને બીજું કાંઈ સુખદાયી કે આનંદપ્રદ લાગતું નથી.

બ્રહ્મસ્વરૂપ ગુરુહરિ સદાય આવી મત્પરઃની સ્થિતિમાં વર્તે છે. તેમનું સમગ્ર જીવન પરમાત્મ-સાક્ષાત્કારની ભૂમિકા પર સુસ્થિર રહીને વીતે છે. પ્રભુ મળ્યાના પરિતોષથી તેમનું અસ્તિત્વ સદાય છલકાતું રહે છે. આથી જ તો તેમને ઇન્દ્રિયો કે વિષયો વિચલિત કરી શકતાં નથી. તેઓની પ્રજ્ઞા પરમાત્મ-રસમાં એવી તો તરબોળ થયેલી હોય છે, કે દુન્યવી કોઈ વસ્તુમાં તેઓને રસ-વાસના ઊપજતાં જ નથી.

પરમ પૂજ્ય શ્રીપ્રમુખસ્વામી મહારાજના જીવનમાં ગીતામાં દર્શાવેલ આ મત્પરઃની સ્થિતિ ખૂબ નજીકથી નિહાળવા મળી છે.

સન ૧૯૯૮ના સપ્ટેમ્બર માસમાં એડિસન (અમેરિકા) ખાતે અમેરિકાના વિખ્યાત વર્તમાનપત્ર ફિલાડેલ્ફિયા ઈન્કવાયરરના તંત્રી અને પુલિત્સર પુરસ્કાર વિજેતા શ્રી રોનાલ્ડ પટેલ પ્રમુખસ્વામી મહારાજનો ઈન્ટરવ્યૂ લઈ રહ્યા હતા. સ્વામીશ્રીએ થોડા સમય પહેલાં જ હૃદયની બાયપાસ સર્જરી કરાવી હતી. શ્રી રોનાલ્ડ તે સમયના સ્વામીશ્રીના અનુભવો વિષે જાણવા ઉત્સુક હતા.

શ્રીરોનાલ્ડે પૂછ્યું: ''આપ જ્યારે બાયપાસ સર્જરી પછી ભાનમાં આવ્યા અને આપને ભાન થયું કે આપ પૃથ્વી પર છો ત્યારે આપને સૌથી પહેલો વિચાર કયો સ્ફૂર્યો?''

''ભગવાનનો.'' સ્વામીશ્રીએ પળનાય વિલંબ વગર પ્રત્યુત્તર આપ્યો.

''સર્જરી બાદ ભાનમાં આવ્યા ત્યારે આપને એવો ખેદ ન થયો કે હું પાછો આવ્યો પરંતુ ભગવાન પાસે પહોંચી ન શક્યો?'' રોનાલ્ડે ઝીણી આંખો કરી સ્વામીશ્રીને ફરી પ્રશ્ન કર્યો.

''ના, ભગવાન અખંડ સાથે જ છે.'' સ્વામીશ્રીએ સાહજિક પ્રતિભાવ આપ્યો. પરમાત્મ-સાક્ષાત્કારની પ્રતીતિ કરવતા આ શબ્દોથી શ્રી રોનાલ્ડનું હૃદય અહોભાવે છલકાઈ



ગયું.

તા. ૨૮-૨-૧૯૮૫ના રોજ દૈનિક અખબાર જન્મભૂમિ-પ્રવાસીના પ્રતિનિધિ શ્રીસોમપુરાએ સ્વામીશ્રીને એક પ્રશ્ન પૂછ્યો, ''આપને ભગવાનનો સર્વપ્રથમ અનુભવ ક્યારે થયો હતો?''

''પહેલેથી જ એ અનુભૂતિ છે.'' સ્વામીશ્રીએ કહ્યું. શ્રીસોમપુરા માટે આ અણધાર્યો જવાબ હતો. પરંતુ સ્વામીશ્રીનો શાસ્ત્રીય પરિચય એમાં પ્રતિબિંબિત થતો હતો.

તા. ૨-૧૧-૧૯૯૧ના રોજ રાજકોટમાં એક યુવાને સ્વામીશ્રીને પૂછ્યું:

''આપે ભગવાનનાં દર્શન કર્યાં છે?''

''કર્યાં છે ત્યારે તો આનંદ છે. જોયા છે એટલે તો વાત કરીએ છીએ.'' સ્વામીશ્રીએ સાહજિક ઉત્તર આપ્યો.

''તો આપને ભગવાન તાદૃશ જ છે?'' યુવાને ફરી પાકું કરવા પૂછ્યું.

''હા, તાદૃશ છે.'' સ્વામીશ્રીએ કહ્યું. પરમાત્મ-પ્રતીતિનો પ્રભાવ સાંભળનાર સૌએ નિહાળ્યો.

આમ સ્થિતપ્રજ્ઞ સત્પુરુષોનાં હૈયાં સદાય પરમાત્મ-પ્રતીતિથી ભરેલાં હોય છે. પરિણામે અનાસક્તિનાં વરદાન તેઓને સહેજે જ વરેલાં હોય છે.

એકવાર પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ જામનગરમાં બપોરનું ભોજન લઈ રહ્યા હતા. તે વખતે ભગવત્ચરણદાસ સ્વામીએ સ્વામીશ્રીને કહ્યું: ''મેં આ આખું મકાન જોઈ કાઢ્યું. બધું જ વ્યવસ્થિત છે. સરસ છે. આપને કેવું લાગ્યું?''

''અમારે તો બધું સરખું છે. બંગલા શું ને બંગલી શું? ભગવાનની ઇચ્છાથી જે મળે તે સારું જ છે.'' સ્વામીશ્રીએ સ્થિતપ્રજ્ઞતા ભર્યો પ્રત્યુત્તર વાળ્યો.

સ્વામીશ્રી એટલાન્ટામાં (અમેરિકા) બિરાજમાન હતા. એક દિવસ રસોડા વિભાગના સ્વયંસેવકો આજની રસોઈની વાનગીઓથી ભરેલો થાળ લઈને આવ્યા. એક સ્વયંસેવકે સ્વામીશ્રીને પૂછ્યું, ''બાપા, આમાંથી આપને શું ભાવે?'' સ્વામીશ્રી તરત જ કહે, ''ભગવાન જે જમે તે બધું જ ભાવે. ભગવાનના થાળમાં જે આવે તે જમી લેવું.''

જેણે ખરેખર રામરસ ચાખી લીધો હોય તેમની પાસેથી આવા જ પ્રત્યુત્તરો સાંભળવા મળે.

લંડનમાં એકવાર એક દુકાનમાં સ્વામીશ્રીએ પધરામણી કરી. દુકાનના માલિક હરિભક્તે સ્વામીશ્રીને પૂછ્યું: ''બાપા, દુકાન ગમી?'' સ્વામીશ્રી કહે: ''એમાં ગમવાનું શું હોય? બધું ધૂળનું જ છે. ભગવાન ભજાય એટલું સાચું.''

એક વાર બોચાસણમાં સંતો સ્વામીશ્રીને વીંટળાઈને બેઠા હતા. હળવી વાતો થતી હતી. આજે અહીંના મુકામનો આ છેલ્લો દિવસ હતો. એટલે જનમંગલદાસ સ્વામી ઠાવકાઈથી કહે: ''આપ અહીં આટલું રહ્યા એટલે અહીં સેટ થઈ ગયું હોય, પછી બીજે જવાનું મન થાય?''

''કેમ ન થાય? બધે સેટ થયેલા જ છીએ ને! થવાનું ક્યાં રહ્યું?'' સ્વામીશ્રી બોલી ઊઠ્યા. પછી ધીરેથી કહે, ''બધે ભગવાનની કથા ને ભજન કરવાનાં છે. એમાં સેટ થયા એટલે સેટ. બાકી રહેવા-કરવામાં સેટ થવાનું છે? અમુક જ સ્થાન ફાવે એવી વાત જ નહીં. ભગવાનની કથાવાર્તા-સેવા થાય એટલું જ સુખ, એ જ સેટ થયા, સમજ્યા?''

મત્પર:માં ઉદ્ઘોષાયેલ પરમાત્મ-સાક્ષાત્કારની બુલંદીના આ પડઘા છે.

આમ મત્પર: (ગીતા ૨/૬૧) કહીને ગીતા આપણને બ્રાહ્મી સ્થિતિની થિયરી સમજાવે છે અને ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં તે સ્થિતિને પ્રત્યક્ષ નિહાળી આપણે તેનો સાચો અર્થ અનુભવી શકીએ છીએ.

## નવમું લક્ષણ:
## निरहंकार:
## અહંકારશૂન્ય જીવન

'निरहंकार:' (ગીતા ૨/૭૧) એટલે અહંકારશૂન્ય જીવન. બ્રાહ્મી સ્થિતિનું આ નવમું લક્ષણ છે.

अहं करोमि अहं करोमि હું જ કરું છું - હું જ કરું છું એવું માની લેવું તે અહંકાર છે. અહંતા-મમતાનું મૂળ છે. જ્યાં હું છે, ત્યાં જ મારું છે. મમતા-અહંતાના સામ્રાજ્યનો જ વિસ્તાર છે. વળી જ્યાં અહંકારની સત્તા હોય ત્યાં અશાંતિ, ક્લેશ, કંકાસ અને ચિંતા હોય જ. અહંકાર અને શાંતિ ક્યારેય ભેગાં ન હોય. એટલે શાંતિનાં મૂળ નિરહંકારિતામાં સમાયાં છે. આથી ગીતા આપણને 'निरहंकार:' (ગીતા ૨/૭૧) કહીને બ્રાહ્મી સ્થિતિના પાઠ શીખવે છે.

નિરહંકાર એ તો બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો અતિ આગવો ગુણ હતો. નિરભિમાનિતા તેમને સહજ સિદ્ધ હતી. જે मत्पर: (ગીતા ૨/૬૧) હોય તે निरहंकार: (ગીતા ૨/૭૧) હોય જ. ભગવાન જ સર્વકર્તાહર્તા છે એ પ્રમુખસ્વામી મહારાજનો સ્થાયી ભાવ હતો. હું કરું છું એવો ભાવ ક્યારેય તેમના જીવનમાં જોવા મળ્યો નથી. તેઓ એક વિશ્વવ્યાપી સંસ્થાના પ્રમુખ હતા. તેમણે ભણેલ-ગણેલ અને


સુખી-સંપન્ન અનેક યુવાનોને સંસારની માયા છોડાવી અધ્યાત્મમાર્ગે પ્રેર્યા છે. તેમના હસ્તે સેંકડો મંદિરો રચાયાં છે. દેશવિદેશનાં અનેક મહાનુભાવોએ તેમના આધ્યાત્મિક વિરલ વ્યક્તિત્વને બિરદાવ્યું છે. તેઓને વિશ્વવિક્રમી પારિતોષિકો પણ મળ્યાં છે. તેમની કૃપાથી અનેકના દુર્ગુણો ટળ્યા છે. અનેક લોકોમાં સદ્‌ગુણો ખીલ્યા છે. આમ છતાં તેમની વાણીમાં કે વર્તનમાં ક્યાંય ક્યારેય લેશમાત્ર અહંકાર જોવા મળ્યો નથી.

તા. ૮-૮-૧૯૮૬ ના રોજ વિદ્યાનગરમાં યુવકોએ પ્રમુખસ્વામી મહારાજ સાથે પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ ગોઠવ્યો. તેમાં સ્વામીશ્રીને યુવકોએ પૂછ્યું કે ''અમને પ્રવૃત્તિ સંબંધી જવાબદારી સોંપાતાં મગજ પર ટેન્શન રહે છે. જ્યારે આપને ઘણી જ પ્રવૃત્તિઓ અને જવાબદારીઓ હોવા છતાં આપ હળવા ફૂલ જણાવો છો એનું શું રહસ્ય છે?''

ત્યારે જવાબ આપતા સ્વામીશ્રીએ જણાવ્યું કે, ''રહસ્યમાં એટલું જ છે કે આપણે કાંઈ કરતા નથી. ભગવાન કરે છે. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ કરે છે. હું કરું છું એવું થાય તો ટેન્શન વધે. આપણે તો એમના આદેશો ઉપાડીએ છીએ. પરિણામ સારું આવે કે બીજી રીતનું આવે તોય બધું ભગવાન કરે છે. એક જ વસ્તુ સમજાય એટલે બોજો જણાતો નથી.''

તા. ૪-૧-૨૦૦૨ના રોજ સ્વામીશ્રીએ અમદાવાદમાં સભામાં સુંદર આશીર્વાદ આપ્યા. તે સંદર્ભમાં વિવેકજીવનદાસ સ્વામીએ સ્વામીશ્રીને કહ્યું કે, ''આપે આજે આશીર્વાદ બહુ સરસ આપ્યા. આપ બહુ સારું બોલો છો.'' ત્યારે સ્વામીશ્રી કહે, ''આપણને કાંઈ બોલતા આવડતું નથી. ભગવાન પ્રેરણા કરે છે તે બોલાય છે.''

૨૦૦૧ની સાલમાં ગુજરાત ભયંકર ભૂકંપથી ધ્રુજી ઊઠ્યું હતું. કચ્છ-ભુજમાં ભારે નુકસાન થયું હતું. તે સમયે સ્વામીશ્રીના આદેશથી સંસ્થાના સંતો-હરિભક્તોએ અથાગ પરિશ્રમ ઊઠાવી સેવા કરી હતી. સ્વામીશ્રી પોતે પણ રાત્રે મોડે સુધી જાગીને ભૂકંપ પીડિતોની સેવા માટેના આયોજનોમાં વ્યસ્ત રહેતા હતા. તે જ વર્ષે ચાર મહિના પછી તેઓ દુબઈ ગયા. તેમની પ્રેરણાથી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા થયેલ આ રાહત કાર્યથી ત્યાંના ભાવિકો ખૂબ પ્રભાવિત થયા હતા. તા. ૬-૪-૨૦૦૧ના રોજ એક વિશિષ્ટ સભામાં અન્ય વક્તાઓએ સ્વામીશ્રીના આ કાર્યને ખૂબ વધાવ્યું. તે સભામાં સ્વામીશ્રીએ આશીર્વાદ દરમ્યાન ભૂકંપ અને તેના રાહત કાર્યો અંગે જણાવતાં કહ્યું, ''ભૂકંપ એ દૈવી કોપ છે. આવી આફતોનો આપણે સામનો કરવાનો છે. આપણને ભગવાનમાં શ્રદ્ધા છે કે તે બધું સારું કરશે. આવા પ્રસંગે બી.એ.પી.એસ. સંસ્થાએ જે કાર્ય કર્યું છે, તે પણ ભગવાનની ઇચ્છાથી જ થયું છે. વળી તમને મદદ કરવાની જે પ્રેરણા થઈ, તે પણ ભગવાનની ઇચ્છાથી



જ થઈ છે. લોકોને જે મદદ મળી, તે પણ ભગવાનની ઈચ્છાથી જ મળી છે. વળી જે આ દુઃખ આવ્યું તે પણ ભગવાનની ઈચ્છાથી આવ્યું છે. અને ક્લિન્ટન (બીલ ક્લિન્ટન, અમેરિકાના તત્કાલીન પ્રેસિડેન્ટ) દોડી આવ્યા તે પણ ભગવાનની ઈચ્છાથી.'' સ્વામીશ્રીના વાક્યે વાક્યે વિલસતી ભગવાનના કર્તાપણાની સમજણથી પરિપક્વ નિરહંકારિતા દ્વારા ગીતાની બ્રાહ્મી સ્થિતિનો મર્મ પ્રગટ થઈ રહ્યો હતો.

વિશ્વફલકે વિસ્તરેલી એક વિરાટ સંસ્થાના કર્ણધારની બ્રાહ્મી સ્થિતિથી રસબસ આ નિરહંકારી કાર્યશૈલી એમની સફળતાનું રહસ્ય છે.

આમ 'निरहंकारः' (ગીતા ૨/૭૧) કહીને ગીતાએ બ્રાહ્મી સ્થિતિની થિયરી સમજાવી છે અને ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં તે પ્રત્યક્ષ નિહાળી તેનો સાચો અર્થ આપણે સમજી શકીએ છીએ, તે પ્રમાણે આપણું જીવન ઘડીએ છીએ.

## एषा ब्राह्मी स्थितिः
## આ છે સાક્ષાદ્ બ્રહ્મની સ્થિતિ

આ રીતે ભગવદ્‌ગીતાના બીજા અધ્યાયમાં (૧) प्रजहाति यदा कामान् એટલે કે સર્વ કામનાઓનો ત્યાગ, (૨) आत्मन्येवात्मना तुष्टः પરમ સંતોષ, (૩) दुःखेष्वनुद्विग्नमनाः દુઃખમાં ઉદ્વેગ ન પામવો, (૪) सुखेषु विगतस्पृहः સુખમાં છકી ન જવું, (૫) वीतरागः આસક્તિરહિત જીવન જીવવું, (૬) वीतभयः ભયરહિત જીવન જીવવું, (૭) वीतक्रोधः ક્રોધશૂન્ય જીવન જીવવું, (૮) मत्परः પરમાત્મપરાયણ થવું તથા (૯) निरहंकारः અહંકારરહિત જીવન જીવવું - એમ આધ્યાત્મિક જીવનના નવ ગુણોને દર્શાવ્યા છે. હવે તે સર્વ ગુણોનો સમાવેશ બ્રાહ્મી સ્થિતિમાં કરતાં બીજા અધ્યાયના અંતિમ શ્લોકમાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે -

'एषा ब्राह्मी स्थितिः पार्थ' (ગીતા ૨/૭૨) 'હે પાર્થ, આ બ્રહ્મની સ્થિતિ છે' અર્થાત્ મનુષ્યરૂપે અવતરેલ ગુરુરૂપ અક્ષરબ્રહ્મની આ જીવનશૈલી છે. ઉપરોક્ત સર્વ ગુણો બ્રહ્મસ્વરૂપ ગુરુહરિમાં સહજ સિદ્ધ હોય છે, હંમેશાં હોય છે. તેઓ તો પોતે જ સાક્ષાત્ બ્રહ્મ છે. એમ છતાં અતિ કૃપાએ કરી મુમુક્ષુઓને તેમના જેવી જ બ્રાહ્મી સ્થિતિ પમાડવા, પરબ્રહ્મની યથાર્થ ભક્તિના અધિકારી બનાવવા પોતાના જીવનમાં સહજતાથી દર્શાવી મુમુક્ષુઓના આદર્શ બને છે.

## ફળશ્રુતિ
## न विमुह्यति, ब्रह्मनिर्वाणमृच्छति
## મોહ ન પામે, બ્રહ્મધામ પામે

કોઈ મુમુક્ષુ ભગવદ્‌ગીતામાં નિરૂપાયેલ બ્રાહ્મી સ્થિતિની થિયરી સમજે અને સાથે સાથે જો પ્રત્યક્ષ અક્ષરબ્રહ્મ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજ જેવા ગુરુહરિની જીવનશૈલીમાં તેનો સાક્ષાત્કાર કરે તો તેને કેવાં ફળ મળે? તે દર્શાવતાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છેઃ 'नैनां प्राप्य विमुह्यति' એને પ્રાપ્ત કરનાર ક્યારેય મોહ પામતો નથી. જીવતાં મુક્તિનો અહેસાસ કરે. વળી 'स्थित्वास्याम् अन्तकालेपि ब्रह्मनिर्वाणम् ऋच्छति' અર્થાત્ જીવનની અંતિમ ક્ષણે પણ જો બ્રાહ્મી સ્થિતિને આત્મસાત્ કરે તો તે બ્રહ્મનિર્વાણને પામે એટલે કે બ્રહ્મધામ કે અક્ષરધામને પામે. આમ જીવન્મુક્તિ અને વિદેહમુક્તિ બ્રાહ્મી સ્થિતિની ફળશ્રુતિ છે એમ અહીં કહ્યું છે.


### સમાપન

આ રીતે બ્રાહ્મી સ્થિતિ ભગવદ્‌ગીતાની આદર્શમૂર્તિ છે. સૌ મુમુક્ષુ માટે જીવનનું પરમ ધ્યેય છે. આ ધ્યેયને પ્રાપ્ત કરી શકીએ તે માટે સ્વયં અક્ષરબ્રહ્મ આ પૃથ્વી ઉપર મનુષ્યરૂપે અવતરે છે. આપણે ભાગ્યશાળી છીએ કે ભગવદ્‌ગીતામાં 'एषा ब्राह्मी स्थितिः' કહીને જે અક્ષરબ્રહ્મની જીવનશૈલીનો ઉપદેશ કર્યો છે તે સાક્ષાત્ અક્ષરબ્રહ્મ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજ તથા પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ આપણને પ્રત્યક્ષ મળ્યા છે. આપણે તેમનો લાભ લીધો છે, લઈ રહ્યા છીએ અને લઈશું. એનો અર્થ એવો થાય કે આપણે ભગવદ્‌ગીતામાં પ્રતિપાદિત થયેલ બ્રાહ્મી સ્થિતિના શબ્દોના જીવંત ઉદાહરણનો જ સાક્ષાત્ લાભ લીધો છે, અત્યારે લઈ રહ્યા છીએ અને ભવિષ્યમાં લઈશું. હવે તેમનામાં દૃઢ આત્મબુદ્ધિ કરી આપણે પણ આ પ્રત્યક્ષ બ્રહ્મની સ્થિતિ આત્મસાત્ કરીએ. જેથી આપણા મનની કામનાઓ ટળી જાય. પ્રત્યક્ષ નારાયણ-સ્વરૂપની પ્રાપ્તિમાં જ પરમ સંતોષનો અનુભવ થાય. દુઃખમાં ઉદ્વેગ ન થાય. સુખમાં છકી ન જવાય. રાગ, ભય અને ક્રોધ નાશ પામે. પરમાત્મા સ્વામિનારાયણ પરાયણ જીવન બને. અહંકાર ઓગળી જાય અને જીવનમાં સદાય બ્રાહ્મી સ્થિતિના પરમ આનંદનો વૈભવ ઝળહળતો રહે.

અસ્તુ. ◆

# સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના સત્સંગ સમાચાર



## નેનપુરમાં પૂજ્ય મહંત સ્વામી મહારાજની અમૃતવર્ષા...

નેનપુરની પવિત્ર ધરતી પર શાંતિવનમાં છેલ્લા એક વર્ષ કરતાં વધારે સમયથી બિરાજમાન પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ દિવ્ય ઉત્સવ-પ્રસંગોમાં અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના પડઘમ ગુંજાવી રહ્યા છે. આજે સમગ્ર વિશ્વ કોરોનાની મહામારી સામે ઝઝૂમી રહ્યું છે ત્યારે કોરોનાની આ બીજી લહેરની અજંપાભરી સ્થિતિમાંથી સમગ્ર વિશ્વ હેમખેમ બહાર આવે અને સૌનું સ્વાસ્થ્ય નિરામય રહે તે માટે સ્વામીશ્રી સતત ભગવાન સ્વામિનારાયણનાં ચરણોમાં પ્રાર્થના કરી રહ્યા છે અને અસરગ્રસ્તોને સહાય પ્રાપ્ત થાય તે માટે પ્રેરણા અને માર્ગદર્શન આપી રહ્યા છે. નિત્ય પ્રાતઃકથાનાં આશીર્વચનોમાં પણ સ્વામીશ્રી કોરોના અંગેની વિશેષ જાગૃતિ માટે સતત માર્ગદર્શન આપે છે. સમયાંતરે સ્વહસ્તે પત્રો લખીને પણ જરૂરી સલાહ સૂચન આપે છે. ઉપરાંત ઉત્સવ-પ્રસંગોમાં સ્વામીશ્રી દિવ્ય આધ્યાત્મિક લાભ આપી સૌને પ્રેરણાબળ આપે છે. દેશ-પરદેશમાં વસતા અસંખ્ય હરિભક્તો સપ્તાહમાં બે વાર ઓનલાઇન માધ્યમ દ્વારા ઘરે બેઠાં ગુરુહરિની પ્રાતઃપૂજાનાં દર્શન લાભ પ્રાપ્ત કરે છે. ઓનલાઇન માધ્યમ દ્વારા સ્વામીશ્રીની પ્રાતઃપૂજામાં સંતો જુદા જુદા મંદિરેથી કીર્તનભક્તિ રેલાવી પોતાની કલા પાવન

કરીને ભક્તિ અદા કરે છે. સંસ્થા દ્વારા પ્રસારિત થતી સત્સંગ સભાઓનો આસ્વાદ માણી લાખો ભક્તો ભાવિકો અધ્યાત્મબળ પ્રાપ્ત કરી રહ્યા છે. જુદાં જુદાં શિખરબદ્ધ મંદિરોના પાટોત્સવ નિમિત્તે સ્વામીશ્રી ઓનલાઇન માધ્યમથી તે મંદિરની મૂર્તિઓ પર અભિષેક કરી રૂડા આશીર્વાદ પાઠવે છે. પત્રો અને ટેલિફોન દ્વારા નિત્ય થોકબંધ આવતા હરિભક્તોના પ્રશ્નો સાંભળીને સ્વામીશ્રી સૌને ઉચિત માર્ગદર્શન અને આશીર્વાદ આપે છે.

માર્ચ-એપ્રિલ માસમાં સ્વામીશ્રીએ જુદા જુદા ઉત્સવ પ્રસંગોએ આપેલા દિવ્ય સત્સંગલાભનું અને સંતો-ભક્તો સાથે યોજાયેલી આધ્યાત્મિક ગોષ્ઠિઓમાં સ્વામીશ્રીના અંતરેથી વહેલાં અમૃતબિંદુઓનું અહીં આચમન કરીએ...

## ■ મૂર્તિપ્રતિષ્ઠા વિધિ

તા. ૧૦-૩-૨૦૨૧ના રોજ સ્વામીશ્રીએ દેશવિદેશમાં રચાયેલ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓનો પ્રાણ-પ્રતિષ્ઠાવિધિ કર્યો હતો. જેમાં સોનગઢ (ઉકાઈ ક્ષેત્ર), સિંહોલ (આણંદ ક્ષેત્ર), બા (ફીજી દેશ) વગેરે ખાતે રચાનાર મંદિરની મૂર્તિઓ તથા પર્થ(ઓસ્ટ્રેલિયા)માં પ્રતિષ્ઠિત થનાર શ્રી નીલકંઠવર્ણી મહારાજની મૂર્તિમાં વેદોક્ત પ્રાણપ્રતિષ્ઠા વિધિ કર્યો હતો. સિંહોલ મંદિરના ધજાદંડ અને કળશનું પણ પૂજન કર્યું હતું. આ પ્રસંગે મહંત સ્વામી મહારાજે દરેક મંદિરના તમામ સેવાભાવી હરિભક્તોને આશીર્વાદ પાઠવ્યા હતા.

## ■ નેનપુરમાં વાર્ષિકોત્સવ

તા. ૧૮-૩-૨૦૨૧ના રોજ સ્વામીશ્રીના નેનપુર રોકાણનો ૩૬૫મો દિવસ હતો. નેનપુર ખાતે બિરાજતા સ્વામીશ્રીને અહીં એક વર્ષ પૂર્ણ થતાં આ સમગ્ર દિનની ઉજવણી ‘નેનપુર સંવત્સર’ના મધ્યવર્તી વિચાર સાથે થઈ હતી.

પ્રાતઃપૂજાથી લઈને સંધ્યા સભા સુધી વિવિધ સભાઓ, વૃક્ષારોપણ, અન્નકૂટ વગેરે દ્વારા અદ્વિતીય અને ભક્તિસભર રીતે ઉજવણી થઈ હતી.

## ■ અમેરિકા ખાતે સેમિનાર

તા. ૨૦-૩-૨૦૨૧ના રોજ સ્વામીશ્રીએ અમેરિકા ખાતે યોજાનાર ‘નોર્થ અમેરિકા લીડરશિપ સેમિનાર’નો દીપપ્રાગટ્ય કરીને શુભારંભ કર્યો. ગુરુભક્તિ મધ્યવર્તી વિચાર સાથે યોજાયેલ આ સેમિનારમાં સ્વામીશ્રીએ આશીર્વાદ અને બીજા દિવસે હરિભક્તોને મુંઝવતા પ્રશ્નોનું સમાધાન કરીને બળ પૂરું પાડ્યું હતું.

## ■ ભગતજી પર્વ

તા. ૨૬ માર્ચથી ૨૮ માર્ચ દરમ્યાન બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજને વંદના કરતું ‘ભગતજી મહારાજ પર્વ’ યોજાયું હતું. શ્રુતિપ્રકાશ સ્વામી, અમૃતસ્વરૂપદાસ સ્વામી, ત્યાગવલ્લભદાસ સ્વામી, ભક્તિ-સાગરદાસ સ્વામી, ઈશ્વરચરણદાસ સ્વામી, વિવેકસાગરદાસ સ્વામી વગેરે વિદ્વાન સંતોએ બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજના જીવન સંબધિત સતત ત્રિદિવસ સુધી વ્યાખ્યાનો કરીને ભગતજી મહારાજને અંજલિ અર્પી હતી. નિત્ય સંધ્યા સમયે યોજાયેલા આ ત્રિદિવસીય કાર્યક્રમનું ભારત અને વિદેશોમાં પ્રસારણ થયું હતું. જેનો દેશ-વિદેશમાં હજારો ભક્તોએ લાભ માણ્યો હતો. સ્વામીશ્રીએ આ પર્વે ભગતજી મહારાજનાં ઉપદેશ વચનોના વાંચનની સાથે ખૂબ હૃદયસ્પર્શી નિરૂપણ દ્વારા ભગતજી મહારાજનો મહિમા વર્ણવ્યો હતો.

આ ભગતજી મહારાજ પર્વની ચરમસીમા રૂપે તા. ૨૮-૩-૨૦૨૧ના રોજ તેઓની ૧૯૨મી જન્મજયંતી ભક્તિભાવપૂર્વક ઊજવાઈ હતી. આ ઉત્સવ ઉપક્રમે યોજાયેલી પ્રાસંગિક સભામાં ભગતજી મહારાજના દિવ્ય જીવન-કાર્યો વર્ણવાયાં હતાં. સાથે સાથે ‘પ્રગટ ભગતજી’ સ્વામીશ્રીને સૌએ હરખે વધાવ્યા હતા.

## ■ બાયપાસ સર્જરી સ્મૃતિ

તા. ૨૫-૩-૨૦૨૧ના રોજ સ્વામીશ્રીના હૃદયના બાયપાસ ઓપરેશનને ૨૩ વર્ષ પૂર્ણ થયાં હતાં. મુંબઈના વિખ્યાત હાર્ટસર્જન ડૉ. સુધાંશુ ભટ્ટાચાર્યના હસ્તે સ્વામીશ્રીની આ બાયપાસ સર્જરી થઈ હતી. આ નિમિત્તે પ્રાતઃસભામાં તેની સ્મૃતિઓ કરવામાં આવી હતી. વર્ષો પછી સ્વામીશ્રી ગુરુપદે આવ્યા ત્યારબાદ ડૉ. ભટ્ટાચાર્યે સ્વામીશ્રી સાથેની મુલાકાત દરમ્યાન ઉચ્ચારેલા શબ્દોની વીડિયો સ્મૃતિ કરવામાં આવી.

૧૯૯૭માં તેમણે સ્વામીશ્રીનું બાયપાસ ઑપરેશન કર્યું હતું. તેમણે સ્વામીશ્રીનું ઑપરેશન કર્યું, તેની સ્મૃતિમાં સરી પડતાં તેઓ કહે : ‘But I tell you one thing, nobody had that feeling. I can't duplicate that feeling also.’

ભટ્ટાચાર્યજી ગુજરાતી પણ સારું બોલે છે, અહોભાવમાં તેમની આ અનુભૂતિ તેમણે જ ગુજરાતીમાં પણ

રજૂ કરતાં કહ્યું: 'મહંત સ્વામી મહારાજનું ઑપરેશન કરતાં મને જે અનુભવ થયો તે હું ડુપ્લિકેટ (બીજી વાર) ન કરી શકું. I haven't got it again, but that time it felt as if I was operating on somebody special. And my feeling now is, this man was destined, to be the chief of this organization. But I had that feeling at that stage when I operated him.' (હું તેને ફરી વાર મેળવી ન શકું, પણ તે વખતે મને લાગ્યું કે હું કોઈ ખાસ વ્યક્તિ પર ઑપરેશન કરી રહ્યો છું. અને અત્યારે મને અનુભવ થાય છે કે આ પુરુષ અલગ હતા, આ સંસ્થાના પ્રમુખ બનનાર, પણ આ અનુભૂતિ હું તેમનું ઑપરેશન કરતો હતો ત્યારે થઈ રહી હતી.)

ભાવમાં ને ભાવમાં આગળ બોલતાં તેઓ કહે: ''उस वक्त मैंने तेजस को कहा कि मुझे कुछ अलग अनुभव हो रहा है।''

પછી કહે: 'I believe that there is a supernatural power, which touches and goes.' (હું માનું છું કે એક દિવ્ય અલૌકિક શક્તિ છે, જે સ્પર્શીને જતી રહે છે.)

ડૉ. ભટ્ટાચાર્યજી બુદ્ધિ, તર્ક અને કર્મપ્રધાન વ્યક્તિ છે. પણ તે સ્વામીશ્રીથી ખરેખર ખૂબ પ્રભાવિત હતા. તેમણે પરત પધાર્યા બાદ પણ ઈમેલ કરીને જણાવ્યું હતું: 'Every word I said is true from my heart.' (હું બોલ્યો તે પ્રત્યેક શબ્દ સત્ય અને મારા હૃદયમાંથી ઉદ્‌ભવેલો છે.)

આજે આ બધી સ્મૃતિઓ કરવામાં આવી. સેવક સંતોએ પણ પોતાના સ્વાનુભવો વર્ણવ્યા. બધા અનુભવોનો સાર એટલો જ હતો કે સ્વામીશ્રી દેહાતીત બ્રાહ્મી સ્થિતિમાં વર્તનારા દિવ્ય પુરુષ છે.

આજના દિવસે સ્વામીશ્રીએ વિશિષ્ટ સ્મૃતિ આપતા સીવણકામનો સંચો ચલાવીને ભગતજી મહારાજે ચંદની સીવી હતી તેની સ્મૃતિ કરાવી હતી.

- તા. ૩૦-૩-૨૦૨૧ના રોજ સ્વામીશ્રીએ કોરોનાની રસીનો પ્રથમ ડોઝ લીધો હતો. સંપૂર્ણ નોર્મલ અને સ્વસ્થ સ્વામીશ્રીએ સત્સંગ સમાજને પણ કોરોનાની વેક્સિન લેવા અપીલ કરી હતી.



મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના આચાર્ય શ્રી પરમ પૂજ્ય પુરુષોત્તમપ્રિયદાસજી મહારાજના ધામગમન બાદ તેઓના અનુગામી આચાર્ય શ્રી પરમ પૂજ્ય શ્રી જિતેન્દ્રપ્રિયદાસ સ્વામીજીનો ચાદર-અર્પણ વિધિ તા. ૧૫-૩-૨૦૨૧ના રોજ યોજાયો હતો. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે તેઓને આ પ્રસંગે હૃદયપૂર્વકની શુભેચ્છાઓ દર્શાવતો સ્નેહપત્ર પાઠવ્યો હતો. પરમ પૂજ્ય જિતેન્દ્રપ્રિયદાસ સ્વામીજીની હૃદયની ભાવના હતી કે મહંત સ્વામી મહારાજ આ પ્રસંગે ઉપસ્થિત રહે, પરંતુ તેમ શક્ય ન હોવાથી સ્વામીશ્રીએ તા. ૧૩-૩-૨૦૨૧ના રોજ વીડિયો કોન્ફરન્સ દ્વારા પૂજ્ય જિતેન્દ્રપ્રિયદાસ સ્વામીજી સાથે મુલાકાત કરીને તેમને ખૂબ ખૂબ અભિનંદન અને શુભકામનાઓ પાઠવી હતી. એટલું જ નહીં, તા. ૧૫-૩-૨૦૨૧ના રોજ મણિનગર મંદિર ખાતે યોજાયેલા ભવ્ય સમારંભમાં, સ્વામીશ્રીએ તેઓને પોતાની શુભેચ્છાઓ પાઠવતાં ભગવી શાલ, પુષ્પહાર, પ્રસાદ વગેરે લઈને બી.એ.પી.એસ. સંસ્થા વતી ચાર સંતોને આ સમારંભમાં મોકલ્યા હતા. સ્વામીશ્રીના આ સ્નેહ અને સૌહાર્દથી પરમ પૂજ્ય જિતેન્દ્રપ્રિયદાસ સ્વામીજી અને સૌએ પ્રસન્નતા દર્શાવી હતી.



# પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની ઉપસ્થિતિમાં વર્ચ્યુઅલ માધ્યમથી ઊજવાયો પુષ્પદોલોત્સવ

સૌનાં તન-મનને રંગ, ઉમંગ અને આનંદથી રંગતો ઉત્સવ એટલે રંગોત્સવ, પુષ્પદોલોત્સવ!

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના સાંનિધ્યમાં પ્રતિવર્ષે રંગેચંગે ઊજવાતા આ ઉત્સવે હજારો હરિભક્તો સારંગપુરમાં અનોખો આનંદ માણતા હતા. પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે પણ એ જ પરંપરા વહેતી રાખી છે.

આ વર્ષે કોરોના મહામારીના ઉપદ્રવને લક્ષ્યમાં રાખીને આ ઉત્સવ અન્ય ઉત્સવોની જેમ વર્ચ્યુઅલ માધ્યમથી જ ઊજવાયો હતો. આજે ઉત્સવનું આયોજન એવું હતું કે ટેક્નોલોજીના માધ્યમથી સ્વામીશ્રીના સાંનિધ્યમાં આજે પ્રત્યેક ઘરે અને પ્રત્યેક મંદિરે પુષ્પદોલોત્સવ ઊજવાયો હોય તેવો માહોલ રચાયો હતો.

પુષ્પદોલોત્સવના આ ઉત્સવનો મંગલ પ્રારંભ થયો - પરમ પૂજ્ય સ્વામીશ્રીની પ્રાતઃ પૂજાથી. સવારે ૬-૦૦ વાગે હજારો હરિભક્તો સ્વામીશ્રીની પ્રાતઃપૂજામાં જોડાઈ ગયા હતા. સ્વામીશ્રીનું આજનું પૂજાનું સ્થળ પણ વિશિષ્ટ હતું. નેનપુરના ભાગ્યવંત વટવૃક્ષની ગોદ! એ વટવૃક્ષ નીચે પ્રકૃતિમાં ભળી જાય તેવો સુંદર ઉપમંચ રચવામાં આવ્યો હતો. તેના પર ઉત્તરમુખે પૂજાસને સ્વામીશ્રી બિરાજ્યા. તેઓની જમણી તરફ સુંદરતમ ૧૨ બારણાંનો હિંડોળો શોભી રહ્યો હતો. અને તેમાં શોભી રહ્યા હતા સુવર્ણ-રંગી અક્ષરપુરુષોત્તમ મહારાજ. સ્વામીશ્રીના આ પૂજાદર્શન સમગ્ર વિશ્વ માટે 'લાઈવ' હતા. સ્વામીશ્રીની પ્રાતઃપૂજામાં સારંગપુરના સંગીતજ્ઞ સંતો-સાધકોએ 'શ્રીહરિએ કરેલા રંગોત્સવ'ના મધ્યવર્તી વિચાર સાથે ભક્તિમય કીર્તનો રેલાવ્યાં. નારાયણમુનિદાસ સ્વામીએ પ્રત્યેક પદને સાંકળ દ્વારા ગૂંથી લીધું હતું.

પ્રાતઃપૂજાના અંત ભાગમાં રોજ થતી પ્રાર્થના સૌએ 'મહાબળવંત માયા તમારી...' પ્રાર્થનાપદના સમૂહગાન દ્વારા કરી.

નારાયણમુનિદાસ સ્વામીએ વર્તમાન સમયાનુસાર સુંદર પૂર્વભૂમિકા



બાંધતાં કહ્યું, ''સત્પુરુષની રંગવાની રીત અલૌકિક હોય છે. તે સૌએ પ્રમુખસ્વામી મહારાજમાં અનુભવ્યું અને આજે મહંત સ્વામી મહારાજમાં પણ અનુભવી રહ્યા છીએ કે -

*'નહીં કોઈ રંગ કે નહીં ગુલાલ,*
*નહીં ચંદન નહીં કંકું;*
*નહીં પીચકારી, નહીં ફૂવારો,*
*તોય રોમે-રોમ ભીંજાયું...'*

ત્યારબાદ વીડિયો-સ્મૃતિ રજૂ થઈ, જેમાં પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે પુષ્પદોલોત્સવમાં આપેલા દિવ્યલાભની સ્મૃતિઓ સૌનાં અંતરને રંગભીનાં કરતી રહી. ત્યારબાદ પૂજ્ય ઈશ્વરચરણ સ્વામી અને પૂજ્ય ડૉક્ટર સ્વામીએ અનુક્રમે 'મહાબળવંત માયા તમારી...' વિષયક પ્રેરણાવચનો પાઠવ્યાં.

પુનઃ પરમ પૂજ્ય સ્વામીશ્રીનાં દર્શન સ્ક્રિન પર થયાં. હવે પરમ પૂજ્ય સ્વામીશ્રી વટવૃક્ષ અને નિંબતરુની મધ્યમાં રચાયેલ ૧૨ બારણાંના હિંડોળામાં શ્રી અક્ષર-પુરુષોત્તમ મહારાજ સાથે દર્શન આપી રહ્યા હતા. એ દર્શન થતાં જ સૌ આનંદિત થઈ ઊઠ્યા.

દેશવિદેશના સમગ્ર બી.એ.પી.એસ. સત્સંગ સમાજ વતી પૂજ્ય ડૉક્ટર સ્વામીએ સારંગપુરથી અને આત્મ-સ્વરૂપદાસ સ્વામીએ નેનપુરમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીને પુષ્પમાળાથી વધાવ્યા.

આવા સુંદરતમ દર્શનની સ્મૃતિ રૂપે સારંગપુરના સંતોએ કીર્તન ઉપાડ્યું, *'નેનપુર ગામ ફૂલવાડીએ રે, હિંડોળો વડલાની ડાળ...'* અને યાંત્રિક કરામતથી ૧૨ બારણાંનો હિંડોળો ગોળ-ગોળ ફરવા લાગ્યો.

કીર્તનની પૂર્ણાહુતિ બાદ પરમ પૂજ્ય સ્વામીશ્રીએ આશીર્વચનો વહાવતાં જણાવ્યું, 'સંતોએ સ્વામિ-નારાયણ ભગવાનના રંગોત્સવનાં કીર્તનો ગાયાં, બધું તાદૃશ થયું, આનંદ-આનંદ થઈ ગયો... શ્રીજી મહારાજની સ્મૃતિ ન હોય તો બધું મીંડું થઈ જાય. શ્રીજીમહારાજને લીધે ખરેખર રંગ જામ્યો... અને અત્યારે એના એ જ શ્રીજીમહારાજ સંત દ્વારા પ્રગટ છે. શ્રીજીમહારાજ ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજમાં પ્રગટ રહ્યા. એટલે પાત્ર બદલાય પણ શ્રીજી મહારાજ તો એના એ જ છે. શ્રીજીમહારાજ સદાય સત્સંગમાં પ્રગટ જ છે. પ્રગટ ન હોય તો આ બધી જે સુખ-શાંતિ આપણને મળે છે એ ન હોય.

હરિભક્તો સંતો બધા દિવ્ય જ છે, શ્રીજીમહારાજના સંબંધમાં આવી ગયા એટલે. અમે નેનપુરમાં છીએ, પણ એ તો અક્ષરધામ જ છે. શ્રીજીમહારાજનો સંબંધ થાય એટલે, કાંઈ બાકી રહે નહીં. શ્રીજીમહારાજનો સંબંધ સંત દ્વારા થયો - શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ દ્વારા. એટલે કાંઈ બાકી રહે નહીં.

બે વાત છેઃ (૧) સ્થૂળ રીતે બધું લઈએ તો એમાંય મજા આવે. કારણ કે શ્રીજીમહારાજનો સંબંધ છે, પણ (૨) સમજણ સહિત બધું કરીએ, તો 'હંમેશાં શ્રીજીમહારાજ સાથે જ છે.' એવો અનુભવ થાય.

આપણે સમજણ કરવાની છે. એટલા માટે તો શ્રીજીમહારાજ પ્રગટ થયા છે, કારણ કે સમજણથી જ મોક્ષ છે. એના માટે જ શ્રીજીમહારાજ પધાર્યા છે. એવા ભગવાન મળ્યા જેમને માયા ક્યારેય સ્પર્શી જ નથી. હવે એમને આપણે ભજન-ભક્તિથી, સેવાથી, દિવ્યભાવ-મહિમા-દાસભાવ - આ બધા ભાવથી પકડી રાખવાના છે. તેઓ ભગવાન હતા તોય મર્યાદા રાખી અને લાખો વરસનો ઠેલ માર્યો કે 'આ ધર્મ-નિયમમાં રહેવું.' તેઓએ ઘણીવાર વાત કરી કે, 'જ્યાં ધર્મ અને ભક્તિનું સન્માન થાય છે, ત્યાં અમે છીએ, સદાય છીએ. એક સેકન્ડ પણ અળગા થતા નથી...' સંપ-સુહૃદભાવ-દયા-મર્યાદા હોય ત્યાં મહારાજ અખંડ નિવાસ કરે છે, તો આ બધાથી વિચલિત ન થવું, ફંટાઈ ન જવું, એ દૃઢ રાખવું, તો મહારાજ સદાય આપણી પાસે જ છે.''

સ્વામીશ્રીનાં આ આશીર્વચનો બાદ સમય આવ્યો શ્રીહરિના પૂજનનો. સારંગપુરથી મધુરવદનદાસ સ્વામીએ વિધિનો આરંભ કરાવ્યો. પરમ પૂજ્ય સ્વામીશ્રીએ નેનપુરમાં શ્રી અક્ષર-

નેનપુરની હરિયાળી કુંજ વચ્ચે શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજને અંકે ધારણ કરીને ૧૨ બારણાંના હીંડોળે બિરાજેલા સ્વામીશ્રી...



પુરુષોત્તમ મહારાજનું પૂજન કર્યું. તે સાથે જ અગાઉ અપાયેલી સૂચના અનુસાર હરિભક્તોએ પણ પોતપોતાના ઘરે ઠાકોરજી સમક્ષ આ વિધિનું અનુસરણ કર્યું. ૮-૧૬ વાગ્યે સૌએ આરતીથી ઈષ્ટદેવને વધાવ્યા. શુભ સંકલ્પો સાથે સૌએ ઉચ્ચ સ્વરે સ્વામિનારાયણ મહામંત્રની ધૂન પણ કરી.

અંતે, નારાયણમુનિદાસ સ્વામીએ જાહેરાત કરી. 'હવે, સ્વામીશ્રીને વિનંતી કરીએ કે અક્ષર-પુરુષોત્તમ મહારાજને રંગે અને અક્ષર-પુરુષોત્તમ મહારાજને પણ વિનંતી કરીએ કે સ્વામીશ્રીને રંગે...' અને શ્રી અક્ષર-પુરુષોત્તમ મહારાજના હાથમાંની પિચકારીઓ, અને સ્વામીશ્રીના હાથમાંની પિચકારી કેસુડાના સુગંધિત જળની ધારાઓ વહાવવા લાગી. ત્યારબાદ સંતો અને હરિભક્તોને પણ સ્વામીશ્રીએ રંગ્યા, પરંતુ સ્વામીશ્રી તો નેનપુરમાં હતા, તો?! એના માટે સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. તે માટે સ્વામીશ્રીનાં કરકમળોમાં મોટી પિચકારી આપવામાં આવી. બરાબર ૮-૩૧ વાગ્યાથી તેમાંથી પ્રાસાદિક જળની ધારી છૂટી. તે ઝિલાતી હતી સીધી કેમેરા પર. જેનું લાઇવ પ્રસારણ સમગ્ર વિશ્વમાં થતું હતું. એટલે કે સૌને એવો જ અનુભવ થતો હતો કે 'આ પવિત્ર જળ અમારા પર જ છંટાઈ રહ્યું છે!'

જીવંત પ્રસારણ નિહાળી રહેલા સૌ સંતો-ભક્તોને ઉભયપક્ષે પૂર્ણ સંતોષ થયો. આમ, વર્ચ્યુઅલ માધ્યમ દ્વારા ઊજવાયેલા આ પુષ્પદોલોત્સવ માણીને સૌએ ધન્યતા અનુભવી હતી.

પ્રતિવર્ષે સારંગપુરમાં પ્રમુખસ્વામી મહારાજની ઉપસ્થિતિમાં ઊજવાતા ફૂલદોલ ઉત્સવની જેમ જ આજે પણ સૌને એવી જ અનુભૂતિ થઈ કે આપણે સૌએ ઉત્સવનો પ્રત્યક્ષ લહાવો લીધો.

ઓનલાઈન માધ્યમથી લાભ લઈ રહેલા લાખો ભક્તો પર આશીર્વાદની રંગવર્ષા કરતા સ્વામીશ્રી...





# પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણના ૨૪૦મા પ્રાગટ્યોત્સવે શત શત વંદના...

**શ્રીહરિ જન્મોત્સવ સભા**

મુમુક્ષુઓના આત્યંતિક કલ્યાણ કાજે આ ધરા પર અવતાર ધારણ કરનાર પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણનો ૨૪૦મો પ્રાકટ્યોત્સવ પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં ષડ્ દિવસીય શ્રી સ્વામિનારાયણ જયંતી પર્વ સાથે ઊજવાયો હતો.

તા. ૧૬ એપ્રિલથી તા. ૨૧ એપ્રિલ દરમ્યાનના આ છ દિવસના પર્વમાં નિત્ય ઓનલાઈન સંધ્યા સભામાં ક્રમશઃ અક્ષરવત્સલદાસ સ્વામી, નારાયણમુનિદાસ સ્વામી, વિવેકસાગરદાસ સ્વામી, આદર્શજીવનદાસ સ્વામી, આનંદસ્વરૂપદાસ સ્વામી વગેરે વિદ્વાન સંતોએ પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય જીવન-કાર્ય-સંદેશની સુવાસ પ્રસરાવી હતી. આ પર્વમાં નિત્ય પરમ પૂજ્ય સ્વામીશ્રીના આશીર્વાદ પણ સૌને પ્રાપ્ત થયા હતા. ૧૮ જુલાઈની રવિસભામાં સંતકવિઓ દ્વારા પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણનું મહિમાગાન કરતી યોજાયેલી કીર્તન-આરાધનામાં સંગીતજ્ઞ સંતોએ ભક્તિપદોનું ગાન કરી શ્રીહરિનો મહિમા ગાયો હતો. પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામીએ પ્રાસંગિક ઉદ્બોધનમાં સંતકવિઓએ વર્ણવેલા ભગવાનનાં દિવ્ય ચરિત્રોની ઝાંખી કરાવી હતી.

પર્વનો અંતિમ દિવસ એટલે ભગવાન શ્રી સ્વામિનારાયણનો ૨૪૦મો જન્મોત્સવ. તા. ૨૧-૪-૨૦૨૧ના રોજ સ્વામીશ્રીની પ્રાતઃ પૂજામાં ભગવાન શ્રી સ્વામિનારાયણની સવારથી રાત્રિ સુધીની દિવ્ય લીલાઓનું પરમહંસો દ્વારા રચિત કીર્તનો દ્વારા સારંગપુરના સંગીતજ્ઞ સંતોએ સુંદર સ્મરણગાન કર્યું હતું.

શ્રીહરિના જન્મોત્સવની મુખ્ય સભા તા. ૨૧-૪-૨૦૨૧ના રોજ સાયંકાળે ૭-૦૦ થી ૯-૩૦ વાગ્યા દરમ્યાન પ્રસારિત થઈ હતી. વર્ચ્યુઅલ

ટેક્નોલોજીના માધ્યમથી પ્રસારિત થયેલી સભામાં શ્રીહરિનાં દિવ્ય લીલાચરિત્રોનું ગાન કરતાં મનનીય પ્રવચનો સંતોના મુખેથી માણવા મળ્યાં હતાં. પ્રારંભમાં અનિર્દેશદાસ સ્વામીએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં મર્યાદા-પુરુષોત્તમ ભગવાન શ્રીરામચંદ્રજીના જન્મોત્સવે તેઓનો મહિમા ગાયો હતો અને સાથે સાથે ભગવાન સ્વામિ-નારાયણનો અયોધ્યા સાથેનો લગાવ કેવો હતો તેનું સુંદર નિરૂપણ કર્યું હતું. ત્યારબાદ બાળપ્રભુનાં બાળચરિત્રોનું સુંદર વર્ણન શ્રીજીકીર્તનદાસ સ્વામીએ કર્યું હતું. તપસ્વી બાળપ્રભુએ નીલકંઠવર્ણી વેશે માત્ર ૧૧ વર્ષની વયે ગૃહત્યાગ કરીને સતત ૭ વર્ષ, ૧ માસ અને ૧૧ દિવસ દરમ્યાન ૧૨૦૦૦ કિલોમીટરની કઠિન અકલ્પનીય કલ્યાણયાત્રા કરી હતી તેનું દર્શન જ્ઞાનનયનદાસ સ્વામીએ પ્રાસંગિક પ્રવચનમાં કરાવ્યું હતું. રામાનંદ સ્વામીએ માત્ર ૨૧ વર્ષની યુવાન વયના નીલકંઠને ધર્મધુરા સોંપી સહજાનંદ સ્વામી નામ ધારણ કરાવ્યું અને શરૂ થયો સહજાનંદ યુગ. આ યુગકાર્ય દરમ્યાન ભગવાન સહજાનંદ સ્વામી મહારાજે દિવ્ય કરુણા, અલૌકિક પ્રતિભા અને કઠીન પુરુષ પ્રયત્ન દ્વારા એકાંતિક ધર્મનું સ્થાપન કરીને અનેક મુમુક્ષુઓને સન્માર્ગે વાળ્યા. આવી અલૌકિક અને મહિમાવંતી વાતોને વણી લેતું મનનીય પ્રવચન આત્મતૃપ્તદાસ સ્વામીએ કર્યું હતું.

પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ પ્રાસંગિક પ્રવચનમાં, ભગવાન સ્વામિ-નારાયણના દિવ્ય પ્રભાવની ઝાંખી કરાવી હતી. શ્રીહરિએ સમાધિ પ્રકરણ ચલાવી અનેકને દિવ્ય ઐશ્વર્યનાં દર્શન કરાવ્યાં, ભક્તોને અંતકાળે તેડવા આવવાનું બિરુદ પાળ્યું અને ગુણાતીત સંત દ્વારા પ્રગટ રહેવાનો કોલ સ્વયં આપ્યો વગેરે પાસાંઓ વર્ણવી તેઓએ અંતમાં જણાવ્યું કે 'વર્તમાનકાળે મહંત સ્વામી મહારાજ દ્વારા ભગવાન પ્રગટ છે. અને કલ્યાણનો માર્ગ ચાલુ છે ને રહેશે. આવા પ્રગટ ગુરુના સાંનિધ્યમાં માયાથી પર થઈ અક્ષરધામના અધિકારી બનીએ એ જ પ્રાર્થના.'

સ્વામિનારાયણ મહામંત્રનું સ્મરણ કરતાં જ આપણે આત્યંતિક કલ્યાણના અધિકારી થઈ જઈએ છીએ. આવા દિવ્ય કલ્યાણકારી ભગવાનના નામનું – સહજાનંદ નામાવલિનું સારંગપુરના સંગીતજ્ઞ સંતોએ મધુરકંઠે ગાન કર્યું હતું. ત્યારબાદ પૂજ્ય ડોક્ટર સ્વામીએ વર્તમાન સમયમાં ચાલી રહેલી કોરાનાની મહામારી અંગે આપવામાં આવેલા આદેશો જેવા કે - માસ્ક પહેરવો અને સોશિયલ ડિસ્ટન્સ રાખવું - વગેરેનું પાલન કરવા ભારપૂર્વક જણાવ્યું હતું. તેઓએ સમગ્ર વિશ્વમાં કોરોના સંક્રમિત તમામ લોકોને સ્વસ્થતા પ્રાપ્ત થાય, કોરોના સંક્રમિત દર્દીઓની સેવામાં જોડાયેલા ડોક્ટર્સ અને મેડીકલ સ્ટાફની રક્ષા થાય તે માટે દરેક હરિભક્તને પ્રાતઃપૂજામાં પ્રાર્થના કરવા કહ્યું હતું. વધુમાં જણાવ્યું કે અત્યારના સંજોગોમાં ડોક્ટરોની સલાહનું પાલન કરવું એ સ્વામિનારાયણ ભગવાનના આદેશનું પાલન કરવા જેવું જ કાર્ય છે. આપણે નિયમોનું પાલન કરીશું તો ચોક્કસપણે કોરોના સામે વિજય પ્રાપ્ત કરી શકીશું.

આજના અવસરે સૌ વતી આત્મસ્વરૂપદાસ સ્વામીએ પુષ્પહારથી સ્વામીશ્રીને વધાવ્યા હતા. ત્યારબાદ સ્વામીશ્રીએ આજના ઉત્સવને અનુરૂપ આશીર્વાદ આપતાં જણાવ્યું, 'આજે આપણે ૨૪૦મો શ્રીહરિ જયંતી ઉત્સવ ઊજવવા ભેગા થયા છીએ. શ્રીજીમહારાજ બહુ જ મોટી કૃપા કરીને અક્ષરધામમાંથી સીધા જ અહીં આવ્યા છે. એ તેમની કેટલી મોટી કૃપા! શ્રીજીમહારાજનો મહિમા તો અપાર છે. તેમણે કહ્યું, 'હું મારો મહિમા કહેવા બેસું તો પાર આવે એમ નથી.' આવા ભગવાન આપણને મળ્યા છે.

જેરામ બ્રહ્મચારી કહે છેઃ


*મહા રે મુનિના ધ્યાનમાં નાવે,*
*તે રે શામળિયોજી મુજને બોલાવે...'*

યોગીબાપા કહેતાઃ 'આ બ્રહ્માંડમાં આપણા તુલ્ય ભાગ્યશાળી માનો એ જ ભૂલ્ય.' આપણને ખ્યાલ જ નથી કે આપણને કઈ પ્રાપ્તિ થઈ છે. આવા ભગવાન આપણને મળ્યા છે. બધો જોગ થઈ ગયો. આ પ્રાપ્તિ થઈ છે તે કાંઈ જેવી તેવી વાત નથી. પ્રાપ્તિ સમજાશે તો હરિજયંતી ઊજવી સાર્થક થઈ ગણાશે. ભગવાન કર્તાહર્તા છે એટલે એમને પ્રાર્થના કરીએ કે - બધાની કોરોનાથી રક્ષા થાય અને બધા તને, મને, ધને સુખી થાય.''

આ ઉત્સવ નિમિત્તે બી.એ.પી.એસ. સંસ્થાનાં વિવિધ મંદિરોમાં શ્રીહરિનો પ્રાકટ્યોત્સવ કોરોના મહામારીને કેન્દ્રમાં રાખીને સાદાઈથી ઊજવવામાં આવ્યો હતો. શિખરબદ્ધ મંદિરોમાં ઠાકોરજી સમક્ષ ધૂન, કીર્તન-ભક્તિ અને જન્મોત્સવની આરતી કરી ભક્તિઅર્ઘ્ય અર્પવામાં આવ્યું હતું. સંસ્થાની વેબસાઈટ અને જીટીપીએલ કથા ચેનલ પર પ્રસારિત થયેલી શ્રીહરિ જન્મોત્સવની વિશિષ્ટ સભાનો લાભ પ્રાપ્ત કરી દેશ-પરદેશના લાખો ભક્તોએ ઘરે બેઠા ઈષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણની વંદના કરી હતી.

# પ્રસંગ-પરિમલ...

નેનપુર ખાતે બિરાજમાન પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની નિત્ય વિચરણ-નોંધમાંથી કેટલાક પ્રેરક પ્રસંગોના દિવ્ય પરિમલને માણીએ...



**તા. ૦૨-૦૨-૨૦૨૧, નેનપુર**

સ્વામીશ્રી કક્ષમાં પત્રલેખન માટે વિરાજ્યા. એક હરિભક્તે પત્રમાં લખ્યું હતુંઃ ''આપ ભારપૂર્વક કહો છો તેમ, હું બધાને મુક્ત તરીકે જોઉં છું તો અંતરમાં ખૂબ આનંદ વર્તે છે, ખૂબ શાંતિ રહે છે.''

સ્વામીશ્રી ખૂબ રાજી થતાં કહેઃ ''એ જ સવળી રીત છે. હરિભક્તો મુક્તો છે જ, એટલે મુક્તો તરીકે જોઈએ તો આપણને આનંદ આવે. જેને મહારાજ-સ્વામીનો સંબંધ થયો તે બધા જ મુક્તો છે.''

સ્વામીશ્રીએ પોતાના હૃદયગત અભિપ્રાયને ફરીથી દૃઢાવ્યો.

●

**તા. ૪-૨-૨૦૨૧, નેનપુર**

ભદ્રેશદાસ સ્વામીએ તિરુપતિ યુનિવર્સિટીમાં સંપન્ન થયેલી વિદ્વત્ સંગોષ્ઠિનો વિગતવાર અહેવાલ ફોન દ્વારા આપ્યો. તેઓ વધુમાં કહેઃ ''ત્યાં વિદ્વાનોએ પોતાના અભિપ્રાયોમાં વાપર્યા કે 'અદ્વૈત, વિશિષ્ટાદ્વૈત અને દ્વૈત વેદાંતની મુખ્ય ધારાઓ ગણાય છે. એમાં હવે અક્ષરપુરુષોત્તમ દર્શન પ્રવેશે છે...' વળી સત્સંગદીક્ષા ગ્રંથનું અવલોકન કરીને એ પ્રકાંડ વિદ્વાનોએ કહ્યું કે આ વૈદિક સનાતન ધર્મનો ગ્રંથ છે.''

સ્વામીશ્રી ખૂબ રાજી થતાં કહેઃ ''ખરેખર ડંકો વાગે છે.''

ભદ્રેશદાસ સ્વામી કહેઃ ''તિરુપતિ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર શ્રી મુરલીધર શર્માજીએ કહ્યુંઃ 'અત્યાર સુધી અમે યુનિવર્સિટીમાં જે રીતે અદ્વૈત, વિશિષ્ટાદ્વૈત અને દ્વૈતને પારંપરિક રીતે સ્વતંત્ર, જુદા ભણાવતા હતા. એવી જ રીતે હવે અક્ષર-પુરુષોત્તમ દર્શનને એક જુદા દર્શન તરીકે ભણાવીશું.' ''

સ્વામીશ્રીએ ખૂબ પ્રસન્નતા દર્શાવી.

ભદ્રેશદાસ સ્વામી કહેઃ ''અમને તો અત્યારે આનંદ નથી સમાતો, આપ જે પ્રતાપ પ્રસરાવો છો તે બધું બધું કલ્પના બહાર લાગે. આ ખાલી ભાષ્યો લખવાથી ન થાય. આપનો પ્રતાપ છે. તિરુપતિ યુનિવર્સિટીમાં અન્ય

તત્ત્વજ્ઞાનના વિદ્વાનોએ ઠાકોરજીની અને અક્ષર-પુરુષોત્તમ દર્શનનાં પ્રસ્થાનત્રયી ભાષ્યોની નગરયાત્રા યોજી. ઈતિહાસમાં કદાચ આવું પૂર્વે ક્યારેય નહીં બન્યું હોય. કાર્યક્રમોમાં જે સન્માનો થયાં તે આપનાં ચરણોમાં સમર્પિત છે.''

''અક્ષરપુરુષોત્તમ મહારાજનાં ચરણોમાં!'' સ્વામીશ્રી તરત જ દાસભાવથી બોલી ઊઠ્યા.

●

**તા. ૫-૨-૨૦૨૧, નેનપુર**

સાયં સમયે સંતો સાથે ગોષ્ઠિ ચાલી રહી હતી તેમાં મિત્રોને યાદ કરવાની વાત નીકળી.

ઉત્તમયોગી સ્વામીએ સ્વામીશ્રીને પૂછ્યુંઃ ''આપ આપના મિત્રોને યાદ કરો છો?''

''બધા મિત્ર છે, કોઈ દુશ્મન નથી.'' સ્વામીશ્રીએ તરત જ કહ્યું.

''પરમ મિત્ર ખરું કોઈ?''

''જે એકાંતિક હોય એ પરમ મિત્ર!''

શ્રીજીમહારાજે મધ્યના ૫૦મા વચનામૃતમાં ઉચ્ચારેલાં વચનો - 'જેને મારા જેવો અંતરનો દૃઢાવ હોય તે સાથે જ મારે બને છે...' - આજે જાણે ફરીથી પડઘાયા.

●

સ્વામીશ્રી રાત્રે પોઢવા જતા હતા ત્યારે સેવક સંતે પૂછ્યુંઃ ''સ્વામી, આજે આપે વાત કરીને 'સારો સંગ હોય તો તે નિર્દોષબુદ્ધિ કરાવી દે.' તો મને સારો સંગ છે, તો મારે તો નિર્દોષબુદ્ધિ થઈ જશે ને?''

સ્વામીશ્રી ભાર દઈને કહેઃ ''સંગ કરે તો!''

સેવકે પૂછ્યુંઃ ''કેમ? હું આપનો સંગ નથી કરતો? આપની જોડે રહું છું તો આપનો સંગ કર્યો ન કહેવાય?''

સ્વામીશ્રી કહેઃ ''ના... આ બધાંય જોડે રહે છે - ટેબલ ને આ બધાં ભેગાં જ રહે છે ને! સંગ કરે તો સંગ કર્યો હોય તેના ગુણ આવવા જોઈએ, તો સંગ કર્યો કહેવાય.''

સ્વામીશ્રીએ સંગની આધ્યાત્મિક વ્યાખ્યા કરી.

●

**તા. ૭-૨-૨૦૨૧, નેનપુર**

આજે સ્વામીશ્રીએ કરેલી કથાના સંદર્ભમાં સ્વામીશ્રી કહેઃ ''કોઈ બીજાનો અભાવ-અવગુણ લે ત્યાં સુધી ખાડામાં પડ્યો છે... (હસતાં હસતાં કહેઃ) ''એ સત્સંગમાં છે પણ ખાડામાં! અભાવ-અવગુણ ન લે ત્યારે સત્સંગની શરૂઆત થઈ કહેવાય.''

સત્સંગના પ્રારંભની કંઈક નિરાળી જ વ્યાખ્યા સૌને જાણવા મળી.

સ્વામીશ્રી ખરેખર વિચારોના રત્નાકર છે.

●

**તા. ૧૦-૨-૨૦૨૧, નેનપુર**

આત્મસ્વરૂપદાસ સ્વામીએ એક હરિભક્તની વાત કરતાં કહ્યું, ''સ્વામી, એમને યોગીબાપાના વખતમાં સાધુ થવાની ખૂબ ઇચ્છા હતી, પણ તેમનાં માતુશ્રીની અનુમતિ ન હોવાથી તે સંત થઈ ના શક્યા. આજે વર્ષો પછી પણ તેમને અવાર-નવાર એ વાતનો ખૂબ વસવસો રહ્યા કરે છે.''

સ્વામીશ્રીએ એ હરિભક્તને ફોન પર કહ્યુંઃ ''જય સ્વામિનારાયણ! ધામ તો મળવાનું જ છે, ભલે ગૃહસ્થમાં રહો કે ત્યાગીમાં. કેમ કે ઉપાસના તો એકસરખી છે - ત્યાગીને અને ગૃહસ્થને. ઉપાસનાથી કામ થાય છે. પર્વતભાઈ ને કલ્યાણભાઈ ને એ બધા ગૃહસ્થ હતા, પણ તોયે મુક્તાનંદ સ્વામી કરતાંય આગળ ગયા. એટલે એ રીતે નિષ્ઠાની વાત છે, પ્રેમની વાત છે. કેવી લગની છે - એના ઉપર બધો આધાર છે.''

સ્વામીશ્રીએ તે નિષ્ઠાવાન ભક્તનો કાયમનો વસવસો પ્રેમથી નિવારી દીધો.

●

**તા. ૧૨-૨-૨૦૨૧, નેનપુર**

આત્મસ્વરૂપદાસ સ્વામીએ એક ગુણભાવી યુવકની વાત કરતાં કહ્યુંઃ ''સ્વામી, તેણે બધા પ્રકારની ભૂલો ઘણી કરી છે. તે આપની પાસે તેની કબૂલાત કરતાં માર્ગદર્શન માગે છે.''

''પહેલાં તો બધું માફ!'' સ્વામીશ્રીના મુખેથી કૃપા વરસી પડી.

પછી આશીર્વાદ અર્પતાં તે યુવકને કહેઃ ''આજ સુધી કર્યું એ બધું માફ! હવે ફરી વાર અંતર્દૃષ્ટિ કરીને લાઇનમાં રહેવું.''

ભક્તવત્સલ સ્વામીશ્રીએ યુવકના પાપોને ક્ષણાર્ધમાં માફ કરી દીધા.

●

**તા. ૧૪-૨-૨૦૨૧, નેનપુર**

આજે સંતો સાથેની ગોષ્ઠિ દરમ્યાન સેવક સંતે એક વાત જણાવતાં સ્વામીશ્રીને કહ્યુંઃ ''મહેસાણા મંદિરમાં નીલકંઠવર્ણી મહારાજના પૂજારી બાબુભાઈ પટેલ ૮૦ વર્ષની ઉંમર ધરાવે છે. એમણે સત્સંગદીક્ષા શાસ્ત્રનો એક હજાર વાર પાઠ પૂરો કર્યો! રોજના સરેરાશ ૪ થી ૫ વાર પાઠ કરતા હશે!''

સ્વામીશ્રી રાજી થઈ તેમને ફોન પર આશીર્વાદ આપતાં કહેઃ ''આપની શ્રદ્ધાને ધન્યવાદ છે. આટલો, ૧૦૦૦ વાર પાઠ કર્યો એ શ્રદ્ધા કેટલી જોઈએ! કેમ કે, એનું એ, એનું એ વારે વારે વાંચવાનું એમાં બુદ્ધિ ના ચાલે, શ્રદ્ધા

જ જોઈએ.''

આશીર્વાદ આપ્યા બાદ ઉપસ્થિતોને સ્વામીશ્રી કહેઃ ''ૐ श्रद्धावान् लभते ज्ञानम् એમ કહ્યું છે, बुद्धिमान् लभते ज्ञानम् નહીં.''

●

**તા. ૨૦-૨-૨૦૨૧, નેનપુર**

એક ચિત્રમાં ભગવાન સ્વામિનારાયણના ચિત્ર સાથે મહંત સ્વામી મહારાજનું ચિત્ર હતું. તેનો સંદેશ એ હતો કે 'અક્ષરરૂપ થઈને એટલે મહંત સ્વામી મહારાજરૂપ થઈને આપણે ભક્તિ કરવાની છે, પણ ભગવાનના તો દાસ રહેવાનું છે.' તેમાં મહંત સ્વામી મહારાજના ચિત્ર તરફ નિર્દેશ કરતાં ઉત્તમયોગીદાસ સ્વામીએ પૂછ્યું, ''આ કોણ છે?''

''સત્પુરુષ!'' સ્વામીશ્રીએ કહ્યું.

''સત્પુરુષનું નામ શું છે?'' એક સંતે પૂછ્યું.

સ્વામીશ્રી કહેઃ ''યોગીજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ...''

''પણ એ બધા સત્પુરુષો તો થઈ ગયા, પણ અત્યારે કોણ?''

''થઈ ગયા કહેવાય? છે જ, પ્રગટ જ છે.'' સ્વામીશ્રી ભાર દઈને બોલ્યા.

''અમારી આંખો સામે હોય એવા...!''

''હા... પ્રત્યક્ષની વાત!'' સ્વામીશ્રીએ સાચા શબ્દો પ્રયોજતાં કહ્યું.

'સેવકોએ કહ્યુંઃ હા સ્વામી, પ્રત્યક્ષ!'... તેઓનું નામ શું છે?''

''અક્ષર!''

●

**તા. ૨૭-૦૨-૨૦૨૧**

આજે એક સુંદર પ્રશ્નોત્તરી થઈ. જેમાં ઘણું ઘણું જાણવા અને શીખવા યોગ્ય છે. તેને સારરૂપે માણીએ :

**પ્રશ્નઃ** ''એવો પ્રસંગ કહેશો જેનાથી આપને એવો અનુભવ થયો હોય કે યોગીજી મહારાજ - પ્રમુખસ્વામી મહારાજ હંમેશાં આપની સાથે જ છે? ભલે, સ્થૂળ રીતે દૂર હોય પણ આમ સાથે, દૂર છે જ નહીં એવો અનુભવ?''

સ્વામીશ્રીએ 'તેઓ વિદ્યાર્થી અવસ્થામાં આણંદ મંદિરનાં ત્રણ પગથિયાં ચઢતા હતા અને યોગીબાપા શૌચવિધિ બાદ હાથ ધોતા હતા ત્યારે તેઓની આંખો મળી.' તે પ્રસંગ કહ્યો. ને કહેઃ ''પછી સતત અનુભવ થયો કે 'બાપા પાસે જ છે.' મહારાજે કહ્યુંઃ 'મારી વાણી એ જ મારું સ્વરૂપ છે.' તો દુનિયાને છેડે હોઈએ તો પણ આજ્ઞા પાળીએ તો પાસે જ છીએ.''

**પ્રશ્નઃ** ''અમે ઘણી બધી ભૂલો કરીએ છીએ છતાં પણ આપ અમારી સાથે છો?''

**સ્વામીશ્રીઃ** ''હા, આમ તો સાથે જ છીએ, દેખરેખ રાખીએ છીએ. બધું કરીએ છીએ. એ ભગવાન જ રાખે છે, અમારે મહારાજ અને સ્વામીનો આશરો છે તો એ જ દેખરેખ રાખે છે.''

**પ્રશ્નઃ** ''અમે એવું શું કરીએ જેથી એકની એક ભૂલ વારે વારે ના કરીએ?''

**સ્વામીશ્રીઃ** ''એક તો જાણપણું રાખવું પડે કે 'આ ભૂલ થઈ ગઈ છે.' તો બ્રેક વાગે. અને ઘણીવાર એવું મન થાય કે, જાણીએ કે 'આ ભૂલ છે' છતાંય કરીએ છીએ. તો એ બધામાં મહારાજ-સ્વામીનો આશરો છે. એ મોટી વાત છે. એ તમને ગાઇડ કર્યા જ કરશે. ભૂલ થાય ને માફ કરે, ભૂલ થાય ને માફ કરે. પણ તોય ભગવાન તો સાથે જ છે, સત્પુરુષ સાથે જ છે. ગાઇડ જ કરતા હોય.''

**પ્રશ્નઃ** ''આપ અમને બાંહેધરી આપશો કે 'આપ અમારો હાથ કોઈ દિવસ મૂકશો નહીં, ને છેક અક્ષરધામ સુધી અમને લઈ જશો?' ''

**સ્વામીશ્રીઃ** ''હા, ગેરંટેડ! જુઓ, મહારાજ-સ્વામીનો હાથ અમે પકડ્યો છે અને અમે તમારો હાથ પકડ્યો છે એટલે બધી લાઇન-ચેઇન છે, તે ઠેઠ અક્ષરધામ સુધી હાથ મૂકવાના નથી. અને સંબંધ થયો એ બહુ મોટી વાત છે. સંબંધથી જ કલ્યાણ છે. સાધન-બાધનથી કાંઈ ન થાય. પણ સંબંધથી કે 'કોનો સંબંધ થયો છે!' તે આપણે સમજીએ તો બધું ફરી જાય...''

**પ્રશ્નઃ** ''અમે તો દૂર છીએ અને આપ નેનપુરમાં છો. તો અમે એવું શું કરીએ કે જેથી આપ અમને હંમેશાં યાદ આવ્યા કરો? આપની સ્મૃતિ હંમેશાં રહ્યા કરે?''

**સ્વામીશ્રીઃ** ''એક તો મહારાજ-સ્વામીની દૃઢ નિષ્ઠા થવી જોઈએ. મહારાજ સાચા છે, ગુણાતીતાનંદ સ્વામી સાચા છે, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ બધા જ સાચા છે, સત્સંગ સાચો છે એ દૃઢ રાખીને તમે ગમે ત્યાં જાવ, ગમે તે કરો પણ આવી નિષ્ઠા હોય એટલે તમે ભેગા જ છો.''

**પ્રશ્નઃ** ''આપ જ્યારે એવું કહો કે 'મહારાજ અને સ્વામી હંમેશાં આપણી સાથે છે.' એટલે કેવી રીતે સાથે છે? કારણ કે સ્થૂળ રીતે તો એવું લાગતું નથી કે તેઓ સાથે હોય!''

**સ્વામીશ્રીઃ** ''સાથે એટલે સ્થૂળ રીતે નહીં, તે તો વાત ઘણી બધી જુદી થઈ જાય, પણ વચનથી. આપણે શ્રીજીમહારાજનાં વચન પાળીએ તો

પતંગનું દૃષ્ટાંત છે, તેમ આજ્ઞારૂપી દોરીથી સાથે છે.''

**પ્રશ્ન:** ''આપ અમારી સાથે જ હો ત્યારે કેવો અનુભવ થવો જોઈએ?''

**સ્વામીશ્રી કહે:** ''અંતરમાં શાંતિ રહે. તમને કોઈ વિષય-વાસના નડે નહીં અને ભગવાન જ સાંભર્યા કરે.''

**પ્રશ્ન:** ''અમારો મહારાજ-સ્વામી અને આપની સાથે જે સંબંધ છે તે અમારે વધારે મજબૂત કરવો છે. તો એવો એક કયો ઉપાય છે જે એક ઉપાય કરવાથી બીજા બધા ઉપાય આવી જાય?''

**સ્વામીશ્રી:** ''મહારાજમાં દૃઢ વિશ્વાસ. વિશ્વાસે રેતીમાં વહાણ ચાલે. એટલે એવો દૃઢ વિશ્વાસ કે 'આ ભગવાન સાચા જ છે' એમાં કોઈ શંકા રાખે નહીં. તો, બસ બધું થઈ જાય. પાર પડી જાય.''

**પ્રશ્ન:** ''એક એવો કયો વિચાર છે જે અમે રોજ કરી શકીએ કે જેનાથી અમને પ્રાપ્તિ થઈ છે એ વિચાર દૃઢ થાય?''

**સ્વામીશ્રી:** ''હા, એક તો વિશ્વાસ જ. પહેલામાં પહેલો વિશ્વાસ. વિશ્વાસ હોય તો બધું થઈ શકે. વિશ્વાસ એટલે - સત્પુરુષો બધા સાચા છે. એ બધો દૃઢ વિશ્વાસ હોય તો બધું આપમેળે થયા જ કરશે.''

**પ્રશ્ન:** ''વિશ્વાસ થઈ ગયો હોય તો કેવી અનુભૂતિ થાય?''

**સ્વામીશ્રી:** ''અંતરમાં શાંતિ રહે. એકદમ શાંતિ. મન સ્થિર રહે. અને તમારે ગમે તેવા પ્રસંગો આવે, માઠા પ્રસંગો આવે, સારા પ્રસંગો આવે પણ તમારી મતિ સ્થિર રહે. ભગવાનમાંથી ખસે નહીં.''

**પ્રશ્ન:** ''પ્રાપ્તિનો વિચાર અમારે દિવસ દરમ્યાન ક્યારે કરવો જોઈએ?''

**સ્વામીશ્રી:** ''અખંડ કરવો જોઈએ. એનાથી એટલું બધું બળ મળે કે બીજા બધા પ્રશ્નો રહે જ નહીં, પણ તે વિચાર અખંડ તો થાય નહીં ને આપણને કંટાળો આવે. પુનરાવર્તન લાગે કેમ કે સ્થૂળ રીતે તે વિચાર કરીએ. પણ જો સાક્ષાત્કાર થઈ ગયો હોય, અંતરમાં એવું દૃઢ મનાઈ ગયું હોય, એવી દૃઢ નિષ્ઠા થઈ ગઈ હોય તો ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું : 'એને સર્વે થઈ રહ્યું છે, કાંઈ કરવું રહ્યું નથી.' ''

**પ્રશ્ન:** ''પ્રાપ્તિનો વિચાર કેવી રીતે કરવો જોઈએ?''

**સ્વામીશ્રી:** ''એક તો - શ્રીજીમહારાજ ક્યારેય મળ્યા નથી. અને મળવાના જ નહોતા. પણ દયા કરી તેઓ આ બ્રહ્માંડમાં પધાર્યા અને આપણી ભેગા રમ્યા, જમ્યા, હસ્યા બધું કર્યું. અત્યારે સંતરૂપે - યોગીબાપા, પ્રમુખસ્વામી મહારાજ - એ સંતરૂપે મળ્યા. તમને લાગે છે કે 'આ મનુષ્ય છે, આપણી જેમ ખાય છે, પીએ છે.' પણ એ તો દિવ્ય છે.

એમને દુનિયાનો કોઈ ઘાટ સંકલ્પ થતો નથી. એ રીતે સાચા સંતમાં જોડાઈએ. આ સત્પુરુષો તો માયા પરના સંતો છે, અલૌકિક, દિવ્ય સ્થિતિવાળા છે.''

(બ્રહ્મવત્સલદાસ સ્વામી લિખિત અહેવાલ-પત્રો પરથી સંકલિત) ◆

## વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય અંગે... | શિક્ષણ સેવા...

કોવીડ-૧૯ અંતર્ગત બી.એ.પી.એસ. પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ ઉપક્રમે આર્થિક સહાયની જરૂરિયાતવાળા વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને ફંડની મર્યાદામાં રહીને શૈક્ષણિક સહાય આપવામાં આવશે. જરૂરિયાતવાળી વ્યક્તિઓએ આ અંગે નીચેના મુદ્દાઓને ધ્યાનમાં રાખીને અરજી કરવા વિનંતી :

**૧.** સહાય માટેનું અરજીપત્ર મેળવવા માટે જે તે વિસ્તારમાં મંદિરના પૂજ્ય કોઠારી સ્વામી/અધિકૃત વ્યક્તિને રૂબરૂ મળીને અરજીપત્ર મેળવી લેવું. **૨.** જૂનાં અરજીપત્રો સ્વીકારવામાં આવશે નહીં. **૩.** વિદ્યાર્થીઓએ તા. ૧૭-૭-૨૦૨૧ સુધીમાં માહિતી ભરી અરજીપત્ર તેમના વિસ્તારના પૂજ્ય કોઠારી સંત/અધિકૃત વ્યક્તિને મોકલી આપવું. **૪.** અરજીપત્રકો પ્રમાણિત કરનાર સંતો-કાર્યકરોએ બધી વિગતો ચકાસ્યા બાદ જ ભલામણ કરવી. **૫.** રૂા.૧૦/-ના સ્ટેમ્પવાળું પોતાના નામ-સરનામાં લખેલા કવર સાથે પણ અરજીપત્ર મંગાવી શકાશે **૬.** તમામ અરજીપત્રો તા. ૩૧-૭-૨૦૨૧ સુધીમાં અમદાવાદ શિક્ષણ વિભાગમાં મોકલી આપવાના રહેશે.


**નોંધ: પ્લે ગ્રૂપ, નર્સરી - કે. જી. માટે સહાય આપવામાં આવતી નથી, તેની નોંધ લેશો.**

**પૂજ્ય કોઠારી સ્વામી/અધિકૃત વ્યકિતને ખાસ વિનંતીથી જણાવવાનું કે વિગતો ભરીને આવેલ ફોર્મની ચકાસણી કરી પછી જ આપનો અભિપ્રાય જણાવવો. માર્કશીટ અને ફી ભરેલ પહોંચની ઝેરોક્ષ સાથે બીડવી ફરજિયાત છે.**

**સંપર્ક: શિક્ષણ વિભાગ, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, ધર્મસદન, શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪** ◆

# ‘જીવનની યાત્રામાં તારી સાથે જ છું...’

**જીવનમાં એકલવાયાપણું દૂર કેવી રીતે થાય? સ્વામીશ્રી સાથે સંવાદ...**



નેનપુરમાં શાંત વાતાવરણમાં મહંત સ્વામી મહારાજ અને સંતો-યુવકો આધ્યાત્મિક સત્સંગ ગોષ્ઠિ કરી રહ્યા હતા.

સંતોએ આધ્યાત્મિક જિજ્ઞાસાઓ રજૂ કરી અને સ્વામીશ્રીએ તેના અનુભવપૂર્ણ સરળ અને સચોટ જવાબ આપ્યા.

છેલ્લે એક પ્રશ્ન પૂછાયો:

''અમને ઘણી વાર ડિપ્રેશન આવી જાય છે, એકલવાયાપણું લાગે છે ને એવું ઘણું થાય છે તો કયો વિચાર તેને કેવી રીતે મટાડી શકે?''

સ્વામીશ્રીએ જવાબ આપતાં કહ્યું:

''ભગવાનની પ્રાપ્તિ થઈ છે તેનો નિરંતર વિચાર કર્યા કરવો. ભગવાન આપણી સાથે જ છે, તેનું અનુસંધાન રાખવું. આ એક દિવસની વાત નથી. આપણે તો મન સાથે કુસ્તી કર્યા જ કરવી. અને સંત-યોગીબાપા, પ્રમુખસ્વામી મહારાજ, શાસ્ત્રીજી મહારાજમાં દૃઢ વિશ્વાસ રાખવો અને 'એ કહે એમ મારે કરવું જ છે' એવી રીતે નિર્ધાર કરીએ તો આગળ વધાશે.''

એમ કહીને સ્વામીશ્રીએ એક વાર્તા કહી:

''એક બાળક હતો. તેને તેનાં માતાપિતા દર વરસે ઉનાળાના વૅકેશનમાં તેની દાદીમાના ઘરે લઈ જતાં હતાં. અને મળી કરીને બીજે દિવસે એ જ ટ્રેનમાં પાછા આવતાં હતાં.

આવું વરસોથી ચાલતું હતું.

પછી એક દિવસે તે બાળકે કહ્યું, 'હું હવે ઘણો મોટો થઈ ગયો છું તો આ વરસે હું દાદીમાના ઘરે એકલો જાઉં તો?'

થોડીક વાતચીત પછી તેનાં માતાપિતા સહમત થયાં. જવાનો દિવસ નક્કી થયો.

માતાપિતા એ બાળકને રેલવે સ્ટેશને મૂકવા આવ્યાં. ટ્રેન ઊપડવાની થઈ ત્યારે બારીમાંથી તેને મળવા લાગ્યાં અને છેલ્લી શીખ આપવા લાગ્યાં. તો પેલો બાળક કહે, 'હું જાણું છું. તમે મને ઓછામાં ઓછી ૧૦૦ વાર આ વાત કરી દીધી છે...'

ટ્રેન ઊપડવાની થઈ. તે વખતે તે બાળકના પિતાએ ધીરે રહીને કહ્યું, 'બેટા, જો અચાનક તને એકદમ ખરાબ અનુભવ થાય કે તું ડરી જાય તો આ તારા માટે છે!' ને એમ કહીને તેના પિતાએ બાળકના ખિસ્સામાં કાંઈક સરકાવ્યું.

ટ્રેન ચાલી... હવે પેલો બાળક એકલો હતો, ટ્રેનમાં બેઠેલો, તેનાં માતાપિતા વગર, જીવનમાં સર્વ પ્રથમ વાર... થોડીવાર તો તેને મજા આવી. તે બારીમાંથી પસાર થતાં પ્રાકૃતિક સૌંદર્યો જોવા લાગ્યો...

એટલામાં તેની આસપાસ અજાણ્યા માણસો આવવા લાગ્યા, અવાજ કરવા લાગ્યા, કમ્પાર્ટમેન્ટમાં આવે ને જાય એવું કરવા લાગ્યા.

તેમાં એક જે મુખ્ય જેવો લાગતો હતો તેણે કહ્યું પણ ખરું કે ''આ એકલો છે.'' ને એવી દૃષ્ટિથી જોયું પણ ખરું...

હવે શું થશે? બાળકને વિચાર આવવા લાગ્યો.

બાળક બેચેની અનુભવવા લાગ્યો અને ખરેખર હવે ડરવા લાગ્યો. તેણે માથું નીચે ઢાળી દીધું અને સીટના ખૂણામાં દબાઈ ગયો. તેની આંખોમાં આંસુ ઊભરાઈ આવ્યાં.

એ જ વખતે તેના પિતા તેના ખિસ્સામાં કાંઈક સરકાવતા હતા તે યાદ આવ્યું. ધ્રૂજતા હાથે તેણે ખિસ્સું ફંફોસ્યું, એક કાગળનો ટુકડો નીકળ્યો. તેણે તે ખોલ્યો. તેમાં લખ્યું હતું: 'બેટા, હું આ ટ્રેનમાં છેલ્લા ડબ્બામાં તારી સાથે જ છું...'

એટલું વાંચતાં જ બાળક હિંમતમાં આવી ગયો. ડર અને એકલવાયાપણું દૂર થઈ ગયાં.

જીવનમાં આવું જ છે. ભગવાને જ્યારે આપણને આ પૃથ્વી પર મોકલ્યા ત્યારે તેઓએ પણ આપણા ખિસ્સામાં એક ચિઠ્ઠી સરકાવી છે: ''બેટા, હું છેલ્લા ડબ્બામાં તારી સાથે જ છું...''

જીવનની ટ્રેનયાત્રામાં ભગવાન સાથે જ છે. એટલે તેઓમાં વિશ્વાસ રાખો, તેઓમાં શ્રદ્ધા રાખો કે - તેઓ હંમેશાં આપણી સાથે છે. તો એકલાપણું નહીં લાગે.''

સ્વામીશ્રીની આ બોધકથાએ સૌને હિંમત અને પ્રાપ્તિના કેફથી છલકાવી દીધાં. ◆

# ચરોતર પ્રાંતમાં સિહોલ ગામે પ્રતિષ્ઠિત થયું નૂતન શ્રી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર



બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી ચરોતર પ્રદેશના સિહોલ ખાતે નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ શાનદાર રીતે યોજાઈ ગયો.

અહીં સન ૧૯૯૭માં સિહોલમાં બી.એ.પી.એસ. સત્સંગમંડળની શરૂઆત થઈ હતી. પહેલાં મોટી ખડકી અને ત્યારબાદ ચંદ્રકાંતભાઈ પટેલની પ્રમુખ કુટિરમાં અઠવાડિક સત્સંગસભા યોજાતી હતી. નવીનભાઈ પારેખના ભક્તિસભર પ્રયત્ન અને સંતોના વિચરણથી સત્સંગની જમાવટ થઈ. ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય આશીર્વાદથી બાળ-બાલિકા, યુવક-યુવતી તથા મહિલા મંડળની શરૂઆત થતાં ગામમાં પારાયણો અને ઉત્સવો નિયમિત યોજાવા લાગ્યા અને મંદિરની આવશ્યકતા જણાઈ. મંદિર અર્થે સુશ્રી શારદાબહેન જેઠાભાઈ પટેલના સંકલ્પ પ્રમાણે સુપુત્ર ડૉ. વિજયભાઈ, પ્રવીણભાઈ, પ્રમોદભાઈ, જગદીશભાઈ, ઘનશ્યામભાઈએ મંદિર માટે ભૂમિદાન કર્યું.

શ્રી રાઠોડ સાહેબ, કે. જી. પટેલ, સી. બી. પટેલ, મૂકેશભાઈ પટેલ, કનુભાઈ પટેલ, નવીનભાઈ પારેખ, પિનાકીનભાઈ પટેલ, સંતોષભાઈ પટેલ, સુજલભાઈ પટેલ, અશ્વિનભાઈ પટેલ, ડૉ. રમેશભાઈ બ્રહ્મભટ્ટ, વિનુભાઈ બ્રહ્મભટ્ટ, દિનેશભાઈ બ્રહ્મભટ્ટ, સુનીલભાઈ બ્રહ્મભટ્ટ, ભાર્ગવભાઈ પારેખ, નયનાબહેન પટેલ, સ્નેહલબહેન પટેલ, ચંદ્રકાંતભાઈ પટેલ, ગૌરાંગભાઈ પટેલ, જીતુભાઈ પટેલ અને રમેશભાઈ પટેલે મંદિર નિર્માણમાં સેવાની સરવાણી વહાવી. સંયુક્ત, મહિલા, યુવક-યુવતી, બાળ-બાલિકા મંડળે પણ નોંધપાત્ર સેવા કરતાં સુંદર મંદિર નિર્માણ પામ્યું અને મૂર્તિપ્રતિષ્ઠા વિધિનો અવસર આવી ગયો.

મૂર્તિપ્રતિષ્ઠાના ઉપક્રમે પ્રથમ દિને તા. ૧૨-૩-૨૦૨૧ના રોજ સંધ્યાસભામાં કીર્તનભક્તિ અને દ્વિતીય દિને નાપાડ બાળ-યુવકમંડળ દ્વારા મંદિરનો મહિમા દૃઢાવતી ‘મંદિરમાં પ્રભુ બિરાજે છે’ નૃત્યનાટિકાની અદ્‌ભુત પ્રસ્તુતિ થઈ. તૃતીય દિને વિશ્વશાંતિ મહાયજ્ઞ યોજાયો, જેમાં ૫૦૦ યજમાનોએ આહુતિ અર્પી હતી. અપરાહ્‌ને પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની શોભાયાત્રા યોજાઈ હતી.

તા. ૧૦-૩-૨૦૨૧ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ તા. ૧૫-૩-૨૦૨૧ના રોજ ચરોતર પ્રદેશના શિખરબદ્ધ મંદિરોના કોઠારી સંતોએ કર્યો હતો. ત્યારબાદ પ્રાસંગિક સભામાં સંતોનાં વક્તવ્યો, પૂજ્ય ડૉક્ટર સ્વામી અને ત્યાગવલ્લભદાસ સ્વામીએ અર્પેલા વીડિયો આશીર્વાદ બાદ સહયોગી ભક્તોનું અભિવાદન થયું હતું.

અહીં વિચરણ કરતા યજ્ઞેશદાસ સ્વામી અને પરમતીર્થદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ સિહોલના હરિભક્તોના ઉત્સાહથી સફળતાપૂર્વક સંપન્ન થયેલો આ ઉત્સવ સૌ માટે અમૂલ્ય સંભારણું બની રહ્યો હતો. ◆



## બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, સારંગપુર — પ્રવેશ અંગે

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, સારંગપુરમાં ધોરણ ૮, ૯થી ઉચ્ચ કક્ષાની JEE-NEETની તૈયારી NIT, IIT, MEDICAL તથા AIIMS વગેરે માટે કરાવવામાં આવે છે. પરિણામે ગત વર્ષ-૨૦૨૦માં ૩૦% વિદ્યાર્થીઓને MBBS તથા IIT, NITમાં પ્રવેશ પ્રાપ્ત થયો છે.

- ધોરણ ૭ થી ૧૨ (સાયન્સ, કોમર્સ) ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ માટે તા. ૨૩-૫-૨૦૨૧ અને તા. ૨૦-૬-૨૦૨૧ના રોજ સવારે ૧૦-૦૦ કલાકે નીચેના સરનામે ઈન્ટરવ્યુ રહેશે.
- ધોરણ ૧૧ કોમર્સમાં ફક્ત ગુજરાતી માધ્યમ છે.
- ધોરણ ૧૧ સાયન્સ/કોમર્સ માટે બોર્ડની પરીક્ષા બાદ તથા પરિણામ બાદ બે દિવસ ઈન્ટરવ્યુ રહેશે.
- ધોરણ ૬ અને ૭ થી NCERTના કોર્ષ ઉપરાંત ઉચ્ચ લેવલની તૈયારી કરાવવામાં આવે છે.
- પ્રવેશ પહેલા ઉપરોક્ત તારીખે ઈન્ટરવ્યુમાં હાલના ધોરણની ગણિત તથા રીઝનીંગ, બેઝિક મેથ્સ તથા સત્સંગ વિષયની પરીક્ષા લેવાશે.

**સરનામું:** બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, સારંગપુર, તા. બરવાળા, જિ. બોટાદ
મો. ૯૯૯૮૯૯૫૫૭૭, ૯૪૨૭૧૪૧૦૦૧. ◆

# પૂણે ખાતે યોજાયો સત્સંગદીક્ષા ગ્રંથ પર પ્રથમ શૈક્ષણિક પરિસંવાદ



પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે સન ૨૦૨૦ના ગુરુપૂર્ણિમા પર્વે સમગ્ર સત્સંગ સમાજને સત્સંગદીક્ષા ગ્રંથની ભેટ આપી છે. સ્વામીશ્રી દ્વારા રચાયેલા આ ગ્રંથનાં ઠેર ઠેર વધામણાં થઈ રહ્યાં છે. હજારો બાળ-યુવાઓ આ ગ્રંથનો મુખપાઠ પણ કરી રહ્યા છે. અને આજે લાખો આબાલ-વૃદ્ધ સૌ કોઈ આ ગ્રંથનું નિત્ય પઠન પણ કરે છે. તાજેતરમાં જ તા. ૧૬-૨-૨૦૨૧માં આ 'સત્સંગદીક્ષા' ગ્રંથ પર એક વિદ્વત્ પરિસંવાદ યોજાઈ ગયો.

આ પરિસંવાદ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ રિસર્ચ સેન્ટર, નવી દિલ્હી તથા સાવિત્રીબાઈ ફૂલે સંસ્કૃત વિભાગ, પૂણે યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે યોજાયો હતો.

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર પૂણે ખાતે યોજાયેલા આ પરિસંવાદનો મધ્યવર્તી વિચાર હતો – 'સત્સંગદીક્ષા શાસ્ત્ર - સંપૂર્ણ જીવન માટે.'

આ પ્રસંગે સમગ્ર મહારાષ્ટ્રના પ્રકાંડ વિદ્વાનોએ સત્સંગદીક્ષા ગ્રંથ પર સંશોધનપત્રો રજૂ કરીને પોતાના વિચારો રજૂ કર્યા હતા. જેમાં ડૉ. ગણેશ થીટેએ જણાવ્યું હતું, 'સત્સંગદીક્ષા ગ્રંથ એ આધુનિક યુગની ગીતા છે.' ડૉ. રવીન્દ્ર મૂલેએ જણાવ્યું હતું, 'સત્સંગદીક્ષા દૈનિક જીવનમાં આધ્યાત્મિકતાનું મહત્ત્વ સમજાવે છે. અને સામાજિક જીવન જીવવા માટેનું માર્ગદર્શન પણ આપે છે.' ડૉ. દત્તોપાસકે જણાવ્યું હતું કે 'સત્સંગદીક્ષા ગ્રંથ સમકાલીન યુગમાં સહિષ્ણુતા અને ખરા આનંદ માટે માર્ગદર્શન આપે છે.' ડૉ. જાવડેકરે જણાવ્યું હતું, 'સત્સંગદીક્ષા એ ભક્તિનો અદ્‌ભુત ગ્રંથ છે.' ડૉ. દિવાકર મોહન્તીએ વિસ્તૃત રીતે સમજાવ્યું હતું કે આ ગ્રંથ કેવી રીતે આપણા નિત્ય જીવન સાથે જોડાયેલો છે. ડૉ. નીલ કુલકર્ણીએ જણાવ્યું હતું કે 'આ ગ્રંથ અંતર અને મનની શાંતિને ટકાવી રાખવા માટે ઉપયોગી છે.' ડૉ. દિનેશ રાવલે જણાવ્યું હતું કે 'આ ગ્રંથ ફક્ત સંપ્રદાય પૂરતો નહીં, પરંતુ સમગ્ર વિશ્વ માટે ઉપયોગી છે.'

અંતમાં, મહામહોપાધ્યાય પૂજ્ય ભદ્રેશદાસ સ્વામીએ આ ગ્રંથના રચયિતા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની જીવનભાવનાનો વિશેષ પરિચય કરાવ્યો હતો.

આ પરિસંવાદના અંતે સૌ વિદ્વાનોના મુખે એ જ વાત રમતી હતી કે 'સત્સંગદીક્ષા ગ્રંથ એ ફક્ત સ્વામિનારાયણ સંપ્રદાય જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વ માટે જીવન ઉપયોગી ગ્રંથ છે.'

આમ, સત્સંગદીક્ષા ગ્રંથ પરના આ પરિસંવાદથી આ ગ્રંથ વિદ્વાનોમાં પણ વિશેષ પ્રિય બની રહ્યો. ◆

# યુ.કે. અને યુરોપના બી.એ.પી.એસ. સત્સંગનાં ૫૦ વર્ષની ઉજવણી



૧૯૮૮, સ્વીડન

તાજેતરમાં યુ.કે. અને યુરોપના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સત્સંગને ૫૦ વર્ષ પૂર્ણ થતાં તેની સ્મૃતિમાં તા. ૨૪ અને ૩૧ જાન્યુઆરી, ૨૦૨૧ના રોજ અદ્ભુત કાર્યક્રમ યોજાઈ ગયો. 'યુરોપ રંગવું છે...'ના મધ્યવર્તી વિચાર સાથે વર્ચ્યુઅલ માધ્યમથી યોજાયેલો આ કાર્યક્રમ સૌ માટે વિશિષ્ટ સ્મૃતિ સમાન હતો.

આ કાર્યક્રમમાં મુખ્યત્વે આ બાબતો વિશિષ્ટ રીતે રજૂ થઈ હતીઃ તા. ૭ જુલાઈ, ૧૯૭૦ના રોજ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ વગેરે સંતોનાં સૌપ્રથમ વખત યુરોપની ધરતી પર પગલાં પડ્યાં હતાં. તે વખતે યોગીજી મહારાજે યુરોપવાસીઓને આપેલો અલભ્ય સત્સંગલાભ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના ધામગમન બાદ તેમના સંકલ્પ અનુસાર બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે યુરોપના દેશોમાં કરેલું સત્સંગ-વિચરણ અને મુમુક્ષુઓમાં આણેલી જાગૃતિ, તેઓએ યુરોપમાં સ્થાપેલાં મંદિરો, હરિભક્તોને કરાવેલો દિવ્યાનંદ, પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ બાદ વહેતી રહેલી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની કરુણાગંગા, ગુણાતીત ગુરુવર્યો દ્વારા થઈ રહેલું સૌનું આધ્યાત્મિક પોષણ... વગેરે તમામ


૧૯૮૮, પોર્ટુગલ


૨૦૧૭, પોર્ટુગલ

સોપાનોને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ, વરિષ્ઠ સંતો, અન્ય સંતો અને સ્વયંસેવકો-હરિભક્તોના સ્વાનુભવો સાથે ગૂંથી લેવામાં આવ્યા હતા. બે દિવસોમાં વહેંચાયેલી આ ગાથાને હજારો ભક્તોએ લાઈવ વેબકાસ્ટિંગ દ્વારા માણીને ધન્યતા અનુભવી હતી.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે સ્વહસ્તે યુરોપના નકશા પર આશીર્વાદ આપીને ત્યાં રહેલા હરિભક્તો સર્વ પ્રકારે સુખી થાય અને તેમના દ્વારા સત્સંગની અભિવૃદ્ધિ થાય એવા અંતઃકરણપૂર્વક આશીર્વાદ પાઠવ્યા હતા. 'યુરોપ રંગવું છે...' એ સંકલ્પ સાકાર થાય તેવા શુભાશિષ વરસાવ્યા હતા. ◆



૨૦૧૭, પેરિસ

---

*(અનુસંધાન પૃષ્ઠ ૫ પરથી)*

*સ્વામીશ્રીમાં એવું તે શું હતું કે અપમાનો એમને અકળાવી શકતાં નહોતાં?*
*સન્માનો એમને હરખાવી શકતાં નહોતાં?*
*અગવડો એમને અપસેટ કરી શકતી નહોતી?*
*લાભ-વિજય એમને હરખાવી શકતા નહોતા?*
*દુઃખ-દર્દો, લાભ-અલાભ એમને દાહ દઈ શકતાં નથી?*
*દેશ-વિદેશમાં હજારો સત્સંગ કેન્દ્રો, સેંકડો મંદિરો અને લાખો હરિભક્તોનો વિરાટ પરિવાર ધરાવતી બી.એ.પી.એસ. સંસ્થા ઉપરાંત અનેક સંસ્થાઓના કર્ણધાર તરીકે, લાખો ભક્તો તેમજ સંતોના યોગ-ક્ષેમના સંરક્ષક તરીકેની અનેક જવાબદારીઓ વચ્ચે એમના મુખ પર ક્યારેય તણાવ વર્તાતો નહોતો.*
*શ્રીમદ્ ભગવદ્ગીતા આ વિરલ સ્થિતિને 'બ્રાહ્મી સ્થિતિ' કહીને બિરદાવે છે.*
*શતાબ્દી પ્રકાશ-માળામાં 'સ્વામિનારાયણ પ્રકાશ'નો આ અંક પ્રમુખસ્વામી મહારાજની એ બ્રાહ્મી સ્થિતિનું સ્મરણ કરે છે.*
*કોઈકે સુંદર મનન આપતાં કહ્યું છેઃ 'કદાચ આજે કુરુક્ષેત્રનું મહાયુદ્ધ થતું હોત અને એમાં અર્જુને શ્રીકૃષ્ણ ભગવાનને પૂછ્યું હોતઃ*
*'स्थितप्रज्ञस्य का भाषा? સ્થિતજ્ઞ પુરુષ કેવા હોય?'*
*તો કદાચ શ્રીકૃષ્ણ ભગવાને ગીતાનો બીજો અધ્યાય આગળ વધારવાને બદલે માત્ર એટલું જ કહ્યું હોતઃ 'પ્રમુખસ્વામી મહારાજ જેવા!'*
*વર્તમાન સમયે એવા જ બ્રાહ્મી સ્થિતિના ધારક પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ આપણી વચ્ચે બિરાજીને આપણને જીવનના સુખ-દુઃખનાં પલ્લાં વચ્ચે મનને સ્થિર, શાંત, સુખમય, આનંદમય રાખવાની પ્રેરણા આપી રહ્યા છે.*
*આ બ્રાહ્મી સ્થિતિના ધારક સત્પુરુષોમાંથી પ્રેરણા મેળવીને આપણે પણ આપણા જીવનને ધન્ય બનાવીએ.*

– સાધુ અક્ષરવત્સલદાસ ◆

## ઓસ્ટ્રેલિયાના મેલબોર્ન નગર ખાતે મંદિરમાં શ્રી નીલકંઠવર્ણી મહારાજનો મૂર્તિપ્રતિષ્ઠાવિધિ





પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી ઓસ્ટ્રેલિયાના મેલબોર્ન નગર ખાતે તા. ૨૩ માર્ચ ૨૦૧૨ના રોજ બી.એ.પી.એસ. મંદિરનો મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા વિધિ સંપન્ન થયો હતો.

તાજેતરમાં તા ૨ એપ્રિલ, ૨૦૨૧નો રોજ આ જ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં શ્રી નીલકંઠવર્ણી મહારાજનો સ્થાપનવિધિ સંપન્ન થયો.

તા. ૨ એપ્રિલ ૨૦૨૧ના રોજ આ બી.એ.પી.એસ. મંદિરના નવમા પાટોત્સવ પ્રસંગે અહીં રચાયેલા અભિષેક મંડપમ્‌માં શ્રી નીલકંઠવર્ણી મહારાજનો મૂર્તિસ્થાપનવિધિ પરમચિંતનદાસ સ્વામી વગેરે સંતોની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. આ સમગ્ર વિધિને હરિભક્તોએ વર્ચ્યુઅલ માધ્યમ દ્વારા ઘેરબેઠાં જ માણ્યો હતો.

## વૈશ્વિક શાંતિ માટે બી.એ.પી.એસ. મંદિર લંડન દ્વારા યોજાઈ પ્રાર્થનાસભા

તા. ૪ એપ્રિલ ૨૦૨૧ના રોજ લંડનના બી.એ.પી.એસ. મંદિર ખાતે વૈશ્વિક શાંતિ માટે પ્રાર્થનાસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સમગ્ર ઇંગ્લેન્ડ અને યુરોપમાં વસતા હરિભક્તો વર્ચ્યુઅલ માધ્યમથી ઘેરબેઠાં જ આ કાર્યક્રમમાં જોડાયા હતા.

લાઈવ વેબકાસ્ટના માધ્યમથી યોજાયેલી આ પ્રાર્થના સભાના આરંભમાં બાળકોએ સત્સંગદીક્ષા ગ્રંથના શ્લોકોનું ગાન કર્યું હતું. ત્યારબાદ એક કલાક સુધી સ્વામિનારાયણ મહામંત્રની ધૂનનું ગાન કરવામાં આવ્યું હતું. મહામંત્રના ધૂનગાન બાદ સંતોએ શ્રી નીલકંઠવર્ણી મહારાજનો અભિષેકવિધિ કર્યો હતો. હજારો હરિભક્તો ઘરે બેઠાં આ વિધિમાં જોડાયા હતા.

આ પ્રસંગે પૂજ્ય ડૉક્ટર સ્વામીએ પ્રેરણાવચનો પાઠવીને સમગ્ર વિશ્વમાં શાંતિ સ્થપાય અને સમગ્ર વિશ્વમાંથી કોરોના મહામારીનો ઉપદ્રવ વહેલામાં વહેલી તકે નાશ પામે તે માટે પ્રાર્થના કરી હતી.





# પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ ઉપક્રમે ૪૧૦૦ કિ.મી.ની સાયકલ યાત્રા દ્વારા તીર્થાટન અને વાંચનયજ્ઞની એક પ્રેરક ગાથા...

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવ ઉપક્રમે અનેક ભક્તો પોતાના પ્રાણપ્યારા ગુરુહરિને અંજલિ અર્પવા માટે અનેકવિધ રીતે તપ-વ્રત-જપ-સત્સંગ વગેરે કરીને ભક્તિ અદા કરી રહ્યા છે. તેમાં એક આદર ઉપજાવે એવું ઉદાહરણ એટલે સુરતના સત્સંગીબંધુ શ્રી પ્રવીણભાઈ દુધાત્રા.

પ્રવીણભાઈને સત્સંગના સાહિત્યના વાંચનનો શોખ. આથી, તેમણે એવો સંકલ્પ કર્યો કે પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી પર્વે વાંચનયજ્ઞ કરતાં કરતાં મહાન તીર્થોની સાયકલયાત્રા કરવી.

એક તરફ કોરોના મહામારીને કારણે આવકનાં સાધનો, વ્યવસાય બધું જ ખોરવાઈ ગયું હતું. અનેક લોકો તેનાથી પરેશાન થઈને દુઃખમાં સરી પડ્યા હતા. પરંતુ પ્રવીણભાઈએ એવી પરિસ્થિતિમાં ભક્તિમય આનંદનો આ નવો વિકલ્પ શોધી કાઢ્યો. પરિવારની સંમતિ લઈ તેઓ સાયકલ પાછળ જરૂર પૂરતાં કપડાં અને ગ્રંથો તથા થોડી સામગ્રી લઈને યાત્રાએ નીકળી પડ્યા. કોઈ સાથ-સંગાથ નહીં, પરંતુ ઠેર ઠેર મંદિરોમાં સંતોએ આગળના મુકામની વ્યવસ્થાઓ ગોઠવી દીધી અને પ્રવીણભાઈની સાયકલ યાત્રા દોડતી રહી.

યાત્રાની શરૂઆત કરી - ગુરુહરિની જન્મભૂમિ ચાણસદથી. સુરતથી સાયકલ લઈને ચાણસદ પહોંચ્યા અને ૧૨ દિવસ ત્યાં રહીને પ્રમુખસ્વામી મહારાજના વિસ્તૃત જીવનચરિત્રોનું વાંચન કર્યું. ત્યારબાદ એક પછી એક તીર્થમાં તેમની સાયકલ યાત્રા અને વાંચનયાત્રા સમાંતરપણે દોડતી રહી. બોચાસણ મંદિરમાં બે દિવસ રોકાઈને 'પુરુષોત્તમ બોલ્યા પ્રીતે' ગ્રંથનું વાંચન કર્યું. ત્યાંથી અનુક્રમે મહેળાવમાં ૧૦ દિવસ 'બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ જીવનચરિત્ર, ભાગ ૧-૨' અને 'લિ. યજ્ઞપુરુષદાસ, ભાગ ૧-૨' ગ્રંથોનું વાંચન કર્યું. વરતાલમાં વરતાલ પ્રકરણનાં વચનામૃતો વાંચ્યાં. આણંદમાં 'સાધુતાના શિખર મહંત સ્વામી મહારાજ' પુસ્તકનું વાંચન કર્યું.

અમદાવાદમાં અમદાવાદ પ્રકરણનાં વચનામૃતો વાંચ્યાં, જેતલપુરમાં જેતલપુર તથા અસલાલીનાં વચનામૃતો વાંચ્યાં. એ જ રીતે લોયા, ગઢડા, કારિયાણી, સારંગપુર વગેરે તીર્થોમાં જે તે પ્રકરણનાં વચનામૃતો વાંચ્યાં. સારંગપુરમાં આખી ભક્તચિંતામણિ વાંચી. ત્યારપછી ધોલેરા, ભાવનગર દર્શન કરીને મહુવામાં ભગતજી મહારાજનું વિસ્તૃત જીવનચરિત્ર વાંચ્યું. ધારીમાં યોગીજી મહારાજના જીવનચરિત્રના ૬ ભાગનું વાંચન કર્યું.



જૂનાગઢમાં અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની વાતો વાંચી. પંચાળામાં પંચાળાનાં વચનામૃતો વાંચીને સોરઠની પંચતીર્થી કરી. ગોંડલમાં અક્ષરામૃત ગ્રંથનું વાંચન કરીને ગુણાતીત જન્મભૂમિ ભાદરામાં ગુણાતીતાનંદ સ્વામીના જીવનચરિત્રના બે ભાગ વાંચ્યા. અહીંથી કચ્છની યાત્રા કરી. ભુજ મંદિરનાં દર્શન કરીને ત્યાંથી જયપુર, દિલ્હી અક્ષરધામ અને તીર્થધામ છપૈયા પહોંચ્યા. અહીં ભગવાન સ્વામિનારાયણની જન્મભૂમિમાં સ્વામિનારાયણ ભગવાનના જીવનચરિત્રના પાંચ ભાગમાંથી ત્રણ ભાગ વાંચ્યા. ત્યાંથી વાહન દ્વારા ફરીથી ગુજરાત આવ્યા અને છેવટે નેનપુર ગામના હરિમંદિરમાં રોકાઈને ભગવાન સ્વામિનારાયણના જીવનચરિત્રના બાકીના બે ભાગ પણ પૂર્ણ કર્યા.

પ્રવીણભાઈની આ સાયકલયાત્રા કુલ ૧૫૦ દિવસ સુધી ૪૧૦૦ કિ.મી. ચાલી, એ દરમ્યાન તેમણે સેંકડો પૃષ્ઠોનું જે તે તીર્થમાં વાંચન કરીને એ તીર્થની યાત્રાને સાર્થક કરી. એટલું જ નહીં, સાયકલયાત્રા દરમ્યાન પણ તેઓ સતત કથા-કીર્તનની ઓડિયોનું શ્રવણ કરતા રહ્યા. પ્રવીણભાઈ કહે છેઃ ‘આ યાત્રામાં એક ટંકની પણ ચિંતા મને થઈ નથી. કારણ કે મને સતત અનુભવાતું હતું કે સ્વામીબાપા સાથે જ છે. રસ્તામાં ક્યાંય હોટલમાં એક દિવસ પણ રહ્યો નથી. બધી જ વ્યવસ્થા થઈ જાય એટલે પ્રગટની પ્રતીતિ સતત અનુભવાઈ. સંતો અને હરિભક્તોએ અગાઉથી મારી ચિંતા કરીને મારી યાત્રા સફળ બનાવી દીધી.’

તેઓની આ યાત્રાની વિગતો સાંભળીને ગુરુહરિ મહંત સ્વામી મહારાજ, પૂજ્ય ડૉક્ટર સ્વામી, પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી, પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામી વગેરે તમામ વરિષ્ઠ સંતોએ અપાર પ્રસન્નતા દર્શાવી અભિનંદનપૂર્વક આશીર્વાદ વરસાવ્યા છે.

શ્રી પ્રવીણભાઈમાંથી પ્રેરણા લઈને આપણે પણ વાંચનયજ્ઞ દ્વારા જીવનને સાર્થક બનાવીએ. ◆

---

## દસ વર્ષથી નિત્ય પદયાત્રા દ્વારા ભક્તિ અદા કરતું એક પ્રેરક ઉદાહરણ...

આધ્યાત્મિક આનંદ માટે દૃઢ મનોબળ અને ભક્તિની શક્તિ પૂરતાં છે. એવું એક ઉદાહરણ એટલે ગાંધીનગર પાસેના પેથાપુર ગામના શ્રી કનુભાઈ ગજ્જર. સન ૨૦૧૦માં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ જ્યારે ગાંધીનગરમાં પધાર્યા ત્યારે એક મહિનાના સુધી તેઓ પેથાપુરથી પગપાળા સ્વામીશ્રીની પ્રાતઃપૂજાનાં દર્શને પધારતા હતા.

સંકલ્પ વધુ દૃઢ બન્યો અને નિર્ણય લીધો કે હવે તો દરરોજ ગાંધીનગર અક્ષરધામમાં સવારે આરતીનાં દર્શને ચાલીને જ જવું છે. પછી તો શિયાળાની હાડ થીજાવી દે તેવી ઠંડી હોય કે ધોધમાર વરસાદ પડતો હોય, શારીરિક બીમારી હોય કે સામાજિક પ્રસંગ હોય, બહારગામથી મોડી રાત્રે આવ્યા હોય કે સત્સંગકાર્યમાં રત હોય કે પછી અન્ય કામોની ભરમાર હોય, તોપણ આરતી દર્શનના નિયમમાં અત્યાર સુધી તેઓ અડગ રહ્યા છે.

નિત્ય સવારે ૪:૩૦ વાગ્યે જાગ્રત થઈને સ્નાનાદિક ક્રિયાઓથી પરવારીને, નિત્યપૂજા કરીને સવારે ૫:૪૫ વાગ્યે નીકળી જાય છે. સૂમસામ પથ પર કથાવાર્તા અને ગુરુવર્યોનાં જીવનચરિત્રોનું શ્રવણ કરતાં કરતાં ૧૦ કિ.મી. પદયાત્રા કરીને તેઓ અક્ષરધામનાં દર્શનાર્થે પધારે છે.

પ્રથમ પ્રાસાદિક વડનો ઓટલો સ્વચ્છ કરીને તેનાં દર્શન કરે. ત્યારબાદ હરિમંદિરમાં આરતી શરૂ થાય તે પહેલાં આવી જ જાય. લોકડાઉનની પરિસ્થિતિમાં મંદિર દર્શન બંધ હોવા છતાં પણ તેમનો નિયમ સારધાર જ રહ્યો. નિત્ય સમયસર આવીને દરવાજે ઊભાં ઊભાં આરતી કરે.

પેથાપુરમાં તેમના નિવાસસ્થાને છેલ્લાં ૨૩ વર્ષથી અઠવાડિક સત્સંગસભા, બાળસભા, યુવકસભા યોજાય છે. કાર્યકરો સભાવ્યવસ્થા માટે વહેલા આવે, પરંતુ તે પહેલા તો ઠાકોરજીનું આસન, માઇક સિસ્ટમ તથા પાથરણાં પાથરવાં વગેરેની સેવામાં તેમનું કુટુંબ હોંશે હોંશે જોડાઈ જ ગયું હોય. અમેરિકા સ્થાયી થયેલા તેમના સુપુત્ર શ્રી ગોપાલભાઈ ગજ્જર પણ સત્સંગસેવામાં સમર્પિત છે.

એવું જ ઉદાહરણ પૂરું પાડ્યું છે શ્રી વિજયભાઈ ગજ્જરે.

નિયમિત ભક્તિની પદયાત્રા કરનાર આ હરિભક્તો અન્ય અનેક માટે પ્રેરણાની મિસાલ બન્યા છે. તેમને હાર્દિક અભિનંદન... ◆

## ભક્તરાજ શ્રી છગનભાઈ રામજીભાઈ ટાંક, અમદાવાદ, ઉં.વ. ૯૫, અક્ષરવાસ તા. ૨૨-૪-૨૦૨૧



સૌરાષ્ટ્રના સાવરકુંડલાના વતની ભક્તરાજ શ્રી છગનભાઈ રામજીભાઈ ટાંક બાળવયે અમદાવાદ સ્થાયી થયા હતા અને શાહપુરમાં આંબલીવાળી પોળમાં રહેતા હતા. યોગાનુયોગ એ જ સમય દરમ્યાન બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ શાહપુરમાં રંગીલા પોળ અને ત્યારબાદ વિશેષ આંબલીવાળી પોળમાં વારંવાર પધારીને સત્સંગલાભ આપતા. તેથી છગનભાઈ અને તેમના બંધુ જયંતીભાઈને બાળપણથી જ શાસ્ત્રીજી મહારાજનો યોગ થયેલો અને તેમની સેવા તથા તેમના વાત્સલ્યનો અપાર લાભ મળેલો. છેલ્લાં દસેક વર્ષો દરમ્યાન શાસ્ત્રીજી મહારાજને પગે વાની તકલીફ હોવાથી ઘણીવાર તેઓ સેવકનો હાથ પકડીને ચાલતા. ક્યારેક ભક્તો તેમને પોતાના હાથ પર બેસાડીને લઈ જતા. શાસ્ત્રીજી મહારાજ આંબલીવાળી પોળમાં પધારતા ત્યારે ઘણીવાર પોળના દરવાજેથી હાથ પર બેસાડીને મંદિરે લઈ જવાનો લાભ છગનભાઈને મળ્યો છે. ઘણીવાર તેમના ઉતારેથી સભામાં ઊંચકીને લાવવા અને પાછા લઈ જવાનો લાભ પણ મળ્યો છે.

તેઓની લગભગ ૨૦-૨૨ વર્ષની ઉંમરે એકવાર શાસ્ત્રીજી મહારાજને ખબર પડી કે છગનભાઈ ચા પીવે છે. આથી શાસ્ત્રીજી મહારાજે તેમને ચા ન પીવાની આજ્ઞા કરી, ત્યારથી લઈને છગનભાઈએ ૯૫ વર્ષની ઉંમર સુધી જીવનભર ચાનો સ્પર્શ સુદ્ધાં કર્યો નહીં.

છગનભાઈને નિર્ગુણદાસ સ્વામીની સેવાનો પણ લાભ મળ્યો હતો. નિર્ગુણદાસ સ્વામી અમદાવાદ પધારે ત્યારે આફ્રિકા મોકલવાના પત્રો પોસ્ટ કરવા રિલીફ રોડ પર આવેલી પોસ્ટ ઓફિસમાં છગનભાઈને મોકલતા અને છગનભાઈ પત્ર મોકલીને પાછા આવે ત્યારે નિર્ગુણદાસ સ્વામી રાજી થઈને તેમને લાડુડીનો પ્રસાદ અવશ્ય આપે.

છગનભાઈ કેટલાક શાસ્ત્રીજી મહારાજના ઐતિહાસિક પ્રસંગોના સાક્ષી બન્યા હતા. તેઓ ઘણીવાર એ પ્રસંગોની સ્મૃતિ કરતા. જેમ કે –

● અમદાવાદમાં શાસ્ત્રીજી મહારાજે ઐતિહાસિક સમાધિ પ્રકરણ ચલાવેલું. ભગવાન સ્વામિનારાયણ જેવો જ દિવ્ય પ્રતાપ સૌએ આ સમાધિ પ્રકરણમાં શાસ્ત્રીજી મહારાજ દ્વારા નીરખ્યો હતો. છગનભાઈએ ઘણીવાર એ સમાધિના દર્શનનો લહાવો લીધો હતો.

● આંબલીવાળી પોળમાં શાસ્ત્રીજી મહારાજે પ્રમુખસ્વામી મહારાજને પોતાના ભાવિ આધ્યાત્મિક અનુગામી અને સંસ્થાના પ્રમુખ તરીકે નિયુક્ત કર્યા ત્યારે છગનભાઈને એક સેવક તરીકે એ સમારોહમાં ઉપસ્થિત રહેવાનો લહાવો મળ્યો હતો.

● આંબલીવાળી પોળમાં રહેતા ભક્તરાજ શ્રી બબુભાઈ પર શાસ્ત્રીજી મહારાજ એકવાર ખૂબ રાજી થયા. બબુભાઈને કોઈ સંતાન નહોતું તેથી શાસ્ત્રીજી મહારાજે રાજીપો વરસાવતાં કહેલું કે હું તમને કુબેર ભંડારી જેવો દીકરો આપું. ત્યારે બબુભાઈએ દીકરાને બદલે શાસ્ત્રીજી મહારાજ પાસે અમદાવાદમાં શિખરબદ્ધ મંદિર થાય તેવી માંગણી કરી હતી. તેનાથી શાસ્ત્રીજી મહારાજ વિશેષ પ્રસન્ન થયા હતા અને અમદાવાદમાં શિખરબદ્ધ મંદિર કરવાનો તેમને કોલ આપ્યો હતો, જેના પ્રતાપે આજે અમદાવાદમાં શાહીબાગ ખાતે મંદિર ઊભું છે. શ્રી છગનભાઈ આ ઐતિહાસિક પ્રસંગના સાક્ષી હતા.

● શાસ્ત્રીજી મહારાજની ૮૫મી જન્મજયંતી ઊજવવાની હતી ત્યારે છગનભાઈએ શાસ્ત્રીજી મહારાજને આર્થિક સેવાનું પૂછ્યું હતું. ત્યારે શાસ્ત્રીજી મહારાજે છગનભાઈની પહોંચ બહાર ૨૮૫ રૂપિયાની સેવા કરવાનું કહ્યું હતું. ત્યારે શાસ્ત્રીજી મહારાજે કહ્યું હતું કે તારા પિતાજીએ ધર્માદો નહોતો કર્યો એટલે તમારી સ્થિતિ સામાન્ય છે, તમને આવી પરિસ્થિતિમાંથી બહાર કાઢવા છે. માટે આટલી સેવા કરજો. જ્યારે સગવડ થાય ત્યારે આ સેવા આપજો. જો કે છગનભાઈ પાસે ત્યારે આ સગવડ નહોતી એટલે થોડા સમય પછી યોગીજી મહારાજને આ સેવા અર્પણ કરી હતી.

શાસ્ત્રીજી મહારાજના અનેક દિવ્ય પ્રસંગોના સાક્ષી છગનભાઈએ જીવનભર એ સ્મૃતિઓ સંગ્રહી રાખી હતી.

આંબલીવાળી પોળમાં ભક્તરાજ શ્રી બબુભાઈ અને શ્રી રસિકભાઈ વગેરે કીર્તનભક્તિના રસિક ભક્તોને લક્ષ્યમાં રાખીને શાસ્ત્રીજી મહારાજે યુવકમંડળ સ્થાપ્યું હતું. જ્યારે જ્યારે શાસ્ત્રીજી મહારાજ અમદાવાદ પધારે ત્યારે આ યુવકમંડળ કીર્તનો ગાઈને તેઓને ખૂબ રાજી કરે. તેમાંના એક હતા શ્રી છગનભાઈ. કુદરતી રીતે જ શાસ્ત્રીજી મહારાજની કૃપાદૃષ્ટિથી તેમને કીર્તનની પંક્તિઓ હૈયે સ્ફૂરતી અને એ નવાં કીર્તનોમાં શાસ્ત્રીજી મહારાજનો અપરંપાર મહિમા વહેતો. છગનભાઈ

કીર્તનો રચે, સ્વરબદ્ધ કરે અને શાસ્ત્રીજી મહારાજ સમક્ષ ગાય. તેઓ લલકારે અને સૌ ભક્તો તેને ઉપાડી લઈને ભક્તિમાં ગુલતાન થઈ જતા. ક્યારેક શાસ્ત્રીજી મહારાજની પારાયણો મુંબઈ, સુરત વગેરે સ્થળોએ યોજાય કે ગોંડલ-સારંગપુર-બોચાસણ-અટલાદરામાં સમૈયાઓ હોય, ત્યારે પણ અમદાવાદનું આ યુવકમંડળ કીર્તનભક્તિ માટે પહોંચી જાય, જેમાં છગનભાઈ અને જયંતીભાઈની બંધુબેલડી પણ શામેલ હોય. છગનભાઈ સ્વરચિત 'સ્વામીજી તો મહાપ્રતાપી, એનું ધાર્યું થાય...' જેવાં મહિમાવંતાં કીર્તનો લલકારે અને શાસ્ત્રીજી મહારાજ રાજી થઈને તેમના પર આશીર્વાદ વરસાવે.

છગનભાઈ પર આ કૃપા ત્યારબાદ યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજ પણ વરસાવતા રહ્યા. તેમણે રચેલાં અમર પદો - *'સ્વામીજી તો મહા પ્રતાપી, એનું ધાર્યું થાય...', 'મૂર્તિ મનોહર તારી, સુંદરવર શામળિયા...', 'સ્વામીશ્રીજીનાં નિશાન, ઓછાં હોય નહિ...', 'સંતનું સ્વરૂપ ધારી, શ્રીજી આજ પધાર્યા રે...'* વગેરે કીર્તનો બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની અનેક પેઢીઓ ખુમારીભેર ગાતી રહેશે.

છગનભાઈના પરિવારજનો, પુત્રો અને પૌત્રો પણ બી.એ.પી.એસ. સંસ્થાની સેવામાં એવી જ નિષ્ઠાથી સમર્પિત છે. એમના એક સુશિક્ષિત પૌત્રને તેમણે પ્રમુખસ્વામી મહારાજનાં ચરણે સંસ્થાની સેવામાં ત્યાગાશ્રમમાં સમર્પિત કર્યા છે. (હાલ સાધુ ગુરુસ્મરણદાસ)

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના આવા નિષ્ઠાવાન પીઢ ભક્તરાજના અક્ષરવાસથી સંસ્થાને ખૂબ મોટી ખોટ પડી છે. તેમને હાર્દિક શ્રદ્ધાંજલિ...

**ભક્તરાજ શ્રી વલ્લભભાઈ બબાભાઈ પટેલ, અમદાવાદ, ઉં.વ. ૮૨, અક્ષરવાસ તા. ૨૮-૩-૨૦૨૧**



અમદાવાદમાં આવેલા મીઠાખળી ગામના નામી ખેડૂત, પ્રતિષ્ઠિત જમીનદાર અને સામાજિક અગ્રણી શ્રી બબાભાઈ પટેલના સુપુત્રશ્રી વલ્લભભાઈ અમદાવાદના એક અગ્રણી ભક્તરાજ હતા. ખૂબ મહેનત કરીને તેમણે એક પ્રતિષ્ઠિત વેપારી તરીકે સારી એવી નામના મેળવી હતી.

દાયકાઓ પહેલાં પાડોશમાં ભક્તરાજ શ્રી સી. સોમાભાઈ ચાવાળાને ત્યાં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની પધરામણી થઈ હતી ત્યારે યોગીજી મહારાજનાં પ્રથમ દર્શને જ તેમના હસ્તે કંઠી ધારણ કરીને વલ્લભભાઈ સત્સંગી બની ગયા હતા. ત્યારપછી તો પ્રમુખસ્વામી મહારાજના યોગમાં વિશેષ આવ્યા અને સત્સંગના રંગે સંપૂર્ણ રંગાઈ ગયા. શરૂઆતનાં વર્ષોમાં શાહીબાગ મંદિરમાં દર્શન અને સત્સંગસભાથી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનો મહિમા સવિશેષ દૃઢ થયો ને સેવાભાવના ઉત્તરોત્તર અભિવૃદ્ધિ પામતી ગઈ.

તેમને વાંચનનો શોખ. આથી સંપ્રદાયના ગ્રંથોનું પરિશીલન કરીને જીવનમાં સમજણ અને નિષ્ઠા દૃઢ કરતા રહ્યા. એ સમજણ અને નિષ્ઠા સાથે સંસ્થાની નાની-મોટી અનેક સત્સંગ-પ્રવૃત્તિઓમાં તેઓ સમયે સમયે સેવાઓ કરતા રહ્યા, પરંતુ કોલકાતા મંદિરના ભૂમિપૂજન વખતે પ્રમુખસ્વામી મહારાજે તેમને વેપારને બદલે પૂર્ણ સમયની સેવાની આજ્ઞા કરી. આથી, તેઓએ પુત્રોને વેપાર સોંપીને સંપૂર્ણ નિવૃત્તિ લઈ લીધી અને પૂર્ણ સમય માટે શાહીબાગ ખાતે સંસ્થાની-મંદિરની સેવાઓમાં સમર્પિત થઈ ગયા.

ઘરેથી પોતાનું જમવાનું ટીફીન લઈને આવે અને કોઠારી સત્સંગિજીવનદાસ સ્વામી સાથે રહીને મંદિરનાં નાનાં-મોટાં અનેક કાર્યોમાં સહકાર આપે. પોતાની પૌત્રીનાં લગ્ન વખતે પણ તેઓ માત્ર ત્રણ જ દિવસ સેવામાં આવી ન શક્યા. બાકી, કોઈપણ પારિવારિક કે સામાજિક પ્રસંગોમાં જવાને બદલે તેમણે સેવાને જ પ્રાધાન્ય આપ્યું.

શાંત, સરળ, હસમુખો, પીઢતાભર્યો વ્યવહાર. સૌની સાથે સ્નેહ અને આત્મીયતાનો નાતો. કોઈની સાથે રાગદ્વેષ નહીં. કોઈ અભાવ-અવગુણની વાત નહીં. આથી, નાનામાં નાના સ્વયંસેવક કે હરિભક્તથી લઈને ઈશ્વરચરણદાસ સ્વામી, ડૉક્ટર સ્વામી તેમજ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજ સુધી સૌ કોઈનો તેઓ આદર પામ્યા. લોકડાઉન દરમ્યાન ઘરે રહેવાનું થયું તો સેવા વગર બેચેન રહેતા હતા. આથી, લોકડાઉન પૂરું થયા બાદ તેઓ પુનઃ સેવામાં જોડાઈ ગયા. તેઓ ઘણી વખત કહેતાં કે સેવાનું મને વ્યસન પડી ગયું છે. તેઓ સેવાનો કેફ હંમેશાં અનુભવતા.

દસ-બાર દિવસની છેલ્લી બીમારીને બાદ કરતા તેઓ છેક સુધી સેવામય રહ્યા. સમાજમાં એક મોભાદાર વ્યક્તિત્વ હોવા છતાં મંદિરમાં એક સાચા સેવક બનીને સેવામય રહ્યા. તેઓના અક્ષરવાસથી એક નિષ્ઠાવાન અને સેવારત, પીઢ, વફાદાર અને સંનિષ્ઠ હરિભક્તની અપૂરણીય ખોટ પડી છે. તેઓશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલિ...

## ભક્તરાજ શ્રી ગોરધનભાઈ ભુલાભાઈ પટેલ, અમદાવાદ, અક્ષરવાસ તા. ૨૧-૪-૨૦૨૧



મૂળ ચરોતર પ્રાંતના નાપાડ ગામના વતની અને અમદાવાદ સ્થાયી થયેલા શ્રી ગોરધનભાઈ પટેલ અમદાવાદ સત્સંગ મંડળના એક સંનિષ્ઠ અગ્રણી ભક્તરાજ હતા. બાળવયે નાપાડ ગામમાં શાસ્ત્રીજી મહારાજનાં દર્શનનો લાભ મળેલો. સત્સંગ વારસમાં મળેલો હોવાથી સહેજે જ સંતો અને સત્પુરુષોની સેવાનો લાભ મળ્યો. નાપાડમાં સંતો પધારે ત્યારે ગોરધનભાઈ તેમની સેવામાં જોડાઈ જાય. તેમાંથી તેમને સાધુ થવાની ઝંખના જાગી. સન ૧૯૫૯માં યોગીજી મહારાજના હસ્તે દીક્ષિત થયા. ત્યારબાદ સન ૧૯૬૧માં ૫૧ યુવાનો સાધુ થયા તેમાં તેઓ 'નીલકંઠ સ્વામી' તરીકે જોડાયા, પરંતુ એક વર્ષ બાદ યોગીજી મહારાજની આજ્ઞા લઈને પુનઃ પરિવાર સાથે જોડાયા. ત્યારબાદ સંસ્થાના એક સમર્પિત હરિભક્ત તરીકે તેમણે જીવનભર સેવા અને સત્સંગનો લહાવો લીધો. યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજને તન-મન-ધનથી સેવા કરીને તેમને અપાર રાજી કર્યા. ઘણા વર્ષો સુધી તેમણે અમદાવાદ મંદિરમાં કોઠારી સ્વામીના સહયોગી તરીકે પણ સેવાઓ આપી. તેમના સુપુત્રો પણ સંસ્થાના સમર્પિત કાર્યકર તરીકે સેવા આપી રહ્યા છે. શ્રી ગોરધનભાઈના અક્ષરવાસથી એક સંનિષ્ઠ સમર્પિત ભક્તરાજની મોટી ખોટ પડી છે. તેમને હાર્દિક શ્રદ્ધાંજલિ...

## ભક્તરાજ શ્રી કેશવલાલ વંડરા, અમરેલી, ઉં.વ. ૮૫, અક્ષરવાસ તા. ૯-૫-૨૦૨૦



ભક્તરાજ કેશવલાલ વંડરા મૂળ અમરેલી જિલ્લાના ખાંભા ગામના વતની. માત્ર ૭-૮ વર્ષની ઉંમરે શાસ્ત્રીજી મહારાજની અંતિમ અવસ્થામાં દર્શન-આશીર્વાદ પ્રાપ્ત કર્યાં હતાં. આમ તો તેઓ એક અન્ય તીર્થમાં પારિવારિક રીતે શિષ્ય તરીકે સંકળાયેલા હતા. પરંતુ પૂજ્ય બાલમુકુન્દ સ્વામીના યોગે યોગીજી મહારાજનાં દર્શન-આશીર્વાદ પામ્યા. પછી તો યોગીજી મહારાજના પ્રેમના રંગે એવા રંગાયા કે બધું છોડી અક્ષરપુરુષોત્તમના ઉદ્‌ઘોષમાં જોડાયા. ખાંભા અને આસપાસનાં ક્ષેત્રોમાં ગામડે-ગામડે ફરી સત્સંગ કરાવ્યો, સત્સંગ મંડળોની રચના કરાવી. સંગીત ક્ષેત્રે બિલકુલ જ્ઞાન ન હોવા છતાં રાગ, દોહા, છંદ, ભજનોની રમઝટ બોલાવતા અને સુંદર ભજનો બનાવતા. તેમના દ્વારા રચિત પ્રસિદ્ધ કીર્તન *'વંદન વારંવાર યોગીજીને......'* પ્રમુખસ્વામી મહારાજે અનેક ઉત્સવોમાં ગાયું છે. સંસ્થાના દરેક મહોત્સવોમાં છ માસ થી વધુ સેવાઓ તન-મન-ધનથી આપી ગુરુહરિનો રાજીપો મેળવ્યો હતો.

તેમની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી પ્રમુખસ્વામી મહારાજે કુટુંબના તમામ વ્યવહારની ચિંતા પોતાના માથે રાખી છેક સુધી નિભાવી હતી. પ્રમુખસ્વામી મહારાજ તેમને માળાનો મણકો કહી સંબોધતા. છેલ્લે પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજના આશીર્વાદ અને સદ્‌ગુરુ સંતો સાથેની અવિસ્મરણીય યાદોનું સ્મરણ કરતાં તેઓ હૃદયરોગના હુમલાથી અક્ષરનિવાસી થયા. તેમની વિદાયથી એક સમર્પિત ભક્તરાજની ખોટ પડી છે. તેમને હાર્દિક શ્રદ્ધાંજલિ...

## ભક્તરાજ શ્રી નટવરલાલ મોહનલાલ ચોક્સી, ગાંધીનગર, ઉં.વ. ૮૫, અક્ષરવાસ તા. ૨૫-૪-૨૦૨૧



મૂળ અમદાવાદના વતની શ્રી નટવરભાઈને સન ૧૯૬૭માં યોગીજી મહારાજના આશીર્વાદથી પુત્રનો જન્મ થયો, ત્યારથી સત્સંગમાં વિશેષ જોડાયા. ૧૯૭૧માં તેઓ પૂર્વ આફ્રિકામાં યુગાન્ડામાં કંપાલા ને ત્યારબાદ નૈરોબી ખાતે વ્યવસાય અર્થે સ્થાયી થયા. અહીં તેમણે સ્થાનિક હરિભક્તો - શ્રી શાંતુભાઈ વગેરેની સાથે સેવા-સત્સંગનો વિશેષ લાભ લીધો અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના યોગે દિવસે ને દિવસે સત્સંગનો રંગ ચડતો ગયો. નૈરોબીના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં ઘણાં વર્ષો સુધી પૂજારી તરીકે અને પુરાણી તરીકે સેવાઓ આપી. આર્થિક રીતે પણ તેઓનું સમર્પણ વિશિષ્ટ હતું. પોતાની આવકમાંથી જરૂર પૂરતો ઘરખર્ચ રાખીને બીજી બધી આવકની બચત કરવાને બદલે સેવા કરી દેતા. નૈરોબી ખાતે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે નૂતન મંદિર રચ્યું ત્યારે સિવિલ એન્જિનીયર તરીકેની સેવા આપી. સન ૧૯૯૯માં સ્વામીશ્રીની આજ્ઞાથી ભારત પાછા ફરી ગાંધીનગર સ્થાયી થયા ને અહીં પણ અક્ષરધામમાં આર્ષ ખાતે તથા સત્સંગમંડળોમાં સેવાઓ આપી સૌને અક્ષરપુરુષોત્તમની દૃઢ મહિમા-નિષ્ઠા કરાવતા રહ્યા. જીવનના છેલ્લા શ્વાસ સુધી તન-મન-ધનથી સમર્પિત બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ તથા પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના કૃપાપાત્ર બની રાજીપો પ્રાપ્ત કરનાર આ ભક્તરાજની વિદાયથી ખોટ પડી છે. તેઓશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલિ...

**ભક્તરાજ શ્રી ભાઈલાલભાઈ ભગવાનભાઈ પટેલ, ઓચ્છણ, ઉં.વ. ૮૧, અક્ષરવાસ તા. ૨૬-૩-૨૦૨૧**



ભરૂચ જિલ્લાના ઓચ્છણ ગામના વતની શ્રી ભાઈલાલભાઈ પટેલે સન ૧૯૭૮માં ગામમાં સત્સંગમંડળની શરૂઆત કરી હતી. ત્યારબાદ વર્ષો સુધી ઉત્સાહી કાર્યકર તરીકેની ભૂમિકા અદા કરીને અનેક ભક્તોને સત્સંગનો યોગ કરાવ્યો હતો. તેઓના પ્રયત્નોથી ઓચ્છણમાં બી.એ.પી.એસ. મંદિર પ્રતિષ્ઠિત થયું. આ મંદિરમાં પૂજારી તરીકેની સેવા વર્ષો સુધી અનેક શારીરિક તકલીફો વચ્ચે નિઃસ્વાર્થભાવે અર્પણ કરીને ગુણાતીત ગુરુવર્યોનો અપાર રાજીપો પ્રાપ્ત કર્યો હતો. જીવનના છેલ્લા શ્વાસ સુધી સેવા, ભક્તિ અને સત્સંગમય જીવન જીવનારા તેઓના અક્ષરવાસથી એક સેવાનિષ્ઠ ભક્તરાજની ખોટ પડી છે. હાર્દિક શ્રદ્ધાંજલિ...

**ભક્તરાજ શ્રી પરેશભાઈ પટેલ, લખનૌ, અક્ષરવાસ તા. ૨૭-૪-૨૦૨૧**



લખનૌના નિષ્ઠાવાન કાર્યકર અને અગ્રણી સત્સંગીબંધુ, મૂળ તો અમદાવાદના રહેવાસી હતા. પિતા ધ્રુવકુમારભાઈ દ્વારા જન્મથી જ સત્સંગ. તેઓ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી વર્ષો પહેલાં લખનૌમાં સ્થાયી થયા અને સ્વામીશ્રીની પ્રેરણા મુજબ સત્સંગની અનેકવિધ સેવા કરી રહ્યા હતા. લખનૌ એટલે ઉત્તર પ્રદેશની રાજધાની, સ્વામિનારાયણ સંપ્રદાયની કોઈપણ શાખાના સંતો કે સત્સંગીઓ ભગવાન સ્વામિનારાયણની જન્મભૂમિ છપૈયા કે અયોધ્યાની યાત્રાએ નીકળે એટલે તેમને લખનૌ આવવાનું થાય. અને લખનૌમાં પરેશભાઈનું ઘર એ બધા માટે ભોજન-ઉતારા-વાહનની સગવડ કે અન્ય વ્યવસ્થાઓ માટે હમેશાં ખુલ્લું જ હોય. એમની આ સેવા-સમર્પણ ભાવના પાછળ પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણા હતી. તેઓ પરિવારજનોની સાથે વિદેશમાં સ્થાયી થવા માંગતા હતા, પરંતુ પ્રમુખસ્વામી મહારાજે તેઓને લખનૌમાં રહીને તીર્થયાત્રી સત્સંગીઓની સેવા કરવાની આજ્ઞા કરી હતી. આ આજ્ઞાનું તેમણે આજીવન દૃઢપણે પાલન કરીને શ્રેષ્ઠ ગુરુભક્તિનું ઉદાહરણ પ્રસ્તુત કર્યું. અયોધ્યા-છપૈયાની યાત્રા કરતાં હરિભક્તો માટે પરેશભાઈનું ઘર એક મંદિર સમાન બની ગયું હતું. મહંત સ્વામી મહારાજે સંતમંડળ સાથે છપૈયાની પદયાત્રા કરી હતી ત્યારેપણ પરેશભાઈએ ભક્તિભાવ અને શ્રદ્ધાપૂર્વક સેવાઓ પ્રદાન કરીને પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. સંસ્થાના પ્રત્યેક આયોજન-કાર્યક્રમને સાકાર કરવા અતિ ઉત્સાહથી તત્પર રહેતા લખનૌ ક્ષેત્રના આ મુખ્ય કાર્યકરે તન, મન અને ધનથી સત્સંગની અનેકવિધ સેવાઓ કરી હતી. તેઓના અક્ષરવાસથી ઉત્તર પ્રદેશના બી.એ.પી.એસ. પરિવારને અપૂરણીય ખોટ પડી છે. તેઓશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલિ...

**ભક્તરાજ શ્રી પ્રભુદાસ માધુભાઈ દેસાઈ, ભદ્રેસર, ઉં.વ. ૯૪, અક્ષરવાસ તા. ૩-૧૦-૨૦૨૦**



ઈડર તાલુકાના ભદ્રેસરના વતની શ્રી પ્રભુદાસ દેસાઈએ સાબરકાંઠા જિલ્લાના દરેક બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં સેવા-સહયોગ આપ્યો હતો. ભદ્રેસરમાં મંદિર નિર્માણ પામે તેવી અંતરની ઇચ્છા હોવાથી સુપુત્ર ડૉ. રામુભાઈ પાસે ભૂમિદાન કરાવ્યું હતું. પ્રમુખસ્વામી મહારાજનાં ચરણારવિંદથી પાવન તેઓનું નિવાસસ્થાન વર્ષોથી સત્સંગસભા માટેનું કાયમી સ્થાન બની રહ્યું છે. સમાજની ધાર્મિક અને શૈક્ષણિક સેવામાં સદાય અગ્રેસર આ ભક્તરાજે વર્ષો સુધી સત્સંગની વિવિધ સેવાઓ કરીને ગુરુવર્યોની પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. તેઓશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલિ...

**ભક્તરાજ શ્રી ડૉ. રામુભાઈ પ્રભુદાસ દેસાઈ, ગાંધીનગર, ઉં.વ. ૭૩, અક્ષરવાસ તા. ૩૧-૧૦-૨૦૨૦**



મૂળ સાબરકાંઠા જિલ્લાના ભદ્રેસર ગામના વતની ડૉ. રામુભાઈ પી. દેસાઈ વર્ષો પૂર્વે મેડીકલ પ્રેક્ટીસ અર્થે ગાંધીનગરમાં સ્થાયી થયા હતા. અક્ષરધામ નિર્માણ પામી રહ્યું હતું ત્યારે તેઓશ્રી ડોક્ટર તરીકે સેવા આપતા હતા, ત્યારથી સત્સંગનો રંગ વધુ લાગ્યો. તેઓના નિવાસસ્થાને સેક્ટર-૨૩માં સત્સંગ માટે હૉલ બનાવ્યો હતો, જ્યાં લગભગ છેલ્લાં ૩૦ વર્ષથી અઠવાડિક સંયુક્તસભા, બાળસભા અને મહિલાસભા વગેરે સત્સંગસભાઓ નિયમિત થાય છે. ગાંધીનગરમાં મંદિરનાં દર્શન કર્યા વિના પાણી પણ ન પીવાની તેમની ટેક હતી. ભદ્રેસરમાં પ્રમુખસ્વામી મહારાજને પધરાવીને આસપાસના અનેક મુમુક્ષુઓને તેમનો યોગ કરાવ્યો હતો. ગાંધીનગર, હિંમતનગર મંદિરમાં માતબર સેવા આપવા ઉપરાંત ભદ્રેસર ખાતે બી.એ.પી.એસ. મંદિરનું ભૂમિદાન કરનાર આ ભક્તરાજે ગુણાતીત ગુરુવર્યોનો અપાર રાજીપો પ્રાપ્ત કર્યો હતો. તેઓશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલિ...

**ભક્તરાજ શ્રી જગન્નાથ દિનકર સહસ્રબુદ્ધે, બારસી, ઉં.વ. ૮૦, અક્ષરવાસ તા. ૧૬-૪-૨૦૨૧**



મહારાષ્ટ્રમાં સોલાપુર જિલ્લાના બારસી ગામના વતની વિદ્વાન મરાઠી ભક્તરાજ શ્રી જગન્નાથ દિનકર સહસ્રબુદ્ધે સન ૧૯૮૮માં શ્રી રમેશભાઈ ત્રિવેદીના યોગમાં આવ્યા ને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ સાથે તેમનું અતૂટ જોડાણ થયું. શિક્ષક તરીકે શિક્ષણસેવા, સંઘમાં જોડાઈને દેશસેવા અને અગ્રણી હરિભક્ત તરીકે તેમણે સત્સંગસેવા ખૂબ કરી હતી. તેઓએ આઠ વિષયમાં અનુસ્નાતક સુધીનો અભ્યાસ કરીને અનેક ભાષાઓ પર પ્રભુત્વ મેળવ્યું હતું. પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞા પ્રમાણે નવ મહિના સુધી દાદર મંદિરમાં રહીને વચનામૃત ગ્રંથનું મરાઠી ભાષામાં ભાષાંતર કરીને તેઓનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. કઠિન સંજોગોમાં પણ નિયમધર્મનું દૃઢતાપૂર્વક પાલન કરનાર આ ભક્તરાજના અક્ષરવાસથી મહારાષ્ટ્રના સત્સંગમંડળને એક અગ્રણી વિદ્વાન હરિભક્તની ખોટ પડી છે. તેઓશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલિ...

**ભક્તરાજ શ્રી ડૉ. રતિલાલ ચુડગર (ધારી), અમદાવાદ, ઉં.વ. ૮૧, અક્ષરવાસ તા. ૨૬-૩-૨૦૨૧**

ડૉ. રતિલાલ ચુડગર બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની જન્મભૂમિ ધારી ખાતે સન ૨૦૦૪થી એક સમર્પિત સેવક તરીકે સેવામાં જોડાઈ ગયા હતા. એક ડૉક્ટર તરીકે પ્રૅક્ટિસ કરતા હોવા છતાં તેઓ ધારીના હરિમંદિરની પૂજારી તરીકેની તેમજ વહીવટી સેવાઓમાં જોડાઈ ગયા હતા. રોજ પાકો થાળ બનાવી ઠાકોરજીને જમાડવાની સેવા ભક્તિભાવપૂર્વક કરતા. દેશ-વિદેશથી દર્શનાર્થે આવતા હરિભક્તોની ભોજન-ઉતારાની સેવા કરી તેમણે સૌને ખૂબ રાજી કર્યા છે. તેઓ ડૉક્ટર તરીકે હરિભક્તો તેમજ ભાવિકોને તપાસીને દવા વગેરેનું માર્ગદર્શન પણ આપતા. વરિષ્ઠ સંતોની આજ્ઞાથી ધારીમાં મંદિરની બાજુમાં ત્રણ વર્ષ સુધી દવાખાનું ખોલવામાં આવ્યું હતું, જેમાં ડૉક્ટર તરીકે સેવા આપીને તેમણે ધારી તેમજ આસપાસનાં ગામડાના લોકોની નિઃસ્વાર્થભાવે સારવાર કરી હતી. એકધારી ૧૭ વર્ષ સુધી ધારીમાં સેવા કરી તેઓએ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજને ખૂબ રાજી કર્યા. ૨૦૧૫માં ધારી શિખરબદ્ધ મંદિરની પ્રતિષ્ઠા થયા બાદ પછી નીલકંઠ અભિષેક મંડપમાં પૂજારી તરીકે છેલ્લે સુધી તેઓ સેવા કરતા રહ્યા. આવું સેવાનિષ્ઠ, પ્રામાણિક અને ભક્તિભર્યું અને પ્રેરણાદાયી જીવન જીવી તેઓ સૌના આદરણીય બની રહ્યા હતા. તેમની વિદાયથી એક સેવાનિષ્ઠ ભક્તરાજની ખોટ પડી છે. તેમને હાર્દિક શ્રદ્ધાંજલિ...

**ભક્તરાજ શ્રી રાજેન્દ્રભાઈ દવે, ગોંડલ, ઉં.વ. ૭૫, અક્ષરવાસ તા. ૧૩-૪-૨૦૨૧**



મૂળ આણંદના વતની શ્રી રાજેન્દ્રભાઈ દવે વ્યવસાય અર્થે ગોંડલમાં સ્થાયી થયા હતા. પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજના કૃપાપાત્ર આ ભક્તરાજને સૌ ‘અદા’ના હુલામણા નામથી સંબોધતા હતા. તેઓ એક આદર્શ અધ્યાપક હોવાથી ગોંડલ ખાતે બી.એ.પી.એસ. વિદ્યામંદિરમાં વર્ષો સુધી શિક્ષણસેવા કરતા રહ્યા. છેલ્લાં ૩૨ વર્ષથી અક્ષરદેરીમાં વૈદિક પૂજાવિધિ અને અક્ષરઘાટમાં અસ્થિવિસર્જન માટે આવતા ભક્તો માટે પિતૃતર્પણ વિધિ પણ કરાવતા હતા. ગોંડલની આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં કથાવાર્તા તેમજ અક્ષરમંદિરની દરેક સેવા મહિમાપૂર્વક કરતા હતા. સાદું, સરળ અને નિયમધર્મયુક્ત પવિત્ર જીવન છેલ્લી ક્ષણો સુધી જીવીને તેમણે ગુણાતીત ગુરુવર્યોનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. તેઓના અક્ષરવાસથી એક સેવારત હરિભક્તની ખોટ પડી છે. તેઓશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલિ...

**ભક્તરાજ શ્રી દિલીપભાઈ ભોગીલાલભાઈ શાહ, અમદાવાદ, ઉં.વ. ૭૮, અક્ષરવાસ તા. ૫-૫-૨૦૨૧**



અમદાવાદના સંનિષ્ઠ હરિભક્ત શ્રી દિલીપભાઈને તેમના મોટાભાઈ અને અગ્રણી ભક્તરાજ શ્રી શાંતિભાઈ થકી સત્સંગનો યોગ થયો હતો અને શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ તથા મહંત સ્વામી મહારાજના યોગમાં રહીને સત્સંગ-સેવાઓ કરી હતી. યોગીજી મહારાજની આજ્ઞાથી સન ૧૯૬૮માં તેઓ ઝારખંડ રાજ્યમાં બોકારો ખાતે વ્યવસાય અર્થે સ્થાયી થયા હતા. વતનથી ખૂબ દૂર હોવા છતાં, એવા સ્થાનમાં પણ તેમણે સત્સંગ જાળવી રાખ્યો. એકલા એકલા પણ તેમણે સત્સંગની સરવાણી વહેતી રાખી. તેમના ભક્તિભાવને વશ થઈને પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજ સંતમંડળ સાથે છેક બોકારો તેમને ત્યાં પધાર્યા હતા અને અનેક મુમુક્ષુઓને સત્સંગલાભ આપ્યો હતો. ખૂબ સંનિષ્ઠ પીઢ હરિભક્ત, સમર્પિત કાર્યકર તરીકે તેઓ વિનમ્રભાવે જીવનની છેલ્લી ક્ષણ સુધી સત્સંગ-સેવા કરતા રહ્યા. તેમને હાર્દિક શ્રદ્ધાંજલિ...

### ભક્તરાજ શ્રી નરેન્દ્રભાઈ એમ. આજુગિયા, મુંબઈ, ઉં.વ. ૬૩, અક્ષરવાસ તા. ૮-૫-૨૦૨૧



મુંબઈના ખૂબ જાણીતા સ્ટ્રક્ચરલ એન્જિનીયર અને મુંબઈની જાણીતી એસ.પી.એ.સી.પી.એલ. કંપનીના વાઇસ ચૅરમેન અને સીઈઓ શ્રી નરેન્દ્રભાઈ મુંબઈના બી.એ.પી.એસ. સત્સંગમંડળના એક અગ્રણી ભક્તરાજ હતા. સન ૧૯૮૫માં પત્ની અને શ્વસુર પક્ષેથી તેમને બી.એ.પી.એસ. સત્સંગનો યોગ થયો અને હૃદયપૂર્વક તેઓ મહિમાથી સત્સંગમાં જોડાઈ ગયા. સંસ્થાની નાની-મોટી અનેક સેવાઓ કરતા રહ્યા, વિશેષ રૂપે એક નિષ્ણાત સ્ટ્રક્ચરલ એન્જિનીયર તરીકે તેઓ નોંધપાત્ર યોગદાન આપતા રહ્યા. યોગીજી મહારાજ શતાબ્દી મહોત્સવના ઉપક્રમે સ્વામિનારાયણ નગરના વિશાળ સ્તંભરહિત સભાગૃહની સ્ટ્રક્ચરલ ડિઝાઇન કરવામાં તેઓનું નોંધપાત્ર યોગદાન હતું. મુંબઈના ભવ્ય યોગીસભાગૃહની સ્ટ્રક્ચરલ ડિઝાઇનમાં પણ તેમની સેવા હંમેશાં યાદ રહેશે. તેમનાં પ્રાધ્યાપક પત્ની બી.એ.પી.એસ. સંસ્થાની મહિલાપ્રવૃત્તિના એક અગ્રણી કાર્યકર હોવાના નાતે સતત સેવારત રહેતા અને નરેન્દ્રભાઈ હંમેશાં તેમના એ સેવાકાર્યમાં સહયોગ આપતા રહે. એક પ્રતિષ્ઠિત પદ પર હોવા છતાં એક વિનમ્ર, કર્મઠ, સુહૃદયી, સમર્પિત ભક્ત તરીકે સત્સંગની દૃઢ નિષ્ઠા અને સમજણ સાથે તેઓ અને તેમનો સમગ્ર પરિવાર સત્સંગમાં સેવારત રહ્યા. તેમની વિદાયથી સંસ્થાએ એક સેવામય ભક્તરાજ ગુમાવ્યા છે. તેમને હાર્દિક શ્રદ્ધાંજલિ...

### ભક્તરાજ શ્રી ભરતભાઈ શાહ, લીંમડી, ઉં.વ. ૭૮, અક્ષરવાસ તા. ૬-૫-૨૦૨૧



મૂળ લીંમડીના વતની શ્રી ભરતભાઈ શાહ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના એક કૃપાપાત્ર આદરણીય ભક્તરાજ હતા. પ્રમુખસ્વામી મહારાજ ઝાલાવાડ પ્રાંતમાં વિચરણ કરે ત્યારે સ્વામીશ્રીની સાથે તેઓ હંમેશાં સેવામાં જોડાતા. સ્વામીશ્રીની આજ્ઞાથી તેઓ ઝાલાવાડ પ્રાંતની આર્થિક સેવાઓની વહીવટી કાર્યવાહી સંભાળતા અને ખૂબ પ્રામાણિકપણે તેમણે એ સેવાઓ કરીને સ્વામીશ્રીની પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. સ્વામીશ્રી કથાવાર્તા-સત્સંગમાં હંમેશાં તેમને સંબોધીને હળવી શૈલીમાં આધ્યાત્મિક મર્મ સમજાવતા અને સૌને આનંદમાં ગરકાવ કરી દેતા. તેમની વિદાયથી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાએ એક અદના સેવક ગુમાવ્યા છે. તેમને હાર્દિક શ્રદ્ધાંજલિ...

### ભક્તરાજ શ્રી ભાસ્કરભાઈ મહેતા, ભરૂચ, ઉં.વ. ૬૦, અક્ષરવાસ તા. ૧૯-૪-૨૦૨૧



ભરૂચ શહેરના બી.એ.પી.એસ. સત્સંગમંડળના એક પાયાના ભક્તરાજ શ્રી ભાસ્કરભાઈ મહેતા બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના ખૂબ કૃપાપાત્ર યુવક હતા. અમદાવાદમાં ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી ઉત્સવ દરમ્યાન તેઓએ કલાકાર-છબિકાર તરીકે તાલીમ લઈને સંસ્થામાં સેવાઓ આપી હતી. ત્યારબાદ પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી તેઓ સંસ્થાના દૃશ્ય-શ્રાવ્ય વિભાગમાં મુંબઈ ખાતે પાંચ વર્ષ સેવામાં રહ્યા હતા. સન ૨૦૦૧ થી ૨૦૦૭ દરમ્યાન પટેલ સોસાયટી-ભરૂચ ખાતે તેમણે સેવાઓ આપી હતી. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની ૬૯મી જન્મજયંતી સન ૧૯૮૯માં ભરૂચ ખાતે ઊજવાઈ હતી તેમાં સૌ પ્રથમવાર તેમણે થર્મોકોલનો ઉપયોગ કરીને ભવ્ય મંચ બનાવવામાં યોગદાન આપ્યું હતું. ભરૂચ ખાતે તેઓ સંસ્થાની નાની-મોટી અનેક સેવાઓમાં જીવનભર સેવારત રહ્યા હતા. ભજન-ભક્તિ, કથાવાર્તા, સત્સંગપ્રસાર, સાહિત્યનું વાંચન વગેરેમાં સદા ઉત્સાહી ભાસ્કરભાઈએ પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજની ખૂબ પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. તેઓને હાર્દિક શ્રદ્ધાંજલિ...

### શ્રી ઈશ્વરભાઈ એમ. પારેખ, ભરોડા, ઉં.વ. ૬૮, અ. તા. ૨૯-૩-૨૧



ઉમરેઠ ક્ષેત્રના ભરોડા ગામના વતની શ્રી ઈશ્વરભાઈ મંગળભાઈ પારેખ સન ૧૯૯૨થી અગ્રણી કાર્યકર તરીકે સત્સંગ-સેવા કરતા હતા. આજીવન મહિમાપૂર્વક સંતો, ભક્તો અને સત્સંગની સેવા કરીને તેઓએ આ વિસ્તારના સત્સંગવિકાસમાં નોંધપાત્ર યોગદાન આપ્યું હતું. તેઓશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલિ...

### શ્રી કલ્પેશભાઈ નટુભાઈ પટેલ, ડાંગ, અ. તા. ૨૪-૪-૨૧



ડાંગ જિલ્લાના વઘઈના વતની અને વિદ્યાનગર સ્થાયી થયેલા શ્રી કલ્પેશભાઈ પટેલે વઘઈમાં મંદિર નિર્માણ અર્થે ભૂમિદાન કરીને, મંદિર રચાવીને સત્સંગવિકાસમાં વિશેષ યોગદાન આપ્યું હતું. સાથે સાથે સત્સંગની અનેકવિધ સેવાઓ કરીને સ્વામીશ્રીના કૃપાપાત્ર બન્યા હતા. તેઓને હાર્દિક શ્રદ્ધાંજલિ...

## ભક્તરાજ શ્રી વલ્લભભાઈ કરસનદાસ પટેલ, વડોદરા, ઉં.વ. ૮૮, અક્ષરવાસ તા. ૨૯-૩-૨૦૨૧



વડોદરાના બી.એ.પી.એસ. સત્સંગમંડળના પીઢ હરિભક્ત શ્રી વલ્લભભાઈ પટેલ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના યોગમાં સન ૧૯૬૫માં આવ્યા હતા. ત્યારથી તેઓએ પોતાનું જીવન સત્સંગમય બનાવી દીધું હતું. પોતાના ગામ મગનપુરામાં હરિમંદિરનું નિર્માણ, અટલાદરાના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના જૂના ટાવરવાળા દરવાજાનું બાંધકામ, વડોદરામાં ઊજવાયેલ યોગીજી મહારાજની ૬૭મી જન્મજયંતી તેમજ સન ૧૯૮૦માં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના ષષ્ઠિપૂર્તિ જન્મજયંતી મહોત્સવમાં પણ તેમની સેવાઓ નોંધપાત્ર રહી હતી.

વડોદરા શહેરની મુખ્ય રવિ સત્સંગ સભા અટલાદરા મંદિરમાં શરૂ થઈ તે પૂર્વે દસ વર્ષ સુધી તેઓના નિવાસસ્થાને જ સત્સંગસભા થતી હતી. સતત ભક્તિમય રહેતા તેઓએ ૧૫ વર્ષ સુધી દર વર્ષે ભગવાન સ્વામિનારાયણની જન્મભૂમિ છપૈયાની યાત્રા કરીને પોતાની ભક્તિ અદા કરી હતી.

સત્સંગ કરવો અને કરાવવો એ તેમના જીવનનું લક્ષ્ય હતું. આથી, વૃદ્ધાવસ્થામાં પણ તેમણે સત્સંગસભા કે મંદિર-દર્શનનો નિયમ અક્ષુણ્ણ પાળ્યો હતો. જીવનનાં છેલ્લાં વર્ષોમાં આંખોનું તેજ ઓછું થવા છતાં તેઓની ભક્તિમાં ઊણપ આવી નહોતી. રોજ પાંચ કલાક જેટલો સમય તેઓ વચનામૃત, સ્વામીની વાતો, પુરુષોત્તમ બોલ્યા પ્રીતે અને અન્ય ગ્રંથોનાં શ્રવણમાં રત રહેતા.

આવા સંનિષ્ઠ ભક્તરાજની વિદાયથી વડોદરાના સત્સંગમંડળને એક પીઢ હરિભક્તની ખોટ પડી છે. ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજના કૃપાપાત્ર આ ભક્તરાજને હાર્દિક શ્રદ્ધાંજલિ...

## શ્રી ઘનશ્યામભાઈ ડી. ભગત, કપડવંજ, ઉં.વ. ૭૩, અ. તા. ૨૧-૪-૨૧



કપડવંજ ક્ષેત્રમાં ૩૦ વર્ષ સુધી નિર્દેશક તરીકે ને ત્યારબાદ હિંમતનગર અને દાહોદ ક્ષેત્રમાં સંયોજક તરીકેની સેવા કરનાર શ્રી ઘનશ્યામભાઈએ આ વિસ્તારોમાં બી.એ.પી.એસ. સત્સંગ-વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપ્યું હતું. તન-મન-ધનથી સમર્પિત થઈને તેઓએ સ્વામીશ્રીની ખૂબ પ્રસન્નતા મેળવી હતી. તેઓશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલિ.

## શ્રી હર્ષદભાઈ હીરાભાઈ પટેલ, બિલીમોરા, અ. તા. ૨૫-૪-૨૧



મૂળ ઊંઝાના અને વર્ષોથી ધંધાર્થે બિલીમોરા સ્થાયી થયેલા શ્રી હર્ષદભાઈએ તન, મન, ધનથી વિવિધ સેવા અર્પણ કરી હતી. તેમના પિતા-દાદાની ભક્તિથી બિલીમોરા ખાતે તેમના નિવાસસ્થાને યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજ વારંવાર બિરાજતા. તે પ્રસાદિક સ્થાન સંસ્થાને અર્પણ કરીને તેઓએ સત્સંગની વિશેષ સેવા કરી હતી. તેઓશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલિ.

## શ્રી પ્રાગજીભાઈ એચ. વાઢેર, નવસારી, અ. તા. ૨૨-૭-૨૦



શ્રી પ્રાગજીભાઈ હરિભાઈ વાઢેરે યોગીજી મહારાજના હસ્તે કંઠી ધારણ કરીને જીવનને સત્સંગથી રંગી દીધું હતું. જીવનપર્યંત સંસ્થાના નિષ્ઠાવાન સક્રિય કાર્યકર તરીકે નવસારી ખાતે તેઓએ અનેકવિધ સેવા આપી હતી. તેઓશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલિ..

## શ્રી ત્રિકમભાઈ બી. ભલસોડ, નવસારી, ઉં.વ. ૯૪, અ. તા. ૫-૪-૨૧



એક ઉચ્ચ અધિકારી તરીકે નિવૃત્તિ બાદ શ્રી ત્રિકમભાઈએ નવસારી ખાતે સંનિષ્ઠ, સમર્પિત ભક્ત તરીકે ઉમદા સેવાઓ આપી હતી. સ્થાનિક ક્ષેત્રે અનેકવિધ કાર્યોમાં તેઓનું અનુભવપૂર્ણ માર્ગદર્શન અને સેવાઓ હંમેશાં યાદ રહેશે. તેઓશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલિ..

## શ્રી હેમરાજભાઈ કાનજીભાઈ પરમાર, નવસારી, અ. તા. ૧૦-૪-૨૧



પ્રગટ સત્પુરુષ, સંસ્થા અને મંદિર સાથે દૃઢ આત્મબુદ્ધિથી જોડાયેલા શ્રી હેમરાજભાઈ નવસારીના પાયાના ભક્તોમાંના એક હતા. આજીવન સત્સંગ, સેવા અને ભક્તિ પરાયણ રહીને જીવન સાર્થક કરનાર સદ્‌ગતશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલિ..

## શ્રી વિનુભાઈ કે પટેલ, નેઝા (જંબુસર), અ. તા. ૧૮-૩-૨૧



બી.એ.પી.એસ. મંડળ નેઝા-જંબુસરના પાયાના હરિભક્ત શ્રી વિનુભાઈએ સ્થાનિક સત્સંગના વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપ્યું હતું. તેમની વિદાયથી જંબુસર ક્ષેત્રના એક સેવાનિષ્ઠ ભક્તરાજની ખોટ પડી છે. તેઓને હાર્દિક શ્રદ્ધાંજલિ.

## ભક્તરાજ શ્રી ડૉ. રામભાઈ પટેલ, કડી, ઉં.વ. ૮૪, અક્ષરવાસ તા. ૧૩-૫-૨૦૨૧



ઉત્તર ગુજરાતના કરણનગરના વતની અને કડી શહેરના રહેવાસી ડૉ. રામભાઈ પટેલ એક સેવાપરાયણ ડૉક્ટર તરીકે ઉત્તર ગુજરાતમાં ખૂબ ખ્યાતિ ધરાવતા હતા. બી.એ.પી.એસ. સત્સંગમંડળના પાયાના આ ભક્તરાજ યોગીજી મહારાજના યોગમાં આવવાથી સત્સંગના રંગે રંગાયા હતા. પૂજ્ય કોઠારી સ્વામી - ભક્તિપ્રિયદાસ સ્વામી પૂર્વાશ્રમમાં કડી સર્વવિદ્યાલયમાં અભ્યાસ કરતા હતા ત્યારે રામભાઈ કિશોરાવસ્થામાં તેમના સહાધ્યાયી રહેલા અને જીવનભર એ મૈત્રી એવી ને એવી રહેલી. અમદાવાદમાં ઈન્ટર સાયન્સ તેમજ બી. જે. મેડિકલ કોલેજમાં એમ.બી.બી.એસ.ના અભ્યાસ દરમ્યાન તેઓ અચૂક યોગીજી મહારાજનાં દર્શન સેવા-સત્સંગનો લાભ લેતા હતા. અમદાવાદમાં તબીબી અભ્યાસ પૂર્ણ કર્યા બાદ તેમણે કડીમાં તબીબી વ્યવસાયની સાથે સત્સંગમંડળની પણ શરૂઆત કરી હતી.

વર્ષો સુધી તબીબી સેવાઓ આપ્યા બાદ પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી તેઓ તબીબી વ્યવસાયમાંથી નિવૃત્તિ લઈને ઉત્તર ગુજરાતની પ્રસિદ્ધ શિક્ષણ સંસ્થા 'સર્વવિદ્યાલય કેળવણી મંડળ'ની સેવામાં સંપૂર્ણ હોમાઈ ગયા હતા. આ સંસ્થાના વિકાસમાં મહત્ત્વનું યોગદાન આપનાર તેઓશ્રીએ આ સંસ્થાના પ્રમુખપદે રહીને સ્વામીશ્રીની કૃપાથી પ્રશસ્ય સેવાઓ આપી. તેઓના માર્ગદર્શન નીચે એન્જિનિયરીંગ કૉલેજ, ફિઝિયોથેરાપી સ્કૂલ, સી.બી.એસ.સી. સ્કૂલ વગેરે અનેક શિક્ષણ પ્રકલ્પો રચાયાં હતાં. કડીમાં સાયન્સ કોલેજની જરૂરિયાત ઊભી થતાં તેઓએ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના અનુદાનથી પ્રમુખસ્વામી મહારાજ સાયન્સ કોલેજનું નિર્માણ કર્યું હતું.

કડીમાં સત્સંગનો વ્યાપ વધતાં મંદિર તેમજ સત્સંગભવનમાં અગ્રેસર રહી તેમાં પણ સેવાઓ આપી હતી. તેઓએ નિયમ અને નિષ્ઠાપૂર્વક તબીબી, શૈક્ષણિક, સત્સંગ ક્ષેત્રે તન, મન, ધનથી અવિસ્મરણીય સેવા કરીને પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજનો ખૂબ રાજીપો પ્રાપ્ત કર્યો હતો. સરળતા, મૃદુતા, સાદાઈ, સેવા, સમર્પણ વગેરે ગુણોથી સૌને પ્રેરણા આપનાર આ ભક્તરાજના અક્ષરવાસથી અપૂરણીય ખોટ પડી છે. તેઓને હાર્દિક શ્રદ્ધાંજલિ...

## ભક્તરાજ શ્રી વિક્રમભાઈ અંબાલાલભાઈ બ્રહ્મભટ્ટ, અમદાવાદ, ઉં.વ. ૬૭, અક્ષરવાસ તા. ૧૧-૫-૨૦૨૧




અમદાવાદના બી.એ.પી.એસ. સત્સંગમંડળના સંનિષ્ઠ કાર્યકર અને બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના મધ્યસ્થ લીગલ વિભાગમાં સેવા આપતા ભક્તરાજ શ્રી વિક્રમભાઈને સત્સંગ વારસામાં મળ્યો હતો. તેમના પિતાશ્રી શ્રી અંબાલાલભાઈ કાળુપુરના સ્વામિનારાયણ મંદિરમાં રહીને સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામીની પરંપરામાં ધ્રુપદ શૈલીની ગાયકી શીખ્યા હતા. અંબાલાલભાઈ અને તેમના ભાઈ પ્રતાપભાઈ - આ બંધુ બેલડી શાસ્ત્રીય શૈલીમાં સુંદર કીર્તનો ગાઈને યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજને ખૂબ પ્રસન્ન કરતી હતી. તેમના સંસ્કાર વારસામાં મળતાં વિક્રમભાઈ પણ સત્સંગના રંગે રગાયા હતા. વ્યવસાયે તેઓ કૉલેજમાં સ્પોર્ટ્સના પ્રશિક્ષક હોવાથી અમદાવાદમાં યુવકમંડળમાં કરાટેની તાલીમથી લઈને અનેકવિધ સ્પોર્ટ્સ કૌશલ્યમાં સૌને તેમણે તાલીમ આપી હતી. પ્રમુખસ્વામી મહારાજ સમક્ષ યુવાનોનું આ કૌશલ્ય તેમણે અનેક વખત પ્રસ્તુત કરાવ્યું હતું અને સ્વામીશ્રીની પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી.

અમદાવાદની સત્સંગપ્રવૃત્તિ અને સ્વયંસેવક પ્રવૃત્તિમાં પણ એક અગ્રેસર તરીકે તેમની સેવાઓ નોંધપાત્ર રહી છે. સત્સંગપ્રવૃત્તિઓની સેવાની સાથે સાથે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી તેમણે એલ.એલ.બી. અને એલ.એલ.એમ.નો તેજસ્વી અભ્યાસ કર્યો અને સંસ્થાના લીગલ વિભાગમાં સેવામાં જોડાઈ ગયા. સંસ્થાનાં મંદિરોના દસ્તાવેજોનું ડોક્યુમેન્ટેશન કરવાની સેવા તેમણે ખૂબ ખંતપૂર્વક બજાવીને સ્વામીશ્રીને ખૂબ પ્રસન્ન કર્યા હતા. વળી, સંસ્થામાં વિવિધ વિભાગોમાં સેવા આપતા કાયમી સેવકોની પ્રોવિડન્ડ ફંડથી લઈને અન્ય કાર્યવાહીઓ પણ તેઓ સફળતાપૂર્વક સંભાળતા હતા. આ ઉપરાંત લીગલ વિભાગની નાની-મોટી કેટલીય કાર્યવાહીઓમાં તેમણે નોંધપાત્ર સેવાઓ આપી હતી. કેટલાય હરિભક્તોની નાની-મોટી કાયદાકીય આપત્તિઓમાં પણ તેઓ પક્ષની ભાવનાથી માર્ગદર્શન આપતા હતા. સંસ્થાના સત્સંગસાહિત્યના ઊંડા અભ્યાસી, નિયમ-નિશ્ચય-પક્ષમાં દૃઢ, પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજના કૃપાપાત્ર એવા આ ભક્તરાજના અક્ષરવાસથી સંસ્થાને ખૂબ મોટી ખોટ પડી છે.

તેમને હાર્દિક શ્રદ્ધાંજલિ...

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના હજારો

નિઃસ્વાર્થ કોરોના વોરિયર્સ દ્વારા



# કોરોના પ્રકોપની બીજી લહેરમાં સેવાનું અભિયાન

स्वामिनारायण

BAPS









સેવા. નિ:સ્વાર્થભાવે સેવા. નાત-જાત-ઊંચ-નીચ-ધર્મ-પંથના ભેદભાવ વિનાની સેવા.
બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનો આ એક પરિચય છે.
સનાતન વૈદિક ધર્મનાં આધ્યાત્મિક મૂલ્યોના નવી પેઢીમાં પ્રસારણ કરવાના લક્ષ્ય સાથે, વૈદિક અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના પ્રવર્તન માટે કટિબદ્ધ, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના કેન્દ્રમાં છે - માણસ. એટલે જ પ્રત્યેક માણસના આધ્યાત્મિક, નૈતિક, સામાજિક, શૈક્ષણિક ઉત્કર્ષના લક્ષ્ય સાથે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા છેલ્લી એક શતાબ્દી કરતાં વધારે સમયથી સેવામય રહી છે.
બાળ-યુવા સંસ્કારથી લઈને વૈદિક તત્ત્વજ્ઞાનની સુવાસ પ્રસરાવવા સુધી આ સંસ્થા અહોરાત્ર કાર્યરત રહી છે. ભક્તિ અને સત્સંગ દ્વારા લાખો ઘરોમાં શાંતિ, સુખ, આનંદની લહેર પ્રસરાવતી આ સંસ્થાનું સેવાફલક પ્રાકૃતિક આપત્તિઓના પ્રકોપથી લઈને કોરોના મહામારીના પ્રકોપ સુધી વિસ્તર્યું છે. હવે પછીનાં પૃષ્ઠોમાં કોરોના મહામારીની બીજી લહેરમાં સંસ્થાએ કરેલી સેવાઓની એક આછી ઝલક પ્રસ્તુત છે....




બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા

# ભારતના દર્દીઓની નિઃશુલ્ક સેવામાં શરૂ થયું ઓક્સિજન પહોંચાડવાનું અનોખું અભિયાન...

---

**૧૩૨ મેટ્રિક ટન લિક્વિડ ઓક્સિજન સાથે ક્રાયોજેનિક ટેન્ક**

**૭૮,૫૪,૦૦૦ લીટર ઓક્સિજન વાયુ ભરેલાં સિલિન્ડર્સ,**

**૧,૩૦૦થી વધુ ઓક્સિજન કોન્સન્ટ્રેટર્સ,**

**સેંકડો ઓક્સિજનયુક્ત બેડ્સ સાથે કોરોના દર્દીઓની સારવાર કરતી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ હોસ્પિટલો,**

**તેમજ ભોજન-સેવા સહિત અનેક સેવાકાર્યોની અવિરત શૃંખલા**









બી.એ.પી.એસ. દ્વારા અબુધાબી-દુબઈથી ભારત આવી પહોંચેલાં ઓક્સિજન કોન્સન્ટ્રેટર્સનું વિધિવત્ પૂજન કરીને સત્વરે હોસ્પિટલોમાં પહોંચાડવામાં આવ્યાં. પૂજન-પ્રાર્થના રત પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી. પૂજ્ય બ્રહ્મવિહારીદાસ સ્વામીએ દુબઈ ખાતે ગ્લોબલ ગેસીઝ ગ્રુપની મુલાકાત લઈને વહેલામાં વહેલી તકે ભારત સુધી ઓક્સિજનનો પુરવઠો પહોંચાડવાની સેવા બજાવી...

સમગ્ર વિશ્વ જેનાથી અસરગ્રસ્ત બન્યું છે એ કોરોના વાયરસની મહામારીની બીજી લહેરે ભારતને ત્રાહિમામ્ પોકારાવી દીધું છે. મહામારીની આ બીજી લહેરે છેલ્લાં કેટલાંક અઠવાડિયાંઓમાં એવો ઉપદ્રવ મચાવી દીધો કે ઠેર ઠેર હૉસ્પિટલો, ડૉક્ટરો, પેરામેડિકલ સ્ટાફ, ઑક્સિજન યુક્ત પથારીઓ, વેન્ટિલેટર્સ કે આઈ.સી.યુ.ની ક્યારેય ન અનુભવાયેલી અછત ઊભી થઈ ગઈ. ઑક્સિજનની અચાનક આવી પડેલી અછતને કારણે લાખો લોકો રિબાવા લાગ્યા અને ઑક્સિજનના અભાવે શ્વાસ છોડી દેતા સ્વજનોને હજારો લોકો લાચાર આંખે જોઈ રહ્યા. સરકારશ્રી અને ઉદ્યોગગૃહો આ ઑક્સિજનની અછતને પૂરી કરવા માટે બધું જ દાવ પર લગાવી રહ્યા છે, તેની સાથે સાથે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા જેવી સ્વૈચ્છિક ધાર્મિક સંસ્થાએ પણ કદમ કદમ મિલાવીને, સ્વયંસેવકોની સહાયથી નિઃસ્વાર્થ સેવાનો હાથ લંબાવ્યો છે.

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના આધ્યાત્મિક વડા પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે ચાતરેલા નિઃસ્વાર્થ સેવાના માર્ગને અનુસરીને, વર્તમાન ગુરુદેવ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે પણ સંસ્થાના દેશ-વિદેશના ભક્તો-ભાવિકોને લાખો લોકોના જીવ બચાવવા માટે બધું જ કરી છૂટવા પ્રેરણા આપી છે.

તેઓના આશીર્વાદથી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા ચાલી રહેલી કોરોના-સેવાઓનો એક આછો ચિતાર અહીં પ્રસ્તુત છેઃ

## વિરાટ પાયે ઓક્સિજન સેવા

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી



સંસ્થાની બી.એ.પી.એસ. હોસ્પિટલો ઉપરાંત, અટલાદરા-વડોદરા ખાતેના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના પરિસરમાં વિશાળ સભાગૃહમાં રાજ્ય સરકારના આરોગ્ય મંત્રાલયના સહયોગથી ઓક્સિજનયુક્ત ૫૦૦ બેડ્સની વિશાળ કોવિડ હોસ્પિટલ તાત્કાલિક ધોરણે શરૂ કરવામાં આવી, જ્યાં અનેક દર્દીઓની નિઃશુલ્ક સારવાર કરવામાં આવી...

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના અબુધાબી ખાતેના નિર્માણાધીન મંદિર દ્વારા ખૂબ મોટા પાયે 'ઑક્સિજન સેવા'નું મહાન અભિયાન હાથ ધરાયું છે. આ મંદિરના નિર્માણનું સૂત્ર સંભાળી રહેલા પૂજ્ય બ્રહ્મવિહારીદાસ સ્વામી તેમજ મંદિર ટ્રસ્ટના યુ.એ.ઈ. ખાતેના સૂત્રધાર શ્રી અશોકભાઈ કોટેચાના સંગીન પ્રયાસોથી ખૂબ મોટા પાયે ગુજરાતમાં ઑક્સિજનનો પુરવઠો પૂરો પાડવાની સફળ કાર્યવાહી કરવામાં આવી છે.

બી.એ.પી.એસ. હિન્દુ મંદિર - અબુધાબી દ્વારા સ્થાનિક શાસકો તેમજ દાતાઓની સહાયથી ૧,૩૨,૦૦૦ કિ.ગ્રા. (૧૩૨ મેટ્રિક ટન) લિક્વિડ ઑક્સિજન ભરેલી બે ક્રાયોજેનિક ટેન્ક દુબઈથી ભારત રવાના કરવામાં આવી હતી. માઈનસ ૧૮૫ ડિગ્રી તાપમાને આ લિક્વિડ ઑક્સિજન ભરેલી પ્રથમ બે ક્રાયોજેનિક ટેન્ક તા. ૭ મે, ૨૦૨૧ના રોજ ગુજરાત આવી પહોંચી, જેમાંથી ઑક્સિજનનો પુરવઠો સંસ્થા દ્વારા દર્દીઓને નિઃશુલ્ક પ્રાપ્ત થયો. ઑક્સિજનનો આ પ્રવાહ એક મહિના સુધી અવિરત વહેતો રાખવાનું નિર્ધારિત થયું, જેમાં કુલ ૪૪,૦૦,૦૦૦ કિ.ગ્રા. લિક્વિડ (૪૪૦ મેટ્રિક ટન) ઑક્સિજનનો પુરવઠો ભારતને પૂરો પાડવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો. આ ઑક્સિજનનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવી રહ્યો છે, જે લાખો દર્દીઓને શ્વાસ પૂરો પાડીને તેમના પ્રાણ બચાવશે.

લિક્વિડ ઑક્સિજન પૂરો પાડવા માટે યુ.એ.ઈ. સ્થિત 'ગ્લોબલ ગેસીઝ ગ્રુપ'ના સ્થાપક અને સી.ઈ.ઓ. શ્રી દીપક મહેતા અને તેમની ટીમે સહાય કરી. ટ્રાન્સવર્લ્ડ ગ્રુપના ચેરમેન શ્રી રમેશ રામક્રિશ્નને બી.એ.પી.એસ. સ્વામિ-










'બી.એ.પી.એસ. નિરામય કેન્દ્ર' અટલાદરા ખાતે અન્ય ૪૦ બેડ્સનું ઑક્સિજનયુક્ત તેમજ આઈ.સી.યુ. - વેન્ટિલેટર્સની પણ વ્યવસ્થા કરવામાં આવી. આ ઉપરાંત બી.એ.પી.એસ. છાત્રાલયમાં તથા આઈસોલેશન સેન્ટરમાં કુલ ૨૦૦ બેડ્સની તાત્કાલિક ધોરણે વ્યવસ્થા કરવામાં આવી.

નારાયણ સંસ્થા વતી ઑક્સિજન ટેન્કને વહેલામાં વહેલી તકે ૨,૦૦૦ કિલોમીટર દૂર ભારત પહોંચાડવાની ઝીણવટભરી વ્યવસ્થા કરી.

આ ઉપરાંત ૭૮,૫૪,૦૦૦ લીટર ઑક્સિજન વાયુ ભરેલા ૧,૧૫૦થી વધુ ઑક્સિજન સિલિન્ડર પણ સંસ્થા દ્વારા દુબઈથી ભારત પહોંચાડવામાં આવ્યા છે.

ઑક્સિજન સિલિન્ડર્સ દ્વારા આ પુરવઠો ગુજરાતની જુદી જુદી હૉસ્પિટલોમાં નિઃશુલ્ક પહોંચાડવામાં આવ્યો. ગુજરાત ઉપરાંત રાજસ્થાનના પછાત વિસ્તારોમાં પણ આ ઑક્સિજનનાં સિલિન્ડર્સનું વિતરણ કરવામાં આવ્યું, જેમાં બાંસવાડા જિલ્લામાં, ડુંગરપુર જિલ્લામાં અને સિરોહી જિલ્લામાં સ્થાનિક પ્રશાસનના માધ્યમથી તેનું વિતરણ કરાયું.

સાથે સાથે સંસ્થા દ્વારા ૧,૩૦૦થી વધુ ઑક્સિજન કોન્સન્ટ્રેટર્સ પણ દર્દીઓની સેવામાં આપી દેવામાં આવ્યાં છે.

યુ.એ.ઈ. ઉપરાંત કેન્યા, યુગાન્ડા, સાઉથ આફ્રિકા, યુ.કે., અને યુ.એસ.એ. ખાતેનાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનાં મંદિરો દ્વારા પ્રાપ્ત થયેલાં આ ઑક્સિજન કોન્સન્ટ્રેટર્સ દર્દીઓ અને હૉસ્પિટલો સુધી પહોંચાડી દેવામાં આવ્યાં છે, જે હજારો દર્દીઓને શ્વાસ પૂરો પાડી રહ્યા છે.

આ કોન્સન્ટ્રેટર્સ દ્વારા ગ્રામીણ ક્ષેત્રોમાં હજારો દર્દીઓને અપાર રાહત આપવામાં આવી છે.

ગુજરાત સરકાર સાથેના સંયોજન દ્વારા નક્કી કરાયેલ હૉસ્પિટલોમાં બી.એ.પી.એસ. સંસ્થાએ આ ઑક્સિજન વિના મૂલ્યે દર્દીઓની સેવામાં પહોંચાડ્યો છે. લિક્વિડ



જામનગર



અમદાવાદ



મોરબી



પાટણ



પાલનપુર


ડુંગરપુર, રાજસ્થાન

ઑક્સિજન ટેન્કના આ પ્રથમ શિપમેન્ટ દ્વારા ગુજરાત આવી પહોંચેલ ઑક્સિજનના પુરવઠાનું, ડીસ્ટ્રીકટ સિવિલ હૉસ્પિટલ-મોરબી, ગુરુ ગોબિન્દસિંહ જનરલ હૉસ્પિટલ-જામનગર, સિવિલ હૉસ્પિટલ-પાલનપુર, જી.એમ.ઈ.આર.એસ. હૉસ્પિટલ-પાટણ અને યોગીજી મહારાજ હૉસ્પિટલ-અમદાવાદ વગેરે હૉસ્પિટલોમાં નિ:શુલ્ક વિતરણ કરવામાં આવ્યું છે.

ત્યારબાદ આ જ શૃંખલામાં લિક્વિડ ઑક્સિજનની ક્રાયોજેનિક ટેન્ક દ્વારા દુબઈથી ભારત પહોંચેલ પુરવઠામાંથી ઉપરોક્ત હૉસ્પિટલો ઉપરાંત પંડિત દીનદયાળ ઉપાધ્યાય હૉસ્પિટલ-રાજકોટ, સમરસ હૉસ્પિટલ-રાજકોટ, સિવિલ હૉસ્પિટલ-રાજકોટ, એ. કે. જનરલ હૉસ્પિટલ-ભુજ, શાસ્ત્રીજી મહારાજ હૉસ્પિટલ-વડોદરા વગેરે હૉસ્પિટલોને નિ:શુલ્ક ઑક્સિજન પહોંચાડવામાં આવ્યો.

## લંડનમાં જાગૃતિ અભિયાન

યુ.કે.માં 'સાયકલ ટુ સેવ લાઈવ્ઝ' અભિયાન દ્વારા બી.એ.પી.એસ. સંસ્થાના સ્વયંસેવકોએ સતત ૪૮ કલાક સુધી સ્ટેટિક રિલે સાયકલ ચેલેન્જ યોજીને લંડનથી દિલ્હી



બી.એ.પી.એસ. સંસ્થાના ૧૧,૦૦૦થી વધુ સ્વયંસેવકો-સંતોના નિ:સ્વાર્થ નેટવર્ક દ્વારા ભોજન સામગ્રીથી લઈને તબીબી સેવાઓનું સક્ષમ આયોજન કરવામાં આવ્યું. દુબઈથી આવેલા કોન્સન્ટ્રેટર્સ જરૂરિયાતમંદ હૉસ્પિટલોમાં પહોંચાડીને કોરોનાગ્રસ્ત દર્દીઓને ઑક્સિજન આપીને રાહત આપવામાં આવી.

સુધીનું એટલે કે ૨૦,૧૮૭ કિલોમીટરનું સાયકલીંગ કર્યું હતું. આ અભિયાનમાં ૭૮૭ સ્વયંસેવકોએ ભાગ લઈને બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના લંડન, લેસ્ટર, ચિગવેલ વગેરે ખાતેના મંદિરોમાં સાયકલીંગ દ્વારા ભારતમાં કોરોના પીડિતોની સેવા માટે જાહેર અપીલ કરી હતી. તેના પરિણામે જાગૃતિનું એક મોજું ફરી વળ્યું હતું. લંડનના મેયર શ્રી સાદિક ખાને પણ સંસ્થાની આ પ્રવૃત્તિમાં ભાગ લઈને સંસ્થાના કેમ્પેઇનને હૃદયપૂર્વક બિરદાવ્યું હતું. તેમની સાથે બ્રિટનના પ્રસિદ્ધ લોકનેતાઓ જેવા કે - બોબ બ્લેકમેન, બેરી ગાર્ડિનર સહિતના વિવિધ ક્ષેત્રોના ધુરંધરોએ આ અભિયાનમાં સાથ આપ્યો હતો. તેના કારણે ભારતમાં કોરોનાગ્રસ્ત દર્દીઓની સેવા માટે વિશાળ પાયે જાગૃતિ આવી છે, અને લોકોએ મદદનો હાથ લંબાવ્યો છે.

## બી.એ.પી.એસ. હૉસ્પિટલો દ્વારા કોવિડ-સેવા

અત્રે ઉલ્લેખનીય છે કે આ ઉપરાંત ગુજરાત ખાતે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની ચાર હૉસ્પિટલો દ્વારા સેંકડો દર્દીઓની કોવિડ-સારવાર કરવામાં આવી રહી છે, જેમાં પ્રમુખસ્વામી મહારાજ હૉસ્પિટલ-સુરત, શાસ્ત્રીજી મહારાજ હૉસ્પિટલ-વડોદરા, યોગીજી મહારાજ હૉસ્પિટલ-અમદાવાદ તેમજ બોટાદની બી.એ.પી.એસ. હૉસ્પિટલનો સમાવેશ થાય છે. આ લખાય છે ત્યાં સુધીમાં કુલ ૩૬૦૦ કરતાં વધુ કોવિડ દર્દીઓની સારવાર કરવામાં આવી છે. આ બી.એ.પી.એસ. હૉસ્પિટલોમાં ૩૯૫ બેડ્સ કોવિડ દર્દીઓ માટે ફાળવવામાં આવ્યા છે. આ ઉપરાંત હજારો દર્દીઓને આ બી.એ.પી.એસ. હૉસ્પિટલો દ્વારા સારવાર અને નિદાનનો લાભ મળ્યો છે.



સુરત, વડોદરા, અમદાવાદ અને બોટાદ ખાતેની બી.એ.પી.એસ. હોસ્પિટલોમાં કોરોના સંક્રમિત દર્દીઓ માટે ૩૯૫ બેડ્સ ફાળવવામાં આવ્યાં. આ હોસ્પિટલો દ્વારા ૩૬૦૦થી વધુ દર્દીઓની સારવાર કરવામાં સંસ્થાના તબીબો અને મેડિકલ સ્ટાફે ખૂબ ખંતપૂર્વક સેવા બજાવી...

આ ઉપરાંત, ગુજરાત સરકારના આરોગ્ય મંત્રાલયના સહયોગ સાથે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના વડોદરા-અટલાદરા ખાતેના મંદિર પરિસરમાં વિશાળ 'યજ્ઞપુરુષ સભાગૃહ'માં ૫૦૦ બૅડ્સની કોવિડ હૉસ્પિટલ તાત્કાલિક ધોરણે શરૂ કરવામાં આવી છે. બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા પૂરી પાડવામાં આવેલી ભોજન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેવાઓથી સેંકડો દર્દીઓ રાહત અનુભવી રહ્યા છે. આ કોવિડ હૉસ્પિટલની વિશેષતા એ છે કે અહીં બધા જ બૅડ્સ પર ઑક્સિજનની સુવિધા આપવામાં આવી છે. આ માટે તાત્કાલિક ૧૩,૦૦૦ લીટરની ક્ષમતાયુક્ત લિક્વિડ ઑક્સિજનની ટેન્ક ખડી કરવામાં આવી છે.

આ હૉસ્પિટલ ઊભી કરવામાં અટલાદરા ખાતેના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના કોઠારી પૂજ્ય ભાગ્યસેતુદાસ સ્વામી, પૂજ્ય જ્ઞાનવત્સલદાસ સ્વામી વગેરે સંતો તેમજ સંસ્થાના તબીબો અને અગ્રણી હરિભક્તોએ નોંધપાત્ર સેવા બજાવી છે.

તાત્કાલિક ધોરણે આ હૉસ્પિટલ ઊભી કરવા માટે સંસ્થાના ઉત્સવ-પ્રસંગોમાં વપરાતા શૌચાલયો, ઍરકુલરો વગેરે સુવિધાઓ દર્દીઓ માટે ફાળવી દેવામાં આવી છે.

૫૦૦ બૅડ્સની આ કોવિડ હૉસ્પિટલ ઉપરાંત અટલાદરા ખાતેના બી.એ.પી.એસ. શાસ્ત્રીજી મહારાજ હૉસ્પિટલ અંતગર્ત 'નિરામય કેન્દ્ર'માં ૩૫ બૅડ્સ કોવિડ દર્દીઓ માટે આરક્ષિત કરી દેવામાં આવ્યાં છે, જેમાં બધા જ ખાટલાઓ પર ઑક્સિજનની વ્યવસ્થા છે અને તે ઉપરાંત આઈ.સી.યુ. અને વેન્ટિલેટર્સની પણ સુવિધા રાખવામાં આવી છે. અટલાદરા ખાતેના બી.એ.પી.એસ. છાત્રાલયના ૫૦ ખંડો કોવિડ કૅર સેન્ટર તરીકે દર્દીઓ માટે ફાળવી દેવામાં આવ્યા છે, જેમાં વધુ ૧૦૦ જેટલા દર્દીઓની સારવારની વ્યવસ્થા










લંડન ખાતે સ્ટેટિક સાયકલ ચેલેન્જમાં લંડનના મેયર શ્રી સાદિક ખાનથી લઈને અનેક બ્રિટિશ લોકનેતાઓ ભારતને મદદની અપીલમાં જોડાયા. બી.એ.પી.એસ. સંસ્થા સાથે સ્નેહ-આદર ધરાવતા બ્રિટિશ એરવેઝના પાયલોટ અને સાથી સભ્યોએ તાત્કાલિક ધોરણે ઑક્સિજન કોન્સન્ટ્રેટર્સ અને રાહત સામગ્રી ભારત પહોંચાડવામાં સહાય કરી.

કરવામાં આવી છે.

## નિઃશુલ્ક ભોજન સેવા

આવી વિવિધ સ્તરીય મેડિકલ સેવાઓની સાથે સાથે જરૂરિયાતમંદોને બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા દર્દીઓ તેમજ કોરોનો વોરિસયર્સને ત્રણ ટાઈમ નિઃશુલ્ક ભોજન પણ પૂરું પાડવામાં આવી રહ્યું છે.

વલસાડ, રાજકોટ, અમદાવાદ, વડોદરા, સુરત વગેરે અનેક બી.એ.પી.એસ. મંદિરો-કેન્દ્રો દ્વારા હજારો જરૂરિયાતમંદ લોકોને તેમના ઘર સુધી નિઃશુલ્ક ભોજન પૂરું પાડવામાં આવી રહ્યું છે.

## રસીકરણ માટે જાગૃતિ અભિયાન

અત્રે ઉલ્લેખનીય છે કે આ બધી સેવાઓની સાથે સાથે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનાં જુદાં જુદાં કેન્દ્રોમાં રસીકરણની પ્રવૃત્તિને પણ વિશાળ પાયે વેગ આપવામાં આવી રહ્યો છે. રસીકરણ માટે જાહેર જાગૃતિ અભિયાન પણ હાથ ધરવામાં આવ્યું છે.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ તેમજ પૂજ્ય ડૉક્ટર સ્વામીએ જાહેર વીડિયો અપીલ કરીને સૌને રસીકરણમાં જોડાવા માટે પ્રેરણા આપી છે. તેમજ, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનાં સુરત, વડોદરા, અમદાવાદ, રાજકોટ અને નડિયાદથી લઈને છેક યુ.એસ.એ., ટોરન્ટો સુધી અનેક કેન્દ્રોમાં નિઃશુલ્ક રસીકરણની સેવાઓ સરકારશ્રીના સહયોગ સાથે હાથ ધરવામાં આવી છે.

## સંતો-સ્વયંસેવકોનું સમર્પિત નેટવર્ક

નોંધનીય છે કે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા ઑક્સિજન પૂરો પાડવાની તેમજ અન્ય સેવાઓની આ કાર્યવાહી ‘end to end’ એટલે કે દાતાથી માંડીને છેક દર્દી સુધી સફળતાથી નિભાવી રહી છે, તેની પાછળ સંતો અને




જયપુર, સિરોહી વગેરે જિલ્લાઓમાં દલિત પરિવારોનાં ઘરોમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા કોવિડ રાહત કાર્યના ઉપક્રમે ખાદ્યસામગ્રી અને રાશન પહોંચાડવામાં આવ્યાં...

સ્વયંસેવકોનું નિઃસ્વાર્થ નેટવર્ક માનવતાના આ કાર્યમાં હોમાઈ ગયું છે. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના સંતો, સ્વયંસેવકો, ડૉક્ટરો અને પેરામેડિકલ સ્ટાફ સહિત સૌ કોઈ દિવસ-રાત દર્દીઓના પ્રાણ બચાવવા માટે અથાક પુરુષાર્થ કરી રહ્યા છે. બી.એ.પી.એસ. સંસ્થાના વરિષ્ઠ સંતો - પૂજ્ય ડૉક્ટર સ્વામી, પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી વગેરે આ સમગ્ર વ્યવસ્થા તંત્રને અનુભવપૂર્ણ માર્ગદર્શન પૂરું પાડી રહ્યા છે.

વૈશ્વિક ફલક પર પથરાયેલી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનાં ૧૨૦૦થી વધુ મંદિરો અને ૧૧,૦૦૦થી વધુ સ્વયંસેવકો-સંતો દ્વારા કોરોનાની પ્રથમ લહેરમાં પણ ગત વર્ષે વિરાટ પાયે ભારત અને વિશ્વના અન્ય અસરગ્રસ્ત દેશોમાં નિઃસ્વાર્થ સેવાઓ કરવામાં આવી હતી. નેવું લાખથી વધુ લોકોને રાહતકિટ-કૅર કિટનું વિતરણ, એક કરોડ વીસ લાખથી વધુ ભોજનથાળી જેટલી ખાદ્યસામગ્રીનું વિતરણ, દસ લાખથી વધુ લોકોને ગરમ ભોજન, સંસ્થાની હૉસ્પિટલો અને મોબાઈલ દવાખાનાંઓ દ્વારા બે લાખથી વધુ દર્દીઓની સારવાર, અઢી લાખથી વધુ લોકોને ફોન દ્વારા કાઉન્સેલિંગ-માર્ગદર્શન, તેમજ સરકારશ્રીના ફંડમાં આર્થિક અનુદાન સહિત અનેકવિધ સેવાઓ કરીને બી.એ.પી.એસ. સંસ્થાએ લાખો લોકોની આંતરડી ઠારી હતી.

આ બીજી લહેરમાં પણ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાએ નાત-જાત-ધર્મ કે ઊંચ-નીચના ભેદભાવ વિના વિરાટ પાયે સેવાકાર્ય ઉપાડ્યું છે, જેના દ્વારા સંસ્થાના નિઃસ્વાર્થ સ્વયંસેવકો પર લાખો લોકોના અંતરના આશીર્વાદ વરસી રહ્યા છે.

(અહેવાલઃ સાધુ અક્ષરવત્સલદાસ) ◆

---

(અનુસંધાન પૃષ્ઠ ૬ પરથી) પ્રમુખસ્વામી મહારાજ એક 'પુરુષવિશેષ ઈશ્વર' છે. હું ખૂબ તોળી તોળીને આ વાત કહું છું. તેઓ આપણા ભારતીય સંસ્કૃતિના મહાન સ્તંભ સમાન મહાપુરુષ છે.

પ્રમુખસ્વામી મહારાજ આધ્યાત્મિક ક્ષેત્રમાં અમારો પ્રાણ છે. આધ્યાત્મિક જ્યોતિના જાગરણથી ભૌતિક જીવનમાં પણ જાગરણ આવે છે, તે તેમણે સિદ્ધ કરી બતાવ્યું છે. પ્રમુખસ્વામીજીના શરણમાં જે કોઈ આવે છે તેની સમસ્ત વૃત્તિ બદલાઈ જાય છે. 'અહિંસા પ્રતિષ્ઠાયાં તત્સન્નિધૌ વૈરત્યાગઃ'

શુક્લ યજુર્વેદના ચાલીસમા અધ્યાયમાં ઈશ્વરની વિસ્તૃત વ્યાખ્યા કરવામાં આવી છે. આ વ્યાખ્યા પ્રમુખસ્વામી મહારાજના વ્યક્તિત્વ સાથે બિલકુલ મળતી આવે છે.

સ્વામીજી! આપના દર્શનથી શાંતિ મળે છે. આપના જેવા સાધુપુરુષ વિશ્વમાં ક્યાંય નથી. હું એમ તો નહીં કહું કે આપે ભગવાન સ્વામિનારાયણ કરતાં વિશેષ કાર્ય કર્યું, પરંતુ એટલું તો ચોક્કસ કહીશ કે ભગવાન સ્વામિનારાયણે જે ઈમારતનો પાયો નાંખ્યો હતો તેનો આપના હસ્તે અત્યંત અત્યંત વિકાસ થયો છે. આપ તો મહાન પરમહંસ છો. આપની પરંપરા સશક્ત અને પ્રાણવંત છે.

મેં ગાંધીજીનાં દર્શન કર્યાં છે. હું તો એમ કહું છું કે ગાંધીજી રાષ્ટ્રીય આંદોલનના જનક હતા, તો આપ આધ્યાત્મિક આંદોલનના જનક છો.

આવા અજોડ વિશ્વકર્મા પ્રમુખસ્વામી મહારાજને મારાં કોટિ વંદન... (તા. ૧૮-૧૦-૨૦૦૫, નવી દિલ્હી) ◆

# ગુજરાત ઉપરાંત રાજસ્થાન, મહારાષ્ટ્ર, પંજાબ, હરિયાણા, હિમાચલ પ્રદેશ, દિલ્હી, કર્ણાટક વગેરે રાજ્યોમાં

# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા ઓક્સિજન કોન્સન્ટ્રેટર્સ વિતરણની સેવા




## ૩૯૨ હોસ્પિટલોમાં ઓક્સિજન કોન્સન્ટ્રેટર્સ દ્વારા તેમજ ઓક્સિજન પુરવઠા દ્વારા હજારો દર્દીઓની નિઃશુલ્ક સેવા

*પ્રગટ બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા કુલ ૩૯૨ હૉસ્પિટલોમાં ઑક્સિજન કોન્સન્ટ્રેટર્સ નિઃશુલ્ક પહોંચાડવામાં આવ્યાં. તેના દ્વારા હજારો દર્દીઓની ઑક્સિજનની ઊણપ પૂરી કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો. આ ઑક્સિજન કોન્સન્ટ્રેટર્સ અત્યારે અને આવનારા સમયમાં હજારો દર્દીઓના પ્રાણ બચાવશે. ગુજરાત ઉપરાંત, રાજસ્થાન, દિલ્હી, પંજાબ, હરિયાણા, હિમાચલ પ્રદેશ, ચંદીગઢ, મહારાષ્ટ્ર, કર્ણાટક વગેરે રાજ્યોમાં જરૂરિયાતમંદ ગ્રામીણ હૉસ્પિટલોમાં આ કોન્સન્ટ્રેટર્સ શીઘ્ર ગતિએ પહોંચાડાયાં છે. અહીં કોન્સન્ટ્રેટર્સ પ્રાપ્ત કરનાર હૉસ્પિટલોની એક ઉપલબ્ધ થયેલ યાદી પ્રસ્તુત છે. આ ઉપરાંત તેની છબિસ્મૃતિઓ પણ પ્રસ્તુત છે.*

## અમદાવાદ-ગાંધીનગર

- આચાર્ય કરસનદાસજી મહારાજ આરોગ્ય ધામ, પીરાણા
- રુદ્રાક્ષ હૉસ્પિટલ, બારેજા
- શાયોના ક્લિનિક, કમોડ
- સમર્પણ કોઠારી હૉસ્પિટલ, દહેગામ
- મિશિકા હૉસ્પિટલ, દહેગામ
- અક્ષરકૃપા હૉસ્પિટલ, અમદાવાદ
- પ્રમુખ હૉસ્પિટલ, અમદાવાદ
- પ્રમુખ હૉસ્પિટલ, અમદાવાદ
- શ્રીજી ક્લિનિક, અમદાવાદ
- એ. બી. શર્મા, અમદાવાદ
- આસ્થા ક્લિનિક, અમદાવાદ
- માહી ક્લિનિક, અમદાવાદ
- ઉમિયા ક્લિનિક, અમદાવાદ
- જોબ વીથ ઓપીસી, અમદાવાદ
- જન્ય ચાઈલ્ડ હેલ્થ કેર, અમદાવાદ
- અક્ષર ક્લિનિક, અમદાવાદ
- શાયોના ક્લિનિક, અમદાવાદ
- સેન્ટ્રા હૉસ્પિટલ, અમદાવાદ
- યોગી ક્લિનિક, અમદાવાદ
- હોમિયોપેથિક ક્લિનિક, અમદાવાદ
- મેડિક્સ મલ્ટિ-કેર ક્લિનિક, અમદાવાદ
- હાર્ટ કેર હૉસ્પિટલ ઍન્ડ મેડિકલ નર્સિંગ હોમ, અમદાવાદ
- શિલ્પ સર્જિકલ હૉસ્પિટલ, અમદાવાદ
- સિટી હૉસ્પિટલ, અમદાવાદ
- દેવસ્ય હૉસ્પિટલ, અમદાવાદ
- નમ્રમુનિ મહારાજ, અમદાવાદ
- અક્ષર હૉસ્પિટલ, અમદાવાદ
- બી.એ.પી.એસ. યોગીજી મહારાજ હૉસ્પિટલ, અમદાવાદ
- ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી, ધોળકા સેવા પરિવાર, મંગલ મંદિર માનવ સેવા પરિવાર, ધોળકા
- શરણમ્ હૉસ્પિટલ, ધોળકા
- ડી.આઈ.એમ.એચ. ધોળકા આઈ.સી.યુ. ઍન્ડ મલ્ટિ-સ્પેશ્યિાલિસ્ટ હૉસ્પિટલ, ધોળકા
- માહિર હૉસ્પિટલ, ધોળકા
- પાંગરા હૉસ્પિટલ, ગાંધીનગર
- પગરવ હૉસ્પિટલ, ગાંધીનગર
- ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, ગાંધીનગર
- ડૉ. જીતુભાઈ પટેલ, ગોઝારિયા
- શ્રી એમ. બી. પટેલ સાર્વજનિક હૉસ્પિટલ, ગાંધીનગર
- બી.એ.પી.એસ. ઑક્સિજન કેર, ગાંધીનગર

## હિમતનગર-મહેસાણા

- રુચિર હૉસ્પિટલ, મોડાસા
- મૈત્રી હૉસ્પિટલ, મોડાસા
- ડૉ. રસિકલાલ શાહ સાર્વજનિક હૉસ્પિટલ ટ્રસ્ટ, સાયરા - મોડાસા
- શ્રીજી ક્લિનિક, મોડાસા
- બી.એ.પી.એસ. ઑક્સિજન કેર, હિંમતનગર
- યુનિટ આઈ.સી.યુ. ઍન્ડ ટ્રોમા હૉસ્પિટલ, ઈડર
- નવજીવન હૉસ્પિટલ, હિંમતનગર
- રામા હૉસ્પિટલ, હિંમતનગર
- શ્રીજી ક્લિનિક, હડિયોલ
- ક્રિષ્ના સાર્વજનિક હૉસ્પિટલ, પીપલોદી
- માતૃ મલ્ટિ સ્પેશિયાલિસ્ટ, પ્રાંતિજ
- સ્વામી આઈ.સી.યુ., પાલનપુર
- યુનિક હાર્ટ ઍન્ડ વાસ્ક્યુલર સુપર-સ્પેશિયાલિટી હૉસ્પિટલ, પાલનપુર
- ગેલેક્સી હાર્ટ ઈન્સ્ટિટ્યૂટ, મહેસાણા
- નેહા મૅડિકલ ઍન્ડ હાર્ટ સેન્ટર, મહેસાણા
- હિમા હૉસ્પિટલ, વિસનગર
- આરોગ્યનિધિ હૉસ્પિટલ, ગોઝારિયા

## આણંદ-ખેડા

- શ્રદ્ધા હૉસ્પિટલ, આણંદ
- અક્ષર ક્લિનિક, આણંદ
- અક્ષર ક્લિનિક, નાપાડ
- શ્રીકૃષ્ણ હૉસ્પિટલ, કરમસદ
- શ્રીજી ક્લિનિક, બદલપુર
- શ્રીજી ક્લિનિક, ડાલી
- સ્વામી પોલિ ક્લિનિક, બોરસદ
- રાજ ક્લિનિક, ખડોધી
- અંજલી મલ્ટિ-સ્પેશ્યિાલિસ્ટ હૉસ્પિટલ, બોરસદ
- શ્રદ્ધા હૉસ્પિટલ, બોરસદ
- જલારામ હૉસ્પિટલ, બોરસદ
- ભવ્ય કોવિડ હેલ્થકેર સેન્ટર, બોરસદ
- એમ. એમ. પરીખ કાર્ડિયાક કેર, ખંભાત
- રિધમ હૉસ્પિટલ, ખંભાત
- પ્રમુખ ક્લિનિંગ, મિટલી-પરિયજ તારાપુર
- જીવનધારા હૉસ્પિટલ, ખંભાત
- શિવમ હૉસ્પિટલ, ખંભાત
- એસ. એસ. હૉસ્પિટલ, પેટલાદ
- સી.એચ.સી., સોજિત્રા
- સી.એચ.સી. મહેળાવ
- અક્ષર હૉસ્પિટલ, નડિયાદ
- પૂજન હૉસ્પિટલ, મહેમદાવાદ
- શ્રીજી ક્લિનિક, ચકલાસી
- સુરુચિ હૉસ્પિટલ, નડિયાદ

- કેયા હૉસ્પિટલ, નડિયાદ
- રુદ્ર હૉસ્પિટલ, નડિયાદ
- અમી હૉસ્પિટલ, નડિયાદ
- રાધાસ્વામી હૉસ્પિટલ, નડિયાદ
- વિક્રમ હૉસ્પિટલ, નડિયાદ
- મેથોડિસ્ટ મિશન હૉસ્પિટલ, નડિયાદ
- શાંતિ સેવા ટ્રસ્ટ, નડિયાદ
- વેદ હૉસ્પિટલ, નડિયાદ

### વડોદરા-ભરૂચ-છોટાઉદેપુર

- બી.એ.પી.એસ. શાસ્ત્રીજી મહારાજ હૉસ્પિટલ, અટલાદરા
- બી.એ.પી.એસ. પ્રમુખસ્વામી મહારાજ હૉસ્પિટલ, ડભોઈ
- શ્રીજી ક્લિનિક, બોડેલી
- મહાવીર હૉસ્પિટલ, બોડેલી
- અક્ષર ક્લિનિક એન્ડ નર્સિંગ હોમ, બોડેલી
- વલણ હૉસ્પિટલ, પાલેજ
- વેદાંત હૉસ્પિટલ, ભરૂચ
- વરિયા હૉસ્પિટલ, ભરૂચ
- જયાબેન મોદી હૉસ્પિટલ, ભરૂચ
- સેવાશ્રમ હૉસ્પિટલ, ભરૂચ
- પટેલ વેલફેર હૉસ્પિટલ, ભરૂચ
- વેલકેર હૉસ્પિટલ, ભરૂચ

### ભાવનગર-બોટાદ-અમરેલી

- પુનિત નર્સિંગ હૉમ, ભાવનગર
- બી.એ.પી.એસ. ઑક્સિજન કેર, ભાવનગર
- ડૉ. કળથિયા, ગઢડા
- ડૉ. એસ. એ. દેસાઈ, ગઢડા
- ડૉ. માંગુકિયા, ગઢડા
- ડૉ. મોરડિયા, ગઢડા
- ડૉ. ભરત ચલોડિયા, ગઢડા
- ડૉ. માધવાણી, ગઢડા
- ડૉ. પાટડિયા, ગઢડા
- ડૉ. એ. જી. લાખાણી, ગઢડા
- ડૉ. રજનીભાઈ પટેલ, દામનગર
- શિવ હૉસ્પિટલ, ઢસા
- મંગલમ્ હૉસ્પિટલ, ઢસા
- સુજલ હૉસ્પિટલ, બગસરા (અમરેલી)
- એમ. જી. કામલિયા મેમોરિયલ હૉસ્પિટલ, બગસરા (અમરેલી)
- સૌમિક આરોગ્ય કેન્દ્ર, ધારી
- હનુમંત હૉસ્પિટલ ટ્રસ્ટ, મહુવા
- નીલકંઠ હૉસ્પિટલ, મહુવા
- મહુવા ખરક આરોગ્ય હૉસ્પિટલ, મહુવા
- બવાડિયા હૉસ્પિટલ, ઊના
- ડૉક્ટર હાઉસ હૉસ્પિટલ, બોટાદ
- સાબિહા હૉસ્પિટલ, બોટાદ
- આશીર્વાદ હૉસ્પિટલ, બોટાદ
- શુકન હૉસ્પિટલ, બોટાદ
- રચના હૉસ્પિટલ, બોટાદ
- વડોદરિયા હૉસ્પિટલ, બોટાદ
- કોવિડ આઈસોલેશ સેન્ટર, પાટણા
- શ્રીજી મલ્ટિ-સ્પેશિયલ હૉસ્પિટલ, બોટાદ
- ધર્મ-ભક્તિ હૉસ્પિટલ, બોટાદ
- અંકુર હૉસ્પિટલ, બોટાદ
- પટેલ ઑર્થો. હૉસ્પિટલ, બોટાદ
- બી.એ.પી.એસ. ઑક્સિજન કેર, સારંગપુર
- શ્રી વિશાલ ગુપ્તા, બોટાદ

### રાજકોટ-જામનગર-કચ્છ

- આયુષ્યમાન હૉસ્પિટલ, રાજકોટ
- કાનાબાર હેલ્થકેર, રાજકોટ
- રોલેક્ષ એસ.એન.કે. કોવિડ સેન્ટર, રાજકોટ
- શ્રી જલારામ રઘુકુળ સાર્વજનિક હૉસ્પિટલ, રાજકોટ
- રામ સાર્વજનિક હૉસ્પિટલ, ગોંડલ
- ક્રિષ્ના મલ્ટિ સ્પેશ્યિાલિટી હૉસ્પિટલ, ગોંડલ
- ભક્તિ હૉસ્પિટલ, જેતપુર
- મોવિયા કોવિડ કેર સેન્ટર, મોવિયા
- સિવિલ હૉસ્પિટલ, ગોંડલ
- બી.એ.પી.એસ. ઑક્સિજન કેર, ગોંડલ
- સદ્ભાવના ચેરિટેબલ ટ્રસ્ટ હૉસ્પિટલ, મોરબી
- ગાયત્રી કોવિડ સેન્ટર, વાંકાનેર
- દિવ્ય ટ્રસ્ટ, વાંકાનેર
- પીર મશાયખાં હૉસ્પિટલ ટ્રસ્ટ, વાંકાનેર
- આદર્શ હૉસ્પિટલ, જામનગર
- બી.એ.પી.એસ. ઑક્સિજન કેર, જામનગર
- દિશાન લાઈફ કેર, ભુજ
- જીયા હૉસ્પિટલ, ભુજ
- એકોર્ડ હૉસ્પિટલ, ભુજ
- ભગત હૉસ્પિટલ, ભુજ
- યશ હૉસ્પિટલ, ભુજ
- વ્યોમ હૉસ્પિટલ, ભુજ

### જૂનાગઢ-સુરેન્દ્રનગર

- આસ્થા હૉસ્પિટલ ઍન્ડ આઈ.સી.યુ., જૂનાગઢ
- ત્રિમૂર્તિ હૉસ્પિટલ, જૂનાગઢ
- કે. જે. મલ્ટિ-સ્પેશ્યિાલિટી હૉસ્પિટલ, જૂનાગઢ
- અક્ષર હૉસ્પિટલ, જૂનાગઢ
- ક્રિટિકલ કેર યુનિટ, પોરબંદર
- ન્યૂ લાઈફ હૉસ્પિટલ, ઉપલેટા
- કોવિડ સેન્ટર, લોઢવા
- ગોકુલ હૉસ્પિટલ, જૂનાગઢ
- ચોથાણી હૉસ્પિટલ, જૂનાગઢ
- તીર્થ હૉસ્પિટલ, જૂનાગઢ
- શ્રી ધામ ગુરુકુળ કોવિડ કેર, જાલણસર

- શિવમ્ કોવિડ હૉસ્પિટલ, સોમનાથ
- રોટરી ક્લબ ટ્રસ્ટ, સુરેન્દ્રનગર
- વઢવાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, વઢવાણ
- ઉમિયા કેળવણી મંડળ, ધાંગધ્રા
- હનુમંત હૉસ્પિટલ, સુરેન્દ્રનગર
- ઑક્સિજન ક્લબ, સુરેન્દ્રનગર

## સુરત-વલસાડ-સેલવાસ

- નીલકંઠ હૉસ્પિટલ ઍન્ડ બેબી કેર સેન્ટર, સુરત
- સારથિ હૉસ્પિટલ, સુરત
- ધ મધર હૉસ્પિટલ, સુરત
- ધ્રુવ ચિલ્ડ્રન હૉસ્પિટલ, સુરત
- યોગી મલ્ટિ-સ્પેશ્યિાલિસ્ટ હૉસ્પિટલ, સુરત
- ગુજરાત હૉસ્પિટલ, સુરત
- સિમડા નાકા (આસ્થા અથવા અંશ) હોમિયોપેથી હૉસ્પિટલ, સુરત
- બી.એ.પી.એસ. પ્રમુખસ્વામી હૉસ્પિટલ, સુરત
- માનવ કલ્યાણ ટ્રસ્ટ, બુહારી
- જનક સ્મારક હૉસ્પિટલ, વ્યારા
- નર્મદા જનરલ હૉસ્પિટલ, અરેઠ
- સ્વર્ણિમ ગ્રૂપ ઑફ હૉસ્પિટલ કોવિડ કેર, બારડોલી
- ગ્રીન એપલ, બારડોલી
- શ્રી ચરોતર લેઉવા પાટીદાર સમાજની વાડી, ગાંગધરા
- આઇ એમ હ્યુમન ચૅરિટેબલ ટ્રસ્ટ, બારડોલી
- કાલિદાસ હૉસ્પિટલ, વ્યારા
- યોગીજી મહારાજ હૉસ્પિટલ, સેલવાસ
- નમો કોવિડ કેર ઍન્ડ સોહમ ચેરિટેબલ ટ્રસ્ટ, નવસારી
- લોટસ હૉસ્પિટલ, વલસાડ
- આર્કિડ હૉસ્પિટલ, વલસાડ
- અમિત હૉસ્પિટલ, વલસાડ
- અક્ષર હૉસ્પિટલ, વલસાડ
- મ્યુનિસિપલ હૉસ્પિટલ, વલસાડ
- કસ્તુરબા હૉસ્પિટલ, વલસાડ

## મહારાષ્ટ્ર-દક્ષિણ ભારત

- વરુણ રતનપાલ, મુંબઈ
- ભવાની હૉસ્પિટલ, નાગપુર
- રાધાક્રિષ્ના હૉસ્પિટલ, નાગપુર
- આર.એસ.એસ. ઑક્સિજન કેર, નાગપુર
- ગુજરાતી સમાજ, જબલપુર
- કે. જે. પુરુષોત્તમ રેડ્ડી, બેંગલોર

## નવી દિલ્હી

- બી.એ.પી.એસ. ઑક્સિજન કેર, નવી દિલ્હી
- શ્રી દિલ્હી ગુજરાતી સમાજ, નવી દિલ્હી
- નઝફઘર કોવિડ સેન્ટર, નવી દિલ્હી
- વિનાયક હૉસ્પિટલ, નવી દિલ્હી
- સનાતન ધર્મ પબ્લિક ટ્રસ્ટ, નવી દિલ્હી
- આદિત્ય હૉસ્પિટલ, નવી દિલ્હી
- નવજીવન હૉસ્પિટલ, નવી દિલ્હી
- પુરુષોત્તમ બંસલ ફાઉન્ડેશન, નવી દિલ્હી
- ઉદ્યોગનગર ચૅરિટેબલ ટ્રસ્ટ, નવી દિલ્હી

## હરિયાણા-પંજાબ-હિમાચલ પ્રદેશ

- આર.ડબલ્યુ.એ., સેક્ટર-૪૬, ગુરુગ્રામ, હરિયાણા
- બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, કુરુક્ષેત્ર
- અગરવાલ નર્સિંગ હોમ, કુરુક્ષેત્ર
- અર્પણા રિસર્ચ ઍન્ડ ચેરિટિઝ ટ્રસ્ટ, કરનાલ
- અમૃતધારા હૉસ્પિટલ, કરનાલ
- સેવાભારતી હરિયાણા પ્રદેશ, અંબાલા કેન્ટ
- રોટરી અંબાલા કેન્સર ઍન્ડ જનરલ હૉસ્પિટલ, અંબાલા કેન્ટ
- સંત હૉસ્પિટલ, અંબાલા સિટી
- એફ.આઇ.એમ.એસ. હૉસ્પિટલ, સોનીપત
- દરિયારામ હૉસ્પિટલ, સોનીપત
- બી.એ.પી.એસ. ઑક્સિજન કેર, જાલંધર
- વેદાંતા મલ્ટિ-સ્પેશ્યિાલિટી હૉસ્પિટલ, જાલંધર
- મેટ્રો હૉસ્પિટલ ઍન્ડ મેટરનિટી હોમ, જાલંધર
- ગુજરાતી મંડળ, સેક્ટર-૨૪ સી, ચંદીગઢ
- મહારાષ્ટ્ર મંડળ, સેક્ટર-૧૯ ડી, ચંદીગઢ
- શ્રી સનાતન ધર્મ સભા, સેક્ટર-૧૦, પંચકુલા
- બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, ન્યૂ સિમલા
- તેન્ઝીન હૉસ્પિટલ, પંથઘાટી, સિમલા
- સાસંદ શ્રી કિશન કપૂરજી, કાંગરા-ચંબા, ધરમશાલા

## રાજસ્થાન

- સિવિલ હૉસ્પિટલ, સિરોહી
- જયપુર, જોધપુર, સિરોહી વગેરે જિલ્લાના કલેક્ટરશ્રીઓને અર્પણ.

(**નોંધઃ** આ યાદી તૈયાર થઈ એ દરમ્યાન રાજસ્થાન અને અન્ય પ્રાંતોમાં ઑક્સિજન કોન્સન્ટ્રેટર્સનું વિતરણ ચાલી રહ્યું હોવાથી અન્ય લાભાર્થી હૉસ્પિટલોનાં નામો ભવિષ્યના અંકોમાં જોઈશું. )

## બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા ૩૯૨ ગ્રામીણ હૉસ્પિટલોમાં અપાયેલ ઑક્સિજન કોન્સટ્રેટર્સ પૈકી કેટલાંક સ્મૃતિ-દૃશ્યો



ભરૂચ



ભરૂચ


બદલપુર


ભાવનગર


ગોંડલ


ડાલી


હડિયલ


લોઢવા

બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા ૩૯૨ ગ્રામીણ હૉસ્પિટલોમાં અપાયેલ ઑક્સિજન કોન્સટ્રેટર્સ પૈકી કેટલાંક સ્મૃતિ-દૃશ્યો



જૂનાગઢ



મહુવા



ખડોધી



ખંભાત



નડિયાદ



હિમ્મતનગર



સાંકરી



સાયરા

## બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા ૩૯૨ ગ્રામીણ હૉસ્પિટલોમાં અપાયેલ ઑક્સિજન કોન્સટ્રેટર્સ પૈકી કેટલાંક સ્મૃતિ-દૃશ્યો


પાલનપુર


મોવિયા


પ્રાંતીજ


પીપલોદી


વ્યારા


પાટણ


ખંભાત


ઉપલેટા

## બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા ૩૯૨ ગ્રામીણ હૉસ્પિટલોમાં અપાયેલ ઑક્સિજન કોન્સટ્રેટર્સ પૈકી કેટલાંક સ્મૃતિ-દૃશ્યો



અંબાલા, હરિયાણા



સિમલા, હિમાચલ



દિલ્હી



દિલ્હી


ચંદીગઢ, પંજાબ


ધરમશાલા, હિમાચલ


કરનાલ, હરિયાણા


જાલંધર, પંજાબ









**મહંત સ્વામી મહારાજનાં કરમકળો વડે કોરોનાની બીજી લહેરમાં બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા રાહતકાર્યોનો આરંભ**

કોરોના મહામારીની બીજી લહેરે લાખો લોકોને ભરડામાં લીધા હતા એવા સમયે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાએ વિરાટ પાયે લોકસેવાઓનું કાર્ય હાથ ધર્યું હતું. સંસ્થા દ્વારા ઠેર ઠેર ઑક્સિજન કોન્સન્ટ્રેટર્સ પહોંચાડવામાં આવ્યાં, તાત્કાલિક ધોરણે કોવિડ હૉસ્પિટલ દ્વારા દર્દીઓની સારવાર કરવામાં આવી, ઑક્સિજનની અછતને પૂરી કરવા માટે બી.એ.પી.એસ. હિન્દુ મંદિર - અબુધાબી દ્વારા પ્રાપ્ય લિક્વિડ ઑક્સિજનની ક્રાયોજેનિક ટેન્ક દ્વારા હૉસ્પિટલોમાં ઑક્સિજન પહોંચાડવામાં આવ્યો. આ ઉપરાંત અસરગ્રસ્તોના ઘર સુધી ભોજન અને ખાદ્યસામગ્રીનું પણ વિતરણ કરવામાં આવ્યું. તેના કારણે હજારો લોકોને રાહત પહોંચી, હજારો લોકોના પ્રાણ બચ્યા. ઉપરોક્ત છબિઓમાં : ઑક્સિજન કોન્સન્ટ્રેટર્સનું પૂજન કરીને સેવાકાર્યોનો આરંભ કરતા સ્વામીશ્રી. કોન્સન્ટ્રેટર્સ અને ક્રાયોજેનિક ટેન્કના ઠેર ઠેર થયાં વધામણાં.

# ચાતુર્માસના વિશેષ નિયમો



**પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણની શિક્ષાપત્રી-આજ્ઞા મુજબ, પરમ પૂજ્ય ગુરુહરિ મહંત સ્વામી મહારાજની પ્રસન્નતા માટે પ્રતિવર્ષની જેમ આ વરસે પણ સર્વે હરિભક્તોએ ચાતુર્માસના નિયમો નીચે મુજબ ગ્રહણ કરવા. અષાઢ સુદ ૧૧, તા. ૨૦-૭-૨૦૨૧ થી કાર્તિક સુદ ૧૧, તા. ૧૫-૧૧-૨૦૨૧ સુધી આ નિયમોનું પાલન કરીને ભગવાન સ્વામિનારાયણ, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ તથા પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજની પ્રસન્નતા પ્રાપ્ત કરીએ :**

**વાંચનયજ્ઞ:** નીચે આપેલાં પુસ્તકોનું ચાતુર્માસ દરમ્યાન વાંચન કરવું.

૧. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ: ભાગ-૩ અને ભાગ-૪ (વિસ્તૃત જીવનચરિત્ર) વાંચન અથવા 'અક્ષર અમૃતમ્' એપ દ્વારા નિત્ય ૧૫ મિનિટ શ્રવણ કરવું.

૨. સાધુતાનું શિખર મહંત સ્વામી મહારાજ.

૩. ભગવાન શ્રી સ્વામિનારાયણનાં ભક્તરત્નો, ભાગ-૧ અને ૨ વાંચન અથવા 'અક્ષર અમૃતમ્' એપ દ્વારા શ્રવણ કરવું.

૪. નિત્ય વચનામૃત અને સ્વામીની વાતોનો પાઠ અથવા શ્રવણ.

**વ્રત-તપયજ્ઞ:** વર્તમાન કોરોનાની પરિસ્થિતિને લક્ષમાં લઈને રોગપ્રતિકારક શક્તિ જળવાય તે રીતે વ્રત-તપ કરવાં અથવા શ્રાવણ માસમાં એકટાણાં વ્રત કરવું.

**શ્રવણયજ્ઞ:** પ્રમુખસ્વામી મહારાજનાં પ્રસંગો તથા આશીર્વચનોનું દરરોજ ૭ થી ૧૦ મિનિટ શ્રવણ. દરરોજ એક ટ્રેક સાંભળવો.

**દર્શનયજ્ઞ:** શતાબ્દી મહોત્સવના ઉપક્રમે પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન વીડિયો દ્વારા દરરોજ ૭ થી ૧૦ મિનિટ કરવાં.

**ભક્તિયજ્ઞ:** દરરોજ પાંચ કે વધુ માળા અધિક ફેરવવી. અધિક દંડવત, અધિક પ્રદક્ષિણા વગેરે શ્રદ્ધા અનુસાર કરવાં. એક સ્નેહીને સત્સંગી થવા માટે પ્રેરણા આપવી અને તેમને તિલક-ચાંદલા સહિત નિત્યપૂજા કરતા કરવા. દરરોજ સ્વામીશ્રીના મહિમાનો પાંચ મિનિટ વિચાર કરવો. સ્વામીશ્રીનાં ગુણો, કાર્ય અને સ્વરૂપનો મહિમા વિચારવો.

**ગુણકથન યજ્ઞ:** દર અઠવાડિયે સ્વામીશ્રીનો એક નવો પ્રસંગ શક્ય તેટલા વધુ સગાં-સ્નેહીઓને રૂબરૂ કહીને કે પત્ર દ્વારા અથવા ઈ-મેઈલ, કે વોટ્સએપ/સોશિયલ મીડિયા વગેરે માધ્યમથી જણાવવો.

**પારિવારિક નિયમો:** ઘરસભા કરવી: પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી યોગયજ્ઞ અંતર્ગત વાંચન, શ્રવણ, દર્શન તથા મનનના જે નિયમો છે તે પ્રમાણે સામૂહિક રીતે ઘરસભામાં ગુરુવાંચન, ગુરુશ્રવણ અને ગુરુ મનન કરવું.
● દર મહિને એકવાર એક સંબંધી પરિવારને ઘરસભામાં બોલાવવા. આખું વર્ષ એક જ સંબંધી પરિવારને ઘરસભામાં બોલાવવા પણ દર મહિને નવા નવા પરિવાર આવે તેમ ન કરવું. ● એક નવા પરિવારને ઘરસભા કરતા કરવા. ◆


**સ્વામિનારાયણ અક્ષરપીઠની તમામ સામગ્રી ખરીદો હવે ઓનલાઈન...**

# બી.એ.પી.એસ. સ્ટોર

સ્વામિનારાયણ અક્ષરપીઠ

BAPS.STORE
SWAMINARAYAN AKSHARPITH

સ્વામિનારાયણ અક્ષરપીઠનું નૂતન સોપાન એટલે BAPS.STORE વેબસાઇટ. આ વેબસાઈટમાં ૭૦૦ કરતાં વધારે સામગ્રીઓ આપણે ઘરે બેઠાં પ્રાપ્ત કરી શકીએ છીએ. જેમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ અને ગુણાતીત ગુરુવર્યોનાં જીવનચરિત્રો, ઉત્તમ જીવનની પ્રેરણા આપતાં પ્રકાશનો તેમજ કેલેન્ડર્સ, ડાયરીઝ, માળા, કંઠી, નિત્યપૂજા સામગ્રી, વિવિધ પ્રકારની અગરબત્તીઓ, ઘરમંદિરો, લેમિનેટેડ મૂર્તિઓ, ગિફ્ટ આર્ટિકલ્સ, ટી-શર્ટ અને અન્ય સામગ્રીઓ પણ તમે ઓનલાઇન નિહાળીને પ્રાપ્ત કરી શકશો.

**(નોંધ : આ વ્યવસ્થા હાલ માત્ર ભારત પૂરતી ઉપલબ્ધ છે.)**




SHRI SWAMINARAYAN Charitra
સ્વામિનારાયણ ચરિત્ર :
એનિમેશન શ્રેણી ભાગ ૬
નીલકંઠ અને યોગાતીત રહસ્યો
ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય જીવન પર આધારિત એનિમેશન ફિલ્મ શ્રેણીનો છઠ્ઠો ભાગ પ્રસ્તુત કરતાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા ખૂબ આનંદ અનુભવે છે. આ એનિમેશન ફિલ્મ માણવા માટે અહીં દર્શાવેલ લિંક પર જાઓ.
www.baps.org/ssc
BAPS

Swaminarayan Prakash Gujarati, May-June-2021, Combind Issue Posted at Ahmedabad, P.S.O. 1st to 4th on Every Month. Licenced to post without prepayment No. PMG/NG/009/2021-23, Valid upto 31-12-2023. Regd No. GAMC-274/2021-2023, Valid upto 31-12-2023, RNI 33506/79.





## નેનપુરમાં વન્યકુંજ વચ્ચે સ્વામીશ્રીના સાંનિધ્યમાં પુષ્પદોલોત્સવની વિરલ સ્મૃતિ

નેનપુર ખાતે બિરાજતા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં પુષ્પદોલોત્સવની એક અનુભૂતિ લાખો હરિભક્તોએ ઘરેબેઠાં માણી હતી. પરંપરાગત બાર બારણાંના હિંડોળા વચ્ચે વન્યકુંજમાં ઠાકોરજી સહિત બિરાજતા પરમ પૂજ્ય સ્વામીશ્રીએ રંગવર્ષા કરીને લાખો હરિભક્તોને જાણે પ્રત્યક્ષ અધ્યાત્મના રંગે રંગ્યા હોય તેવી દિવ્યાનુભૂતિ કરાવી હતી...



Printed and Published by Sadhu Keshavjivandas on behalf of Swaminarayan Aksharpith. Printed at Swaminarayan Mudran Mandir, Shahibaug Rd., Ahmedabad - 4 and published from Swaminarayan Aksharpith, Shahibaug Rd., Ahmedabad-4. Editor - Sadhu Swayamprakashdas